અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

14 NOVEMBER-2025 FRIDAY | Vol. : 17 | Issue : 133 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અફઘાનિસ્તાન પાકિસ્તાન સાથે વ્યાપાર બંધ કરશે : તાલિબાને વેપારીઓને 3 મહિનાનો સમય આપ્યો

4  સ્વાદ એટલે કે આહાર રસનાં છ પ્રકાર છે, ગળ્યો, તીખો, ખાટો, ખારો, તૂરો, ને કડવો....

6  એસએસ રાજામૌલીની ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરાનો લુક રિલીઝ...

7  રિટેલ મોંઘવારી 14-વર્ષમાં સૌથી ઓછી, ઓક્ટોબરમાં 0.25% રહી : ખાવા-પીવાનો સામાન સસ્તો થવાની અસર...

### તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો

# દિલ્હી જ નહીં ચાર મોટા શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટનો હતો પ્લાન

## દિલ્હીમાં થયેલા વિસ્ફોટની તપાસમાં NIA એ ડૉ. મુઝમ્મિલને એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કરનાર નુહથી દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાની અટકાયત કરી

નવી દિલ્હી, તા.13





દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટ કેસની તપાસમાં સતત મોટા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, તપાસ એજન્સીઓએ મહત્ત્વપૂર્ણ માહિતીનો પર્દાફાશ કર્યો છે. આતંકીઓની યોજના માત્ર દિલ્હી જ નહીં પરંતુ અન્ય ચાર શહેરોમાં આતંક મચાવવાની હતી. લગભગ આઠ શંકાસ્પદ આતંકીઓએ ચાર શહેરોમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનો પ્લાન હતો.

અહેવાલો અનુસાર, આ આઠ શંકાસ્પદોએ ચાર અલગ અલગ શહેરોમાં હુમલો કરવાની યોજના બનાવી હતી. આ હેતુ માટે ચાર ગ્રૂપ બનાવવામાં આવ્યા હતા, જેમાં દરેકમાં બે સભ્યો હતા. દરેક ગ્રૂપ પાસે અનેક ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વહન કરવાના હતા. બધી ટીમો ચાર શહેરોમાં એક સાથે બોમ્બ વિસ્ફોટ કરવાના હતા. સુરક્ષા એજન્સીઓ હવે આ શંકાસ્પદોની પ્રવૃત્તિઓ અને નેટવર્કની તપાસ કરી રહી છે. ૧૦મી નવેમ્બરે દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ મામલે પોલીસ અને ફોરેન્સિક ટીમે પુષ્ટિ કરી છે કે હ્યુન્ડાઈ i20 કારમાં વિસ્ફોટક હતો અને તે કારમાં આતંકી ડૉક્ટર ઉમર નબી ઉર્ફે ઉમર મોહમ્મદ જ સવાર હતો. કારના કાટમાળ પર મળેલા DNAના આધારે આતંકી ઉમર નબીની પુષ્ટિ થઈ છે, તેના સેમ્પલ તેના પરિવાર સાથે ૧૦૦ ટકા મેચ થયા છે. જે બાદ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ બ્લાસ્ટ ઉમર નબીએ જ કર્યો હતો જેના કારણે ૧૨ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો જ્યારે ૨૦ ઈજાગ્રસ્ત થયા.

દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટની તપાસને વધુ તીવ્ર બનાવવા માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની એક ટીમ નુહ (મેવાત) પહોંચી છે. તપાસ એજન્સીએ ફરીદાબાદમાં ધરપકડ કરાયેલા ડૉ. મુઝમ્મિલને વિસ્ફોટકો પૂરા પાડવાના આરોપસર પિંગવાન શહેરના એક ખાતર અને બીજ વેપારીની અટકાયત કરી છે, જેની ઓળખ દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાના નામથી થઈ છે. આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ભય ફેલાયો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલા અનેક ધાર્મિક અને સામાજિક સંગઠનો સાથે સંકળાયેલો છે. વધુ નફાની લાલચમાં, તેણે અત્યાર સુધીમાં આશરે ૩૦૦ કિલોગ્રામ એમોનિયમ નાઈટ્રેટ સપ્લાય કર્યું છે, જે વિસ્ફોટકો બનાવવામાં વપરાતી મુખ્ય વસ્તુ માનવામાં આવી રહી છે. દિનેશ ઉર્ફે ડબ્બુ સિંગલાનું મૂળ ગામ શિકારવા છે, અને તે લગભગ ૨૦-૩૦ વર્ષથી પિંગવાન શહેરમાં રહે છે. આ ઘટના બાદ, પરિવાર ભયમાં છે અને મીડિયાથી સંપૂર્ણ અંતર જાળવી રહ્યો છે અને બોલવાનું ટાળી રહ્યો છે. સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, જ્યારે ડ્ગૈંછ ટીમ સમગ્ર જિલ્લામાં દરોડા પાડી રહી હોવાના અહેવાલ છે. વધુમાં, ગુપ્તચર એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. જિલ્લામાં NGO દ્વારા કાર્યરત સંસ્થાઓમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

મેવાતમાં ખાતર, બીજ વેચનારાઓમાં ભયનો માહોલ ફેલાયો છે, કારણ કે NIA ટીમ તમામ શંકાસ્પદ સપ્લાયર્સની તપાસ કરી રહી છે. તપાસ આગળ વધતાં વધુ ધરપકડ થવાની ધારણા છે. ઉલ્લેખનીય છે કે, ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીના ડૉ. મુઝમ્મિલની ૩ હજાર કિલો વિસ્ફોટકો સાથે ધરપકડ કરવામાં આવી છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે આ વિસ્ફોટક એમોનિયમ નાઈટ્રેટ નુહમાંથી ખરીદ્યું હતું.

## લક્ઝરી પેટ્રોલ-ડીઝલ ગાડી પર તબક્કાવાર પ્રતિબંધ લગાવો: EV વાહનોને પ્રોત્સાહન આપવા SCની સલાહ



નવી દિલ્હી, તા.13

દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (EV)ને પ્રોત્સાહન આપવા માટે સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ સૂચન કર્યું છે. કોર્ટે કહ્યું છે કે, પેટ્રોલ અને ડીઝલથી ચાલતી લક્ઝરી ગાડીઓને તબક્કાવાર રીતે બંધ કરવા પર વિચાર કરી શકાય છે. એટર્ની જનરલ આર. વેંકટરમણીએ કોર્ટને જણાવ્યું કે, સરકાર પણ આ વિચાર સાથે સહમત છે અને 13 મંત્રાલયો આ દિશામાં સક્રિયપણે કાર્યરત છે.

જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠે સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશન (CPIL)ની જાહેર હિતની અરજી પર સુનાવણી દરમિયાન આ સૂચન કર્યું.

જસ્ટિસ સૂર્ય કાંતનું નિરીક્ષણ કર્યું કે, "હવે બજારમાં મોટા અને ઉચ્ચ સ્તરીય ઈલેક્ટ્રિક વાહનો પણ ઉપલબ્ધ છે, તેથી શરૂઆત ઉચ્ચ શ્રેણીના પેટ્રોલ/ડીઝલ વાહનો પર પ્રતિબંધથી કરી શકાય છે. હવે ઈલેક્ટ્રિક વાહનોમાં પણ મોટા અને આરામદાયક મૉડેલ આવી ગયા છે. તો કેમ ન પહેલાં ખૂબ મોંઘી ગાડીઓ પર રોક લગાવવામાં આવે? આનાથી સામાન્ય માણસ પ્રભાવિત નહીં થાય કારણ કે આવી ગાડીઓ ફક્ત બહુ ઓછા લોકો ખરીદી શકે છે."

વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે દલીલ કરી કે, અગાઉ ઈલેક્ટ્રિક વાહનોની કિંમતો વધુ હતી, તેથી પ્રોત્સાહન યોજનાઓ લાવવામાં આવી. હવે મુખ્ય પડકાર ચાર્જિંગ સ્ટેશનોની અછત છે.

આના પર કોર્ટે ટિપ્પણી કરી કે, "જેમ જેમ રસ્તાઓ પર ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા વધશે, તેમ તેમ ચાર્જિંગ સ્ટેશનોની સંખ્યા પણ આપમેળે વધી જશે. આ બજાર સાથે જોડાયેલા મામલા છે. જ્યારે ઈલેક્ટ્રિક વાહનો વધશે તો ચાર્જિંગ સ્ટેશનો પણ આવશે.

## 'દરેક કાશ્મીરી આતંકવાદી નથી, અમુક લોકોએ' દિલ્હી બ્લાસ્ટ પર ઓમર અબ્દલ્લાનું નિવેદન...

જમ્મુ-કાશ્મીર, તા.13



જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ નવી દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા આતંકી હુમલાની સખત નિંદા કરી છે, જેમાં ઓછામાં ઓછા 12 લોકોનાં મૃત્યુ નિપજ્યા છે. ઓમર અબ્દુલ્લાએ સ્પષ્ટપણે કહ્યું કે, નિર્દોષ લોકોની હત્યા કોઈ પણ ધર્મ કે મજહબમાં મંજૂરી આપવામાં નથી આવી. તેમણે ખાતરી આપી કે આ ઘટનાની તપાસ ચાલુ છે અને દોષિતોને કોઈપણ ભોગે બક્ષવામાં આવશે નહીં. મુખ્યમંત્રીએ આ હુમલાના સંદર્ભમાં સમગ્ર કાશ્મીરી સમુદાયનો બચાવ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, "જમ્મુ-કાશ્મીરનો દરેક નાગરિક આતંકવાદી નથી અને ન તો તેનો આતંકવાદીઓ સાથે કોઈ સંબંધ છે. આપણે ધ્યાન રાખવું પડશે કે થોડા લોકોની ખોટી હરકતોને કારણે આખા પ્રદેશ કે સમુદાયને કઠેડામાં ઊભો કરવો ન્યાયસંગત નથી. જ્યારે આપણે દરેક કાશ્મીરી મુસલમાનને એક જ વિચારધારા સાથે જોડી દઈએ છીએ, ત્યારે સમાજમાં ગેરસમજો વધે છે અને યુવાનોને સાચા માર્ગ પર લાવવું મુશ્કેલ બની જાય છે.

દિલ્હી કાર બ્લાસ્ટ અને ફરીદાબાદમાં પકડાયેલા આતંકી મોડ્યુલના સંદર્ભમાં, જેમાં શિક્ષિત લોકોની સંડોવણીના આક્ષેપો છે, ઓમર અબ્દુલ્લાએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, "આ ચિંતાનો વિષય છે કે આતંકવાદી પ્રવૃત્તિઓમાં ડૉક્ટરો અને શિક્ષિત વર્ગના લોકો સામેલ હોવાનું જાણવા મળી રહ્યું છે. શું આપણે આ પહેલાં યુનિવર્સિટીના પ્રોફેસરોને નથી જોયા જેમને આવા મામલાઓમાં નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા, પરંતુ તપાસ અધૂરી રહી? આખરે કેસ શા માટે ન ચલાવાયો? જો સમાજના ભણેલા-ગણેલા લોકો પણ આ માર્ગે જઈ રહ્યા છે, તો તે આપણા બધા માટે આત્મચિંતનનો વિષય છે." મુખ્યમંત્રીએ પોતાની વાતનું પુનરાવર્તન કરતા કહ્યું કે, આ હુમલાના દોષિતોને સખત સજા મળવી જોઈએ, પરંતુ નિર્દોષ લોકોને કોઈપણ ભોગે ફસાવવા જોઈએ નહીં. તેમણે કહ્યું કે ન્યાય ત્યારે જ શક્ય છે.

### કંગના રનૌત વિરુદ્ધ ચાલશે રાજદ્રોહનો કેસ!

# એક્ટ્રેસે ખેડૂત આંદોલનમાં રેપ-મર્ડર થયાં હોવાનું વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું, આગ્રા કોર્ટે રિવિઝન અરજી મંજૂર કરી...

નવી દિલ્હી, તા.13

ભાજપ સાંસદ અને બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતની મુશ્કેલીમાં વધારો થયો છે. કંગના વિરુદ્ધ ખેડૂતોનું અપમાન અને રાજદ્રોહનો કેસ ચાલશે. સ્પેશિયલ જજ MP-MLA લોકેશ કુમારની કોર્ટમાં બુધવારે સુનાવણી થઈ. તેમાં કોર્ટે કંગના વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી રિવિઝન અરજી સ્વીકારી લીધી છે. કોર્ટે કહ્યું કે, હવે આ કેસ એ જ નીચલી કોર્ટમાં ચાલશે, જેણે કંગનાનો કેસ ફગાવી દીધો હતો. અગાઉ, 10 નવેમ્બર (સોમવાર)ના રોજ, કોર્ટે કંગનાના વકીલોની દલીલો સાંભળ્યા બાદ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. કંગના સામેનો કેસ IPCની કલમ 356 અને 152 હેઠળ ચલાવવામાં આવશે. કંગના રનૌત હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપ સાંસદ છે. તેની વિરુદ્ધ ખેડૂતોનું અપમાન કરવા અને રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેના પર રાજદ્રોહનો આરોપ લગાવવાની માંગ કરવામાં આવી રહી છે. આજ સુધી, કંગના કોર્ટમાં હાજર થઈ નથી. તેને છ સમન્સ પાઠવવામાં આવી ચૂક્યા છે.

હકીકતમાં, 11 સપ્ટેમ્બર 2024ના રોજ વકીલ રમાશંકર શર્માએ કંગના રનૌત વિરુદ્ધ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં તેના પર રાજદ્રોહનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, કંગનાએ 26 ઓગસ્ટ 2024ના રોજ એક ઈન્ટરવ્યૂમાં ખેડૂતો વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. આનાથી લાખો ખેડૂતોની



લાગણીઓને ઠેસ પહોંચી હતી.

કંગનાના નિવેદનથી ખેડૂતોની લાગણીઓને ઠેસ પહોંચી છે એડવોકેટ રમાશંકર શર્માએ કહ્યું, 'હું પણ ખેડૂત પરિવારમાંથી આવું છું. મેં 30 વર્ષ ખેતી કરી છે. મને ખેડૂતો અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પ્રત્યે આદર છે. કંગનાએ અમારી અને લાખો ખેડૂતોની લાગણીઓને ઠેસ પહોંચાડી છે. 31 ઓગસ્ટે મેં પોલીસ કમિશનર અને નવા આગ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મોકલી, જેમાં કાર્યવાહીની માંગણી કરવામાં આવી હતી.'

રામાશંકર શર્માએ દિવ્ય ભાસ્કરને જણાવ્યું હતું કે, '27 ઓગસ્ટના રોજ, મેં અખબારો વાંચ્યા. તેમાં જણાવાયું હતું કે, કંગનાએ કહ્યું હતું કે, 'ઓગસ્ટ 2020થી ડિસેમ્બર 2021 સુધી, ખેડૂતો દિલ્હી બોર્ડર પર કાળા કાયદાઓ સામે વિરોધ કરી રહ્યા હતા. તે સમય દરમિયાન, રેપ અને હત્યાઓ થઈ. જો દેશનું નેતૃત્વ મજબૂત ન હોત, તો દેશની સ્થિતિ બાંગ્લાદેશ જેવી હોત.' આનો સ્પષ્ટ અર્થ એ છે કે તેણે ખેડૂતોને ખૂની, દુષ્કર્મ આચરનાર, આતંકવાદી અને ઉગ્રવાદી ગણાવ્યા. ખેડૂતોના વિરોધ પ્રદર્શન દરમિયાન કંગના રનૌતે અનેક નિવેદનો આપ્યા હતા. તેણે સોશિયલ મીડિયા પર આંદોલનકારીઓની સરખામણી ખાલિસ્તાની આતંકવાદીઓ સાથે કરી હતી. તેણે લખ્યું હતું કે, 'ખાલિસ્તાની આતંકવાદીઓ આજે સરકાર પર દબાણ લાવી રહ્યા છે, પરંતુ આપણે મહિલા વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીને ભૂલવા ન જોઈએ. ઈન્દિરા ગાંધીએ તેમને જૂતા નીચે કચડી નાખ્યા હતા.'

ખેડૂતોના વિરોધ પ્રદર્શન દરમિયાન, કંગનાએ 27 નવેમ્બર, 2020ના રોજ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી. તેમાં, તેણે એક મહિલાનો ફોટો પોસ્ટ કર્યો હતો અને લખ્યું હતું કે ખેડૂતોના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારી આ મહિલા પ્રખ્યાત બિલ્કીસ દાદી હતી. તે શાહીન બાગના વિરોધ પ્રદર્શનમાં પણ હાજર હતી અને 100 રૂપિયામાં ઉપલબ્ધ છે.



## મૂર્ધાને મૂર્ધાની ચાલ ચલાવતી રાજકોટ પોલીસ

# ફાયરિંગ કરનાર મૂર્ધા ગેંગના સમીર ઉર્ફે મૂર્ધો અને ભાણાને દોરડા બાંધી મહિલા પોલીસે જાહેરમાં બે હાથ જોડી માફી મંગાવી

**રાજકોટ, તા.13**

રાજકોટ શહેરના મંગળા રોડ પર 29 ઓક્ટોબરના રોજ પેંડા અને મૂર્ધા ગેંગ વચ્ચે થયેલ સામસામે અંધાધૂંધ ફાયરિંગ કેસમાં પોલીસે 13 દિવસ બાદ ગઈકાલે સમીર ઉર્ફે મૂર્ધા સહિત 3 આરોપીની ધરપકડ કરી હતી જે બાદ આજે(13 નવેમ્બર) સમીર ઉર્ફે મૂર્ધો અને સોહીલ ઉર્ફે ભાણો ચાનીયાને ઘટનાસ્થળ પર લઇ જઈને રિકન્સ્ટ્રક્શન કરાવાયું હતું. આ દરમિયાન બંને આરોપીએ હાથ જોડી માફી માંગી હતી. ઉલ્લેખનીય છે કે મૂર્ધા ગેંગના મુખ્ય આરોપી સમીર ઉર્ફે મૂર્ધો અને તેના સાગરીત સોહીલ ઉર્ફે ભાણો ચાનીયાને મૂર્ધાની ચાલ ચલાવવામાં આવી હતી.



ગત 29 ઓક્ટોબરના રોજ મંગળા રોડ પર પ્રગતિ હોસ્પિટલ પાસે ફાયરિંગની ઘટના બની હતી. જેમાં ફાયરિંગ કરનાર મુખ્ય આરોપ સમીર ઉર્ફે મૂર્ધો અને તેના બે સાગરીતો મળી વધુ ત્રણ આરોપીઓને ગઈકાલે ઝડપી પાડવામાં આવ્યા હતા. જે બાદ આજે રાજકોટ શહેર SOG પોલીસની ટીમે ફાયરિંગ કરનાર મુખ્ય આરોપી સમીર ઉર્ફે મૂર્ધો અને સોહીલ ઉર્ફે ભાણો ચાનીયાને મંગળા રોડ પર ઘટનાસ્થળ પર લઇ જઈ રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. જેમાં આરોપીઓ કઈ બાજુથી આવી કેવી રીતે ફાયરિંગ કર્યું અને ફાયરિંગ કર્યા બાદ કઈ બાજુ નાસી છૂટ્યા હતા તેની નોંધ કરી હતી. હાલ આરોપીઓનું પંચોની હાજરીમાં રિકન્સ્ટ્રક્શન કરાવી બાદમાં રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે. પોલીસ રિમાન્ડ દરમિયાન આરોપીઓ અત્યાર સુધી ક્યાં ક્યાં નાસ્તા ફરતા હતા, તેમને કોણે આશરો આપ્યો હતો અને ફાયરિંગમાં વપરાયેલ હથિયાર કોની પાસેથી લાવ્યા હતા સહિતની દિશામાં તપાસ હાથ ધરી છે.

ફાયરિંગ કેસમાં અત્યાર સુધી પેંડા ગેંગના 13 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને મૂર્ધા ગેંગના 7 આરોપી મળી કુલ 20 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગઈકાલે ઝડપાયેલા આરોપી સમીર ઉર્ફે મૂર્ધો તેના સાગરીતો સાથે નાસી છૂટ્યો હતો જેને પકડવા માટે પોલીસની અલગ અલગ ટીમોએ રાજસ્થાન, યુપી, અને એમપી સહિત અલગ અલગ જગ્યાએ દરોડા પાડી શોધખોળ હાથ ધરી હતી. આરોપીઓ રાજકોટ તરફ આવતા હોવાની બાતમીના આધારે રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસણ ગામ નજીક આરોપી મળી આવતા સમીર ઉર્ફે મૂર્ધો ઉર્ફે ટકો પઠાણ, શાહનવાઝ ઉર્ફે નવાઝ વેતરણ અને સોહીલ ઉર્ફે ભાણો ચાનીયાની ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓની પ્રાથમિક પૂછપરછમાં સમીર ઉર્ફે મૂર્ધો ઉર્ફે ટકો પઠાણ, અને સોહીલ ઉર્ફે ભાણો ચાનીયા દ્વારા ફાયરિંગ કરાયું હોવાનું સામે આવ્યું છે, જ્યારે શાહનવાઝ ઉર્ફે નવાઝ વેતરણ બનાવ સમયે સ્થળ પર હાજર હતો અને ગુનામાં તેની મદદગારી પણ હોવાનું સામે આવ્યું છે.

મકરસંક્રાંતિના દિવસે ગોકુલધામ વિસ્તારમાં જંગલેશ્વરનો સોહેલ પોતાની ગર્લફ્રેન્ડ સાથે નીકળ્યો હતો ત્યારે પેંડા ગેંગના સાગરીતો પરેશ ઉર્ફે પરીયો, યાસીન ઉર્ફે ભુરો, મેટીયો ઝાલા સહિતનાઓએ સોહેલની ગર્લફ્રેન્ડનો હાથ પકડી બિભત્સ માંગણી કરી તું અમારી સાથે આવ કહી સોહેલ પર હુમલો કર્યો હતો. જે હુમલામાં સોહેલને ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો અને પેંડા ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યા બાદ જેલમાં ધકેલાયા હતાં. જેલમાંથી પરેશ બહાર આવતા બદલો લેવા મૂર્ધા ગેંગે તેના પર ફાયરિંગ કર્યુ હતું અને આ પછી પરેશ ઉર્ફે પરીયો ગઢવી દ્વારા 15 ઓગસ્ટના રોજ શાહનાવઝ ઉપર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આમ છેલ્લા 10 મહિનાથી બંને ગેંગ વચ્ચે ત્રણ-ત્રણ વખત સામસામે ફાયરિંગની ઘટના બની છે જેથી પોલીસે પેંડા ગેંગના 17 આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

ફાયરિંગ કરનાર મુખ્ય આરોપી સમીર ઉર્ફે મૂર્ધો ઉર્ફે ટકો અગાઉ રાજકોટ શહેર પોલીસમાં અલગ 12 જેટલા ગુનામાં ઝડપાઇ ચૂક્યો છે, જ્યારે શાહનવાઝ ઉર્ફે નવાઝ વિરુદ્ધ અગાઉ રાજકોટ શહેરમાં બે તથા આરોપી સોહીલ ઉર્ફે ભાણા વિરુદ્ધ અલગ-અલગ ચાર જેટલા ગુના નોંધાઈ ચૂક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. ત્યારે હવે આવતા દિવસોમાં મૂર્ધા ગેંગ સામે પણ ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવામાં આવે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે.

## દબંગ નેતા મધુ શ્રીવાસ્તવ નવો પક્ષ બનાવશે

# 'ખુલ્લેઆમ કરપ્શન ચાલે છે, સરકાર કઈ કરતી નથી, ભ્રષ્ટાચારને નાબૂદ કરવા અમે નવું નેતૃત્વ બનાવી રહ્યા છીએ'

**વડોદરા, તા.13**

વાઘોડિયાના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને દબંગ નેતા મધુ શ્રીવાસ્તવે ભાજપ છોડ્યા બાદ હવે નવો પક્ષ બનાવવાની જાહેરાત કરી છે, જેને લઈને તેઓ આજે વડોદરા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને વડોદરા જિલ્લા ચૂંટણી અધિકારી સાથે મુલાકાત કરી હતી. આ સમયે મધુ શ્રીવાસ્તવે મીડિયા સાથેની વાતચીતમાં સરકાર સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ખુલ્લેઆમ કરપ્શન ચાલે છે. ખુલ્લેઆમ બે નંબરના ધંધા ચાલે છે. સરકાર કે કોઈ કઈ કરતું નથી, એના માટે નવો પક્ષ બનાવવા જઈ રહ્યા છીએ. વાઘોડિયાના ભાજપના પૂર્વ ધારાસભ્ય અને દબંગ નેતા મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, બધી જાતિના લોકોને સાથે રાખીને અમારો આગવો પક્ષ બનશે. જેમાં ભાજપ અને કોંગ્રેસ નહીં હોય. અમારું ત્રીજું નેત્ર હશે, ત્રીજું નેત્ર લઈને સચ્ચાઈ પર ચાલનાર, સાચા કામ કરનારા એવા ઉમેદવારને ઊભા રાખીને ચૂંટાઈ લાવીશું અને વડોદરા શહેરને, વડોદરા જિલ્લા, તાલુકાનો સારો વિકાસ કરવાના પ્રયાસ કરીશું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આવનારી નવી પેઢી આગળ વધે અને સચ્ચાઈ પર ચાલે. આજકાલ જે કઈ પણ છે, તે અંગે કોઈ પણ કઈ નહીં કહે, પણ હું કહું છું કે ખુલ્લેઆમ કરપ્શન ચાલે છે. ખુલ્લેઆમ બે નંબરના ધંધા ચાલે છે. સરકાર કે કોઈ કઈ કરતું નથી. આ મુદ્દે યુવાઓને આગળ લાવવા માટે લઈને એક સચ્ચાઈની રાહ પર ચાલે એ પ્રયત્ન કરવાનો છે. તેઓએ ઉમેર્યું હતું કે, અમે લગભગ અમે 40થી 50 ઉમેદવાર ઊભા રાખીશું અને જે સારા હશે એમને જ ઊભા રાખીશું. એવું નહીં થાય કે, ચૂંટાઈને બીજી પાર્ટીમાં જતા રહે. એ અમારી સાથે રહે અને સાચા કામ કરે, નિષ્ઠાવાન હશે, એવા લોકોને ટિકિટ આપીને લડાવવાના છે. કોર્પોરેશનની કામગીરી, જિલ્લા પંચાયતની કામગીરી, તાલુકા પંચાયતની કામગીરીના અંદર ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે. એ ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે અમે નવું નેતૃત્વ બનાવી રહ્યા છીએ.



ઉલ્લેખનીય છે કે, મધુ શ્રીવાસ્તવ વાઘોડિયા બેઠક પર વર્ષ 1995માં અપક્ષમાંથી ચૂંટાયા બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા અને સતત 6 ટર્મથી ચૂંટણી જીતતા આવ્યા હતા. જોકે 2022ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે મધુ શ્રીવાસ્તવને ટિકિટ ન આપતા તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા. જોકે તેઓ ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા સામે હારી ગયા હતા. ત્યારબાદ હવે તેઓ પોતાનો નવો પક્ષ બનાવવા જઈ રહ્યા છે. મધુ શ્રીવાસ્તવ પોતાના નિવેદનને લઈને સતત વિવાદોમાં રહેતા આવ્યા છે. તેઓ અધિકારીઓ સામે 14મુ રતન બતાવવાની પણ ધમકી આપી ચૂક્યા છે.

# સુરત ઓનલાઈન બેટિંગ સ્કેમ કેસ : EDએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 81 લાખની મિલકત સીઝ કરી

## નકલી કંપનીઓના નામે ખોલાયેલા બેંક એકાઉન્ટનો ઉપયોગ કરાતો

**સુરત, તા.13**

સુરત સબ ઝોનલ ઓફિસના અમલીકરણ નિયામક (ED) એ ગેરકાયદેસર ઓનલાઈન સટ્ટાબાજી કૌભાંડના કેસના સંદર્ભમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), 2002ની જોગવાઈઓ હેઠળ રૂ. 81 લાખની સ્થાવર મિલકતો જપ્ત કરી છે.

સુરત પોલીસના ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા કમલેશ જરીવાલા અને અન્ય લોકો સામે IPC, 1860ની વિવિધ કલમો હેઠળ ગેરકાયદેસર નાણાકીય સંવર્ધન માટે છેતરપિંડી, બનાવટી અને ગુનાહિત કાવતરું ઘડવા બદલ નોંધાયેલી FIR ના આધારે ED એ તપાસ શરૂ કરી .

પીએમએલએ તપાસ દરમિયાન, એવું જાણવા મળ્યું છે કે અમિત મજીઠિયા અન્ય લોકો સાથે




મળીને સટ્ટાબાજી વેબસાઈટ્સ મેસર્સ CBTF247.COM અને T20EXCHANGE.COM વગેરે ચલાવી રહ્યા છે. આ વેબસાઈટ્સ ખાસ કરીને યુવાનો અને સામાન્ય રીતે જાહેર જનતાને પોકર, તીનપટ્ટી, કેસિનો વગેરે જેવી વિવિધ લાઈવ રમતોમાં જુગાર રમવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ તેમજ ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન, ટેનિસ, હોકી વગેરે રમતો માટે ગેરકાયદેસર સટ્ટાબાજીની સુવિધા પૂરી પાડીને લલચાવતી હતી. વધુમાં, અમિત મજીઠિયાએ અન્ય લોકો સાથે મળીને નકલી કંપનીઓના નામે ખોલવામાં આવેલા વિવિધ બેંક ખાતાઓનો ઉપયોગ કરીને આ ગેરકાયદેસર સટ્ટાબાજી પ્રવૃત્તિઓ ચલાવીને મેળવેલી પ્રોસીડ્સ ઓફ ક્રાઇમ (POC) ને સ્તરબદ્ધ કરી હતી.

એવું પણ જાણવા મળ્યું છે કે તેણે તેની પત્નીને નોઈડામાં એક મેસર્સ BCC મ્યુઝિક ફેક્ટરીમાં 85% ભાગીદાર બનાવી હતી જે POCને ધોળા કરવાનું કામ કરતી હતી. તેથી, 10/07/2025ના રોજ નોઈડામાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. જેના પરિણામે ગુનાહિત દસ્તાવેજો, ડિજિટલ ઉપકરણો અને બહુવિધ બેંક ખાતાઓમાં રૂ. 30 લાખ અને રૂ. 25 લાખની બિનહિસાબી રોકડ જપ્ત કરવામાં આવી હતી.

# નકલી પનીર મળ્યા બાદ સુરભી ડેરી ત્રણ દિવસ ચાલતી રહી!

## સુરત મનપાના આરોગ્ય વિભાગે આજે સીલીંગ કાર્યવાહી કરી, ભૂતકાળમાં નમૂના ફેલ થયા હોવા છતાં ઢીલી કામગીરી

**સુરત, તા.13**

સુરતની સુરભી ડેરીમાંથી બે દિવસ પહેલા નકલી પનીરનો જથ્થો ઝડપાયા બાદ આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. ભૂતકાળમાં લેવામાં આવેલા સેમ્પલ ફેલ થયા બાદ બે દિવસ પહેલા નકલી પનીર ઝડપાયું હતું. તેમ છતાં ડેરીમાં વેચાણ ચાલુ રહ્યું હતું. આરોગ્ય વિભાગે આજે ત્રીજા દિવસે સુરભી ડેરીનું આઉટલેટ સીલ કર્યું હતું.

દિવ્યભાસ્કરની ટીમ દ્વારા આરોગ્ય અધિકારી એફ. આઈ. બ્રહ્મભટ્ટ સાથે વાતચીત કરવામાં આવી ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે, અગાઉ પણ સુરભી ડેરીમાંથી સેમ્પલ લેવામાં આવ્યા હતા અને એક સેમ્પલ 'સબ સ્ટાન્ડર્ડ' હોવાનું જણાયું હતું.જ્યારે અધિકારીને અગાઉના કેસમાં થયેલી કાર્યવાહી વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે માત્ર એટલો જ જવાબ આપ્યો હતો કે, 'કોર્ટમાં ફરિયાદ કરવાની કાર્યવાહી ચાલુ છે.' અધિકારીના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સેમ્પલ ફેલ થયાના લાંબા સમય પછી પણ કોઈ અંતિમ નિર્ણય કે સખત પગલું લેવાયું નહોતું.

આરોગ્ય વિભાગની ઢીલી નીતિઓને કારણે જ સુરભી ડેરી દ્વારા સતત ગેરરીતિ આચરવામાં આવી રહી હતી. વિભાગની ઢીલી કામગીરીના કારણે રોજેરોજ લગભગ 200 કિલોથી પણ વધુ નકલી પનીરનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ ગંભીર ઘટના ત્યારે સામે આવી છે જ્યારે અગાઉ પણ ડેરીના સેમ્પલ ફેલ નીવડ્યા હતા.નકલી પનીરના આ વેચાણથી




લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસરો થઈ શકે છે. પનીર જેવી દૂધની બનાવટોમાં ભેળસેળ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે અને તેનાથી પેટ સંબંધિત બીમારીઓ કે અન્ય ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ શકે છે. નકલી પનીરનો જથ્થો જપ્ત થયા બાદ આરોગ્ય વિભાગના અધિકારીએ પોતે જ જણાવ્યું હતું કે સુરભી ડેરીના ચાર આઉટલેટ છે. આટલી મોટી સંખ્યામાં નકલી પનીર જપ્ત થયા પછી સામાન્ય કાર્યવાહી મુજબ આ આઉટલેટ્સને તુરંત જ સીઝ કરવા જોઈતા હતા જેથી વેચાણની પ્રવૃત્તિઓ બંધ થઈ શકે. જોકે, શરૂઆતમાં આ આઉટલેટ્સ અંદરખાને ચાલુ હોવાના દ્રશ્યો પણ સામે આવ્યા હતા, જે આરોગ્ય વિભાગની કામગીરી પર ગંભીર સવાલ ઊભા કરે છે. વિવાદ વધતા અને લોકોનો રોષ જોતા આખરે ત્રણ દિવસ બાદ વિભાગ દ્વારા આ આઉટલેટ્સને સીઝ કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.


સુરતમાં ધીમા ઝેરના નેટવર્કનો પર્દાફાશ થયો છે. સુરતની જાણીતી 'સુરભી ડેરી'ના બે યુનિટ પર દરોડા પાડી એસઓજીએ કુલ 955 કિલોગ્રામ શંકાસ્પદ નકલી પનીરનો જંગી જથ્થો જપ્ત કર્યો છે, જ્યારે આ ડેરી રોજેરોજ 200 કિલો નકલી પનીર બજારમાં મોકલતી હતી. સૌથી ગંભીર બાબત એ છે કે ડેરીના સંચાલકે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જ કબૂલી લીધું હતું કે આ પનીર નકલી છે. આ ડેરી રોજેરોજ આશરે 200 કિલો નકલી પનીર સુરતના બજારમાં ઠાલવી રહી હતી, જે અસલી પનીરના ભાવ કરતાં અડધી કિંમતે 250થી 270 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતું હતું, જેમાં નકલી પનીર બનાવવા ગ્લેશિયલ એસેટિક એસિડનો ઉપયોગ કરતા. આ એસિડનો ઉપયોગ દૂધને ફાડીને ઝડપથી પનીર બનાવવા માટે થતો હોવાની આશંકા છે, જે સ્વાસ્થ્ય માટે ગંભીર નુકસાનકારક છે.

# દિલ્હી બ્લાસ્ટ બાદ સુરત હાઈ એલર્ટ પર : શહેરના 1100 જેટલા હિસ્ટ્રી શીટરોનો ડેટા અપલોડ, AI કેમેરાથી તમામ ગતિવિધિઓનું ઓટોમેટિક નિરીક્ષણ....

**સુરત, તા.13**

રાજધાની દિલ્હીમાં તાજેતરમાં બનેલી કાર બ્લાસ્ટની ઘટનાના પગલે સુરત શહેર પોલીસ હાઈ એલર્ટ મોડ પર આવી ગઈ છે. શહેરના સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે સુરત પોલીસે ટેક્નોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સંકલિત ઉપયોગ શરૂ કર્યો છે, જેમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત કેમેરા નેટવર્કનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. AI કેમેરાથી તમામ ગતિવિધિઓનું ઓટોમેટિક નિરીક્ષણ કરાઈ રહ્યું છે.

સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ સુરત પોલીસ દ્વારા શહેરભરમાં ફેલાયેલા 1600 જેટલા CCTV કેમેરાના વિશાળ નેટવર્ક મારફતે તમામ ગતિવિધિઓ પર સતત અને ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આ નેટવર્ક દ્વારા શહેરના જાહેર સ્થળો, મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં થતી નાનીમાં નાની શંકાસ્પદ હિલચાલને પણ ઝડપી લેવામાં આવે છે. સુરક્ષા વ્યવસ્થામાં આધુનિકતા લાવતા, સુરત પોલીસે AI બેઝ્ડ કેમેરાની મદદ લેવાનું શરૂ કર્યું છે. આ કેમેરાની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં શહેરના 1100 જેટલા હિસ્ટ્રી શીટરોનો ડેટા અપલોડ કરવામાં આવ્યો છે. આ ડેટાના આધારે, AI કેમેરા આ હિસ્ટ્રી શીટરોની શહેરના વિવિધ વિસ્તારોમાં થતી ગતિવિધિઓનું ઓટોમેટિક નિરીક્ષણ કરી શકે છે. જો આ 1100માંથી કોઈ પણ હિસ્ટ્રી શીટર



શંકાસ્પદ પ્રવૃત્તિમાં સામેલ થવાનો પ્રયાસ કરે, તો AI સિસ્ટમ તાત્કાલિક પોલીસને એલર્ટ મોકલી આપે છે. આનાથી પોલીસને સંભવિત ગુના કે અનિચ્છનીય ઘટના બનતા પહેલા જ પગલાં લેવામાં મદદ મળે છે. સુરતનું હજીરાનું ઔદ્યોગિક ક્ષેત્ર ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ છે. આ વિસ્તારમાં પણ સુરક્ષાની દ્રષ્ટિએ વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, હજીરાના ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર સહિત તમામ જગ્યાઓ પર AI બેઝ્ડ કેમેરા દ્વારા સતત નિરીક્ષણ રાખવામાં આવી રહ્યું છે. વધુમાં, ઔદ્યોગિક એકમોના ખાનગી કેમેરા નેટવર્કની મદદ પણ લેવામાં આવી રહી છે, જેથી આ વિસ્તારની સુરક્ષામાં કોઈ કચાસ ન રહે. AI અને CCTV કેમેરાના નેટવર્ક ઉપરાંત, પોલીસ દ્વારા મેન્યુઅલ હ્યુમન સોર્સની મદદથી પણ શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે. ટેક્નોલોજી અને મેન્યુઅલ ઈન્ટેલિજન્સનું આ સંકલન સુરત શહેરને કોઈ પણ પ્રકારના આતંકવાદી કે અસામાજિક તત્વોના પ્રયાસોથી સુરક્ષિત રાખવા માટે નિર્ણાયક સાબિત થશે. દિલ્હી બ્લાસ્ટ બાદ શહેર પોલીસની આ સક્રિયતા વધી ગઈ છે.

# રેલિંગ કૂદી કાર હાઈવેની સાઈડમાં ફંગોળાઈ : એક જ પરિવારની પાંચેય વ્યક્તિ ઊછળીને બહાર ફેંકાતાં ગંભીર રીતે ઘાયલ.....

**ગોધરા, તા.13**

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેર નજીક દાહોદ હાઈવે પર આવેલા ભથવાડા ટોલનાકા પાસે આજે (13 નવેમ્બર) વહેલી સવારે એક અત્યંત ગંભીર અકસ્માત સર્જાયો હતો. મધ્યપ્રદેશ ખાતે લગ્નપ્રસંગમાં જઈ રહેલા વડોદરાના એક પરિવારની કાર અચાનક બેકાબૂ બની રેલિંગ કૂદીને હાઈવેની સાઈડમાં ફંગોળાઈ હતી.

અકસ્માત એટલો ભયાનક હતો કે, કારમાં સવાર પાંચેય વ્યક્તિ ઉછળીને બહાર ખેતરમાં પડ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા તમામને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ અને ત્યાર બાદ વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે.



આ બનાવ સંદર્ભે મળતી વિગતો મુજબ, વડોદરા જિલ્લાના આજવા રોડ પર આવેલી A/12 ઓમકાર સોસાયટીમાં રહેતો શાહ પરિવાર આજે વહેલી સવારે પોતાની કાર દ્વારા વડોદરાથી મધ્યપ્રદેશના શિહોર ગામ ખાતે એક લગ્નપ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યો હતો.

જ્યારે તેમની કાર ગોધરા નજીક સંતરોડ પાસે ભથવાડા ટોલનાકા આગળથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર બેકાબૂ બની હતી. બેકાબૂ કાર હાઈવેની સાઈડમાં આવેલી રેલિંગ કૂદીને બાજુમાં ફંગોળાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે, કાર સાઈડમાં કૂદીને પડતાં જ કારમાં સવાર નિધિ શાહ, સંગીતા શાહ, કરણ શાહ, અમીશા શાહ અને કોકિલા શાહ, એમ એક જ પરિવારના પાંચેય લોકો કારમાંથી ઉછળીને રોડની બહાર પડ્યા હતા. ગંભીર ઈજાઓને કારણે તેઓ દર્દથી તડપતા હતા, જે જોઈને આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પાંચેય ઈજાગ્રસ્તને સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

# ઠગોએ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં 15% પ્રોફિટની લાલચ આપીને 30 લાખ પડાવ્યા, વધુ 89 લાખ રૂપિયા માંગતા ભાંડો ફૂટ્યો

**વડોદરા, તા.13**

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા 61 વર્ષીય નિવૃત્ત સિનિયર સિટીઝનને સાયબર ઠગોએ બોગસ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં ફસાવીને 30 લાખ રૂપિયા પડાવ્યા છે. વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં પીડિતે જણાવ્યું છે કે, તેઓ નિવૃત્ત જીવન વિતાવી રહ્યા છે અને આ ઘટનાએ તેમને માનસિક અને આર્થિક રીતે ત્રસ્ત કરી દીધા છે. સાયબર ક્રાઈમ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

સિનિયર સિટીઝનની ફરિયાદ પ્રમાણે 16 મે, 2025ના રોજ પીડિતને તેમના વ્હોટ્સએપ પર મોબાઈલ નંબર પરથી મેસેજ આવ્યો હતો. મેસેજમાં વ્યક્તિએ પોતાનું નામ કંગના શર્મા જણાવીને કહ્યું હતું કે, તેઓ 'નુવામા વેલ્થ' કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ આસિસ્ટન્ટ છે અને બ્લોક ટ્રેડિંગ તથા ક્વાર્ટર પ્રોફિટ પ્લાનિંગમાં ઈન્વેસ્ટમેન્ટ કરાવે છે. તેઓએ પીડિતની ઉંમર, ધંધો અને રોકાણનો અનુભવ પૂછ્યો હતો.

ત્યારબાદ ઠગોએ એક આકર્ષક પ્રોફિટ સ્કીમ વિશે જણાવ્યું, જેમાં કહેવામાં આવ્યું કે રૂ. 5 લાખના ઈન્વેસ્ટમેન્ટ પર દરરોજ 10%થી 15% સુધીનું પ્રોફિટ મળશે. પીડિતે આ સ્કીમમાં રસ દાખવ્યો અને ઈન્વેસ્ટ કરવા માટે હા પાડી. ત્યારબાદ, તેઓને https://www.nuvamawealthvip.com નામની લિંક મોકલવામાં આવી હતી અને તેમાં રજિસ્ટ્રેશન કરવાનું કહેવાયું હતું. સિનિયર સિટીઝને રજિસ્ટ્રેશન કર્યું હતું અને રૂ. 30 લાખ રૂપિયા ઈન્વેસ્ટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ઠગોએ પીડિતને કસ્ટમર કેર નંબર પર સંપર્ક કરવા જણાવ્યું. આ નંબર પર વ્હોટ્સએપ મેસેજ કરતાં, વ્યક્તિએ પોતાને 'નુવામા કસ્ટમર સર્વિસ'ના કર્મચારી તરીકે ઓળખાવ્યા અને ઈન્વેસ્ટમેન્ટની વિગતો પૂછી. તેઓએ એક



બોગસ સેબી સર્ટિફિકેટ મોકલ્યું, જેમાં એકાઉન્ટ નંબર અને આઈએફએસસી કોડ આપવામાં આવ્યા હતા. આમાં લખ્યું હતું કે, કંપની રૂ. 50 કરોડ સુધીની રકમ આ એકાઉન્ટમાં લઈ શકે છે.

18 મે, 2025ના રોજ પીડિતે આપેલા એકાઉન્ટમાં રૂ. 30 લાખ રૂપિયા RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. તેનું વેબસાઈટ પર આ બેલેન્સ દેખાડવામાં આવ્યું હતું. ત્યારબાદ ઠગોએ પીડિતને 'વરુણ બેવરેજિસ' કંપનીના શેરમાં બ્લોક ટ્રેડ કરાવ્યા અને વેબસાઈટ પર કુલ પોર્ટફોલિયો રૂ. 36,96,809 રૂપિયા તરીકે બતાવવામાં આવ્યો હતો. વિશ્વાસ વધારવા માટે ઠગોએ વ્હોટ્સએપ કોલ કરીને વિડ્રોલ પ્રોસેસ સમજાવી. તા. 20 મે 2025ના રોજ પીડિતે 1 હજાર રૂપિયા વિડ્રોલ કર્યા હતા, જે તેમના HDFC બેંક એકાઉન્ટમાં જમા થયા હતા. જેથી સિનિયર સિટીઝનને પૂરો વિશ્વાસ આવી ગયો હતો.

ત્યારબાદ ઠગોએ વ્હોટ્સએપ કોલ કરીને જણાવ્યું હતું કે, તેમને આઈપીઓ લાગ્યો છે અને એકાઉન્ટમાં રૂ. 1,26,30,944 જમા કરવામાં આવ્યા છે, પરંતુ તેના માટે રૂ. 89,88,736 વધુ ભરવા પડશે. આ વાતથી સિનિયર સિટીઝનને શંકા ગઈ હતી અને તેઓએ વધુ પૈસા ભર્યા નહોતા. જ્યારે તેઓએ વેબસાઈટ પર જઈને 36,96,809 રૂપિયા વિડ્રોલ કરવાનો પ્રયાસ કર્યો તો એકાઉન્ટ ડિસેબલ કરી દેવામાં આવ્યું હતું.

સિનિયર સિટીઝનને ફ્રોડ થયું હોવાનો અહેસાસ થતાં તેઓએ તાત્કાલિક 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કરી હતી. જોકે, આજ સુધી તેમને તેમના પૈસા પરત મળ્યા નથી. પોલીસના જણાવ્યા મુજબ આ પ્રકારના સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે અને લોકોને અજાણ્યા લિંક્સ અને મેસેજ પર વિશ્વાસ ન કરવાની સલાહ આપવામાં આવી છે. તપાસમાં સંડોવાયેલા મોબાઈલ નંબર્સ અને બેંક એકાઉન્ટ્સની વિગતો દ્વારા ઠગોની શોધખોળ ચાલુ છે.

# અફઘાનિસ્તાન પાકિસ્તાન સાથે વ્યાપાર બંધ કરશે : તાલિબાને વેપારીઓને 3 મહિનાનો સમય આપ્યો

**ઈસ્લામાબાદ, તા.13**

પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે વેપારીઓ અને ઉદ્યોગપતિઓને વૈકલ્પિક વ્યવસાય માર્ગો શોધવા વિનંતી કરી છે. અફઘાનિસ્તાનના નાયબ વડાપ્રધાન મુલ્લા અબ્દુલ ગની બરાદરે જણાવ્યું હતું કે પાકિસ્તાન સાથેની સરહદ બંધ થવાથી વેપાર અટકી ગયો છે.





તેમણે કહ્યું કે આનાથી માસિક આશરે US$200 મિલિયન (આશરે 1,700 કરોડ)નું નુકસાન થઈ રહ્યું છે. બરાદરે સરહદ બંધ થવાને 'આર્થિક યુદ્ધ' ગણાવ્યું. તેમણે પાકિસ્તાનથી આવતી દવાઓની નબળી ગુણવત્તાની પણ ટીકા કરી. તેમણે વ્યવહારો પૂર્ણ કરવા માટે ત્રણ મહિનાનો સમય પણ આપ્યો છે. દરમિયાન, વેપાર મંત્રી નુરુદ્દીન અઝીઝીએ વેપારીઓને મધ્ય એશિયાઈ દેશો તરફ વળવા વિનંતી કરી.

અઝીઝીએ જણાવ્યું- 'પાકિસ્તાન વારંવાર અવરોધો ઉભા કરે છે, ખાસ કરીને ફળ નિકાસની મોસમ દરમિયાન. આ નાકાબંધીઓ કોઈ મૂળભૂત કે તાર્કિક આધાર વિનાની છે, અને તે બંને દેશો માટે હાનિકારક છે.' તોરખામ અને સ્પિન બોલ્ડક સહિત બંને દેશો વચ્ચેના પાંચ મુખ્ય ક્રોસિંગ એક મહિનાથી વધુ સમયથી બંધ છે.

નાયબ વડાપ્રધાન બરાદરે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનને ઘણીવાર રાજકીય દબાણ હેઠળ નિશાન બનાવવામાં આવે છે, અને વેપાર સંબંધો અને શરણાર્થીઓની મુશ્કેલીઓનો ઉપયોગ રાજકીય હેતુઓને આગળ વધારવા માટે કરવામાં આવે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વેપારની વાત આવે ત્યારે બધા દેશો એકબીજા પર આધારિત છે તે નિર્વિવાદ છે. પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં સિમેન્ટ, દવાઓ, લોટ, સ્ટીલ, કપડાં, ફળો અને શાકભાજીની નિકાસ કરે છે, જ્યારે સરહદ પારથી કોલસો, સાબુના પથ્થર, બદામ અને તાજા ફળોની આયાત કરે છે.

બરાદરે કહ્યું કે જો પાકિસ્તાન વેપાર માર્ગો ફરીથી ખોલવાનો ઈરાદો ધરાવે છે, તો તેણે ખાતરી આપવી પડશે કે કોઈપણ કારણોસર અથવા કોઈપણ સંજોગોમાં સરહદો ફરીથી બંધ કરવામાં આવશે નહીં.

આ નિવેદન બંને દેશો વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે આવ્યું છે, જે તાજેતરના અઠવાડિયામાં સરહદી અથડામણોને કારણે વધ્યો છે. આતંકવાદી પ્રવૃત્તિઓ સંબંધિત વિવાદોને ઉકેલવા માટે ત્રણ રાઉન્ડની વાટાઘાટો છતાં, યુદ્ધવિરામ યથાવત છે.

અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારે પાકિસ્તાન સાથેની સરહદ બંધ થવાને કારણે થતા નુકસાનથી બચવા માટે મધ્ય એશિયા માટે ત્રણ વૈકલ્પિક વેપાર માર્ગો વિકસાવવાનો નિર્ણય લીધો છે.

પહેલો અને સૌથી મહત્વપૂર્ણ માર્ગ ઉઝબેકિસ્તાનનો છે, જે ઉત્તરીય અફઘાન શહેર હૈરાતનથી ઉઝબેકિસ્તાનના તેર્મેઝ સુધી રેલ અને રોડ દ્વારા જાય છે, જ્યાંથી માલ રશિયા, કઝાકિસ્તાન અને યુરોપમાં લઈ જઈ શકાય છે.

આ જૂની સોવિયેત યુગની રેલવે છે અને 2026 સુધીમાં તેની ક્ષમતા બમણી કરવાની યોજના છે. બીજો રૂટ તુર્કમેનિસ્તાનમાં છે, જ્યાં રેલવે ટોરગુન્ડી સરહદથી તુર્કમેનિસ્તાન બંદર સુધી ચાલે છે, પછી કેસ્પિયન સમુદ્ર પાર કરીને અઝરબૈજાન અને તુર્કી સુધી પહોંચે છે. એક વૈકલ્પિક વેપાર માર્ગ ઈરાનના ચાબહાર બંદર સાથે પણ જોડાશે, જેનાથી ફળો અને શાકભાજીની ડિલિવરી ઝડપી બનશે. ત્રીજો માર્ગ તાજિકિસ્તાન થઈને છે, જે શિર ખાન બંદરથી તાજિકિસ્તાન થઈને કુલ્મા પાસ (4,300 મીટર ઊંચા) થઈને ચીનના કાશગર સુધી જાય છે.

તે ખનિજ નિકાસ માટે ઉપયોગી છે, પરંતુ શિયાળામાં બરફને કારણે બંધ થઈ જાય છે અને રસ્તા સુધારણાનું કામ ચાલુ છે. પાકિસ્તાન માર્ગની તુલનામાં, આ માર્ગો અંતરમાં ટૂંકા (800-1,000 કિમી) છે, પરંતુ સમયમાં વધુ ખર્ચાળ (10-15 દિવસ) અને ખર્ચ (30-40% વધુ) છે, પરંતુ રાજકીય દબાણ અને વારંવાર બંધ થવાની સમસ્યાઓ વિના.

તાલિબાનનો ઉદ્દેશ્ય 2025 સુધીમાં ઉઝબેકિસ્તાન રૂટ દ્વારા 50% નિકાસ મેળવવાનો, 2026 સુધીમાં તુર્કમેનિસ્તાન સાથે કેસ્પિયન કનેક્શન પૂર્ણ કરવાનો અને 2027 સુધીમાં કુલ્મા પાસને આખું વર્ષ ખુલ્લો રાખવાનો છે.

સરહદ બંધ થવા રાજકીય તણાવ અને સુરક્ષા મુદ્દાઓને કારણે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના વેપાર પર ભારે અસર પડી છે. 2025માં આ વેપારમાં વધુ ઘટાડો થવાનો અંદાજ છે. વાર્ષિક વોલ્યુમ $2.5 બિલિયનથી ઘટીને આશરે $1-1.5 બિલિયન થઈ ગયું છે.

2022-23માં કુલ વેપાર 1.8-2.5 અબજ ડોલર હતો, પરંતુ 2024માં ઘટીને 1.6 અબજ ડોલર થયો. 2025ના પહેલા ભાગમાં તે 1.1 અબજ ડોલર હતો, જે ગયા વર્ષના 1.117 અબજ ડોલર કરતા થોડો ઓછો હતો. જુલાઈ-સપ્ટેમ્બર 2025 (નાણાકીય વર્ષ 2025-26ના પહેલા ક્વાર્ટરમાં) 475 મિલિયન ડોલર (ગયા વર્ષના 502 મિલિયન ડોલર કરતા 6% ઓછો) જોવા મળ્યો. સપ્ટેમ્બર 2025માં વાર્ષિક ધોરણે 13% ઘટાડો જોવા મળ્યો.

---

## US અબજોપતિએ મમદાનીની જીત પર ચિંતા વ્યક્ત કરી

# ન્યૂયોર્ક મુંબઈ જેવું બની જશે, તેમના નિર્ણયથી શહેરની હાલત ખરાબ થશે

**વોશિંગ્ટન, તા.13**

ન્યૂયોર્ક શહેરના એક પ્રખ્યાત રિયલ એસ્ટેટ અબજોપતિ બેરી સ્ટર્નલિચ્ટે ચિંતા વ્યક્ત કરી છે કે મમદાનીના નેતૃત્વમાં શહેરની સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. CNBC ન્યૂઝ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, ન્યૂયોર્ક મુંબઈ જેવું બની શકે છે.



મમદાનીએ તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન ઘણા મોટા વચનો આપ્યા હતા, જેમાં ઘરના ભાડા ફ્રીઝ કરવા, શહેરમાં મફત બસ સેવા શરૂ કરવા અને નાના બાળકો માટે મફત બાળ સંભાળ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

સ્ટર્નલિચ્ટ માને છે કે ભાડા સ્થગિત કરવાથી અને ભાડૂતોને વધુ છૂટ આપવાથી મકાનમાલિકોની સ્થિતિ વધુ ખરાબ થશે. તેમણે કહ્યું, 'જો એક ભાડૂત ભાડું નથી ચૂકવતો અને તેને કાઢી નથી શકાતો, તો બીજા પણ નહીં આપે. ધીમે ધીમે, આખી સિસ્ટમ પડી ભાંગશે અને ન્યૂયોર્ક મુંબઈ જેવું બની જશે.'

સ્ટારવુડ કેપિટલ ગ્રુપના CEO સ્ટર્નલિચ્ટે જણાવ્યું હતું કે ન્યૂયોર્કમાં રિયલ એસ્ટેટના ખર્ચ પહેલાથી જ ખૂબ ઊંચા છે, મજૂર સંગઠનો તેનું એક મુખ્ય કારણ છે. આ સંગઠનો કોઈપણ પ્રોજેક્ટની કિંમતમાં વધારો કરે છે અને સામાન્ય લોકો માટે ઘર બનાવવાનું કે ખરીદવાનું મુશ્કેલ બનાવે છે.

તેમણે કહ્યું, 'ન્યૂયોર્કમાં દરેક પ્રોજેક્ટ યુનિયન સાથે કરવો પડે છે, જેના કારણે ખર્ચમાં નોંધપાત્ર વધારો થાય છે. આ જ કારણ છે કે અહીં ઘરો ખૂબ મોંઘા છે.'

તેમણે એમ પણ કહ્યું કે મમદાની શહેરમાં વધુ આવાસો બનાવવાની જરૂરિયાત જેવા યોગ્ય મુદ્દાઓ ઉઠાવી રહ્યા છે, પરંતુ તે સરળ રહેશે નહીં. તેમના મતે, જો સરકાર જરૂરી સહાય પૂરી પાડશે નહીં અને યુનિયનો તેમના નિયમોમાં છૂટછાટ નહીં આપે, તો નવા ઘરો બનાવવા આર્થિક રીતે અશક્ય બની જશે.

સ્ટર્નલિચ્ટે સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ધ્યાન દોર્યું હતું કે મમદાનીએ અગાઉ પોલીસ વિભાગના બજેટમાં કાપ મૂકવાની માગ કરી હતી. જો લોકોને લાગશે કે તેમના બાળકો શેરીઓમાં સુરક્ષિત નથી, તો તેઓ શહેર છોડી દેશે. જો પોલીસમાં આદર અને સમર્થનનો અભાવ હશે, તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે.

તેમણે કહ્યું કે તેમની કંપની પહેલાથી જ મિડટાઉન મેનહટનથી તેની ઓફિસ ખસેડવાનું વિચારી રહી છે. અંતે સ્ટર્નલિચ્ટે કહ્યું કે તેમને આશા છે કે મમદાની ઈતિહાસમાંથી શીખશે, કારણ કે સમાજવાદ વિશ્વમાં ક્યાંય પણ સફળ થયો નથી.

4 નવેમ્બરના રોજ ન્યૂયોર્ક મેયરની ચૂંટણીમાં ઝોહરાન મમદાનીએ ભૂતપૂર્વ ગવર્નર એન્ડ્રુ કુઓમોને હરાવ્યા હતા. મમદાનીની ન્યૂયોર્કના સૌથી યુવા મેયર, પ્રથમ ભારતીય-અમેરિકન અને 100 વર્ષમાં પ્રથમ મુસ્લિમ બનશે. તેઓ 1 જાન્યુઆરીએ શપથ લેશે.

મમદાની પોતાને 'લોકશાહી સમાજવાદી' કહે છે, એટલે કે તે કોર્પોરેશનો કરતાં સામાન્ય લોકોની તરફેણ કરતી નીતિઓનું સમર્થન કરે છે. મમદાની ડેમોક્રેટિક પાર્ટીના ડાબેરી જૂથ (DSA) સાથે સંકળાયેલા છે. આ જૂથ મોટા કોર્પોરેશનો, અબજોપતિઓ અને ડેમોક્રેટિક પાર્ટીની પરંપરાગત નીતિઓનો વિરોધ કરે છે.

ન્યૂયોર્ક શહેરને અમેરિકાનું દિલ કહેવામાં આવે છે. મેયર બનવું એ ફક્ત શહેરનું નેતૃત્વ કરવા વિશે નથી, તે અમેરિકાના સૌથી પ્રભાવશાળી રાજકીય પદોમાંથી એક પર કબજો કરવા વિશે છે. એટલા માટે દુનિયાએ આ ચૂંટણી પર નજર રાખી.

ન્યૂયોર્કનો વાર્ષિક GDP આશરે $2.3 ટ્રિલિયન છે. આનો અર્થ એ થયો કે એકલું ન્યૂયોર્ક શહેર ભારતના GDPના અડધાથી વધુનું પ્રતિનિધિત્વ કરે છે. ન્યૂયોર્કના મેયર શહેરના વહીવટ, પોલીસ, પરિવહન, રહેઠાણ, શિક્ષણ અને આરોગ્ય પ્રણાલીઓનું નિયંત્રણ કરે છે.

ન્યૂયોર્ક શહેરનું પોતાનું બજેટ ($100 બિલિયનથી વધુ) અને નિયમ-કાનૂન છે. મેયર નક્કી કરે છે કે કરના પૈસા ક્યાં ખર્ચવામાં આવશે, કઈ નીતિઓ લાગુ કરવામાં આવશે અને શહેર કઈ દિશામાં જશે. આ મૂળભૂત રીતે એક નાની-પ્રધાનમંત્રીની ભૂમિકા છે.

ન્યૂયોર્ક શહેર યુનાઈટેડ સ્ટેટ્સની નાણાકીય રાજધાની તરીકે જાણીતું છે. તે વોલ સ્ટ્રીટ, વિશ્વની મીડિયા કંપનીઓ અને સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય મથકનું ઘર છે. તેથી, મેયરના નિર્ણયો ફક્ત શહેર પર જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અસર કરે છે.

---

# PAKના મુનીરને મળી મહાસત્તા : ત્રણેય સેનાનો કમાન્ડ મળ્યો, રાષ્ટ્રપતિ કરતા પણ વધુ પાવર

## બંધારણમાં એકસાથે 48 કલમોમાં ફેરફાર કરતાં નારાજ વિપક્ષે બિલ ફાડ્યું

**ઈસ્લામાબાદ, તા.13**

પાકિસ્તાનની સંસદે બુધવારે આર્મી ચીફ અસીમ મુનીરની સત્તાઓ વધારવા અને સુપ્રીમ કોર્ટની સત્તાઓ ઘટાડવા 27મા બંધારણીય સુધારાને મંજૂરી આપી છે. પાકિસ્તાની ઓબ્ઝર્વરના અહેવાલ મુજબ, આ સંશોધનમાં 48 કલમોમાં ફેરફારનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. નેશનલ એસેમ્બલીએ આ બિલને 234 મતોની બહુમતીથી પસાર કર્યું, જેમાં ચાર સાંસદોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું, જ્યારે સેનેટે બે દિવસ પહેલા જ તેને મંજૂરી આપી દીધી હતી. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી તેના પર હસ્તાક્ષર કરશે પછી તે કાયદો બની જશે. મુનીરને ત્રણેય સેનાઓ માટે ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) તરીકે નિયુક્ત કરવામાં આવી રહ્યા છે. આ પદ સંભાળ્યા પછી, તેઓ પરમાણુ હથિયારોનો કમાન્ડ સંભાળશે. તેમનો કાર્યકાળ પૂરો થયા પછી પણ તેઓ પદ પર રહેશે અને આજીવન કાનૂની છૂટ મળતી રહેશે. આ દરમિયાન, જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન



ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફે તેને લોકશાહી વિરોધી ગણાવ્યું. કેટલાક વિપક્ષી દળોએ બિલની કોપીઓ ફાડી નાખી હતી.

27મા બંધારણીય સુધારાનો એક મુખ્ય ઘટક નેશનલ સ્ટ્રેટેજિક કમાન્ડ (NSC) ની રચના છે. આ કમાન્ડ પાકિસ્તાનના પરમાણુ હથિયારો અને મિસાઈલ સિસ્ટમ્સની દેખરેખ અને નિયંત્રણ કરશે. અત્યાર સુધી આ જવાબદારી નેશનલ કમાન્ડ ઓથોરિટી (NCA) પાસે હતી, જેની અધ્યક્ષતા વડાપ્રધાન કરતા હતા, પરંતુ હવેથી આ જવાબદારી NSC પાસે રહેશે. NSCના કમાન્ડરની નિમણૂક વડાપ્રધાનની મંજૂરીથી કરવામાં આવશે, પરંતુ આ નિમણૂક સેના પ્રમુખ (CDF) ની ભલામણ પર જ થશે. સૌથી અગત્યનું, આ પદ ફક્ત આર્મી ઓફિસરને જ આપવામાં આવશે.

આ બિલમાં આઠ નવા સુધારા ઉમેરવામાં આવ્યા છે જે સેનેટના અગાઉ મંજૂર કરાયેલા સંસ્કરણનો ભાગ નહોતા. સૌથી મહત્વપૂર્ણ ફેરફાર ન્યાયતંત્રને લગતો છે. હવે તમામ બંધારણીય બાબતો સુપ્રીમ કોર્ટમાંથી હટાવીને ફેડરલ કોન્સ્ટીટ્યુશનલ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે, જેના જજોની નિમણૂક સરકાર દ્વારા કરવામાં આવશે. હાલના વર્ષોમાં સુપ્રીમ કોર્ટે અનેક સરકારી નીતિઓને અવરોધિત કરી હતી અને વડાપ્રધાનોને તેમના પદ પરથી દૂર કર્યા હતા તેને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. અત્યાર સુધી, CJCSC ત્રણેય સેવાઓ વચ્ચે સંકલન માટે જવાબદાર હતું, જ્યારે વાસ્તવિક સત્તા આર્મી ચીફ પાસે હતી. હવે, બંને CDF પાસે જશે. પાકિસ્તાની અખબાર ડોને નિષ્ણાતોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે આનાથી દેશમાં સૈન્ય વધુ શક્તિશાળી બનશે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે બંધારણીય સુધારો બંધારણમાં સૈન્યની સત્તાઓને કાયમી ધોરણે સમાવિષ્ટ કરશે.

---

# પ્રદર્શનકારીઓએ શેખ હસીનાના પાર્ટી કાર્યાલયમાં આગ લગાવી

## પૂર્વ PMની સજા પર કોર્ટ 17 નવેમ્બરે ચુકાદો સંભળાવશે, 1400 હત્યાઓ, અપહરણ-ટોર્ચરના આરોપ, ફાંસી આપવાની માંગ

**ઢાકા, તા.13**

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં આજે બપોરે 1 વાગ્યાની આસપાસ પ્રદર્શનકારીઓએ આવામી લીગના કાર્યાલયમાં આગ લગાવી દીધી હતી. ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, લગભગ 10 થી 15 લોકોએ ઈમારતના ચોથા માળે લાકડા, કાગળના કાર્ટુન અને અન્ય સામગ્રી એકઠી કરી અને તેને આગ ચાંપી હતી.



5 ઓગસ્ટના રોજ આવામી લીગ સરકાર પડી ગયા પછી આ જ ઈમારતને આગ લગાવવામાં આવી હતી. બાંગ્લાદેશમાં આવામી લીગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

સરકારી વકીલે હસીનાને ફાંસીની સજા આપવાની માંગણી કરી છે. હસીનાની પાર્ટી, અવામી લીગે, ગુરુવારે સવારથી સાંજ સુધી દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત કરી છે. તેના જવાબમાં, બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) અને બાંગ્લાદેશ જમાત-એ-ઈસ્લામીના કાર્યકરો ગુરુવારે ઢાકાના અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને કેટલીક જગ્યાએ જુલુસ પણ કાઢ્યા હતા.

બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામે કરાયેલા માનવતા વિરુદ્ધના ગુનાઓના કેસના ચુકાદાની તારીખ જાહેર કરવામાં આવી છે. ઢાકામાં ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT) સોમવાર, 17 નવેમ્બરના રોજ પોતાનો ચુકાદો સંભળાવશે.

આજે ICTની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સરકારી વકીલે હસીના વિરુદ્ધ પાંચ ગંભીર આરોપો લગાવાયા છે, જેમાં હત્યા, ગુનાને રોકવામાં નિષ્ફળતા અને માનવતા વિરુદ્ધના ગુનાઓ સૌથી મુખ્ય છે.

આ કેસને લઈને વધતા તણાવને કારણે બાંગ્લાદેશ હાઈ એલર્ટ પર છે. દેશભરના એરપોર્ટ અને મુખ્ય ઈમારતો પર પોલીસ અને લશ્કરી તહેનાત વધારી દેવામાં આવી છે.

આ ઘટનાઓ 5 ઓગસ્ટ, 2024ના રોજ શરૂ થઈ હતી, જ્યારે બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર ઉથલાવી દેવામાં આવી હતી. તેની પહેલા અને ત્યારબાદ દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો, આગચંપી અને હિંસા થઈ હતી.

સરકાર પર વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓની ધરપકડ, ત્રાસ અને ગોળીબાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હિંસા વધતી જતી હોવાથી, શેખ હસીના દેશ છોડીને ભાગી ગઈ અને ભારતમાં આશરો લીધો.

ત્યારબાદ, બાંગ્લાદેશ ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે તેમની સામે કેસ દાખલ કર્યો. કોર્ટે તેમને દેશમાં પાછા ફરવા અને કેસમાં હાજર થવાનો આદેશ આપ્યો, પરંતુ તેમણે ઈનકાર કરી દીધો.

ટ્રિબ્યુનલના સરકારી વકીલ, ગાઝી મુનાવર હુસૈન તમીમે જણાવ્યું હતું કે 13 નવેમ્બરના રોજ ફક્ત ચુકાદાની તારીખ જાહેર કરવામાં આવશે, પરંતુ તે દિવસે સજા જાહેર કરવામાં આવશે નહીં. સામાન્ય રીતે, ચુકાદો જાહેર કરવામાં લગભગ એક અઠવાડિયા લાગે છે.

હસીનાએ કહ્યું છે કે આખો કેસ રાજકીય ષડયંત્ર છે. તેમનો દાવો છે કે ટ્રિબ્યુનલ નિષ્પક્ષ નથી અને બધા આરોપો ખોટા અને બનાવટી છે. તેમણે કાનૂની પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ હોવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેમને રાજકીય રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. યુનુસ સરકારે હસીના વિરુદ્ધ 225થી વધુ કેસ કર્યા છે, જેમાં હત્યા, અપહરણથી લઈને રાજદ્રોહનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશ સરકારે શેખ હસીનાનો પાસપોર્ટ પણ રદ કરી દીધો છે.

આ દરમિયાન, બાંગ્લાદેશ માટે ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલે તેમના વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ટ્રિબ્યુનલે હસીનાને 12 ફેબ્રુઆરી સુધીમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો.બાંગ્લાદેશે પણ ભારતને હસીનાને દેશનિકાલ કરવાની અપીલ કરી છે. જોકે, ભારત સરકારે તેમના વિઝા લંબાવી દીધા છે, અને સ્પષ્ટ કર્યું છે કે તેમને બાંગ્લાદેશ દેશનિકાલ કરવામાં આવશે નહીં.

ગયા વર્ષે બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના નેતૃત્વ હેઠળ મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. 5 ઓગસ્ટ, 2024ના રોજ, એક ટોળાએ તત્કાલીન વડાપ્રધાન શેખ હસીના (77) ના નિવાસસ્થાન પર હુમલો કર્યો. ટોળું પહોંચતા પહેલાં હસીના બાંગ્લાદેશથી ભાગી ભારત આવી ગયા હતા. ત્યારથી તેઓ ભારતમાં જ રહે છે. આ સાથે, બાંગ્લાદેશમાં 20 વર્ષ જૂની અવામી લીગ સરકાર પડી ભાંગી. ત્યારબાદ મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં એક વચગાળાની સરકાર બનાવવામાં આવી. દેશભરના વિદ્યાર્થીઓ ક્વોટા સિસ્ટમને લઈને હસીના સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

---

# અમેરિકાના ઈતિહાસનું સૌથી લાંબુ શટડાઉન 43 દિવસ બાદ સમાપ્ત...

## ટ્રમ્પે બિલ પર સહી કરી, હેલ્થકેર પ્રોગ્રામ પર કોઈ સર્વસંમતિ નહીં; વિપક્ષે કહ્યું- લડાઈ ચાલુ છે

**વોશિંગ્ટન, તા.13**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે સરકારી ફંડિંગ બિલ પર હસ્તાક્ષર કર્યા, જેનાથી 43 દિવસના શટડાઉનનો અંત આવ્યો. આ બિલને હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (નીચલું ગૃહ) દ્વારા 222-209 મતથી પસાર કરવામાં આવ્યું. જોકે, તેમાં હેલ્થકેર પ્રોગ્રામ ACA સબસિડી (ઓબામા કેર સબસિડી) માટે પ્રીમિયમ ટેક્સ ક્રેડિટ લંબાવવાનું કોઈ વચન આપ્યું નથી, જે 31 ડિસેમ્બર, 2025ના રોજ સમાપ્ત થાય છે. આ બિલ સેનેટ (ઉપલા ગૃહ) માં પહેલાથી જ પસાર થઈ ગયું છે. ટ્રમ્પે બિલ પર હસ્તાક્ષર કરતા પહેલા કહ્યું, 'દેશ ક્યારેય આનાથી સારી સ્થિતિમાં રહ્યો નથી. આ એક મહાન દિવસ છે.' જે 31 જાન્યુઆરી સુધી સરકારને ફંડિંગ પૂરું પાડશે. આ બિલ એજન્સીઓને 31 જાન્યુઆરી સુધી કર્મચારીઓને છૂટા કરવાથી પણ અટકાવે છે. આ દરમિયાન, કેટલાક ડેમોક્રેટિક નેતાઓએ જાહેરાત કરી છે કે તેઓ ACA સબસિડીવાળા ટેક્સ ક્રેડિટ્સનો વિસ્તાર કરવા માટે લડાઈ ચાલુ રાખશે. તેમણે કહ્યું, 'આ લડાઈ હજુ પૂરી થઈ નથી, અમે લડતા રહીશું.' ડેમોક્રેટ્સના ન્યુજર્સી અને એરિઝોનામાં હાઈ-પ્રોફાઈલ ચૂંટણીઓ જીતી તેના આઠ દિવસ પછી આ મતદાન થયું, જેના કારણે પાર્ટીના ઘણા લોકો માનતા હતા કે આરોગ્ય વીમા સબસિડીના વિસ્તરણની તેમની શક્યતાઓ મજબૂત બનશે, જે વર્ષના અંતમાં સમાપ્ત થવાની છે. જ્યારે આ સમજુતી હેઠળ ડિસેમ્બરમાં સેનેટમાં આ સબસિડી પર મતદાનનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ ગૃહમાં આવું કોઈ વચન આપવામાં આવ્યું નથી. રિપબ્લિકન સાંસદ ડેવિડ શ્વેઈકર્ટે તેને એક ટીવી શો ગણાવ્યો જેવે સાચો મુદ્દો સમજાયો નથી. જ્યારે ડેમોક્રેટિક સાંસદ મિકી શેરિલે કહ્યું કે ગૃહ ટ્રમ્પ માટે રબર સ્ટેમ્પ ન બનવું જોઈએ, જે બાળકો પાસેથી ખોરાક અને સારવાર છીનવી રહ્યા છે, અને દેશને હાર ન માનવા અપીલ કરી. બુધવારે રાત્રે ગૃહ દ્વારા ફંડિંગ બિલ પસાર થયા પછી, ડેમોક્રેટિક નેતા હકીમ જેફ્રીસ, વ્હીપ કેથરિન ક્લાર્ક અને કોકસ અધ્યક્ષ પીટ એગુઈલરે એક સંયુક્ત નિવેદન બહાર પાડીને કહ્યું કે તેઓ આ ક્રેડિટ્સને ત્રણ વર્ષ સુધી લંબાવવા માટે લડશે, જે ગરીબ અને મધ્યમ વર્ગના અમેરિકનો માટે આરોગ્ય વીમો સસ્તો બનાવે છે. હકીમ જેફ્રીસે કહ્યું, 'આ લડાઈ હજુ પૂરી થઈ નથી. આપણે હમણાં જ શરૂઆત કરી રહ્યા છીએ. આપણે આજે લડીશું, કાલે લડીશું, આ અઠવાડિયે લડીશું, આવતા અઠવાડિયે લડીશું, આ મહિને લડીશું, આવતા મહિને લડીશું, અમેરિકન લોકો માટે આ લડાઈ જીતીશું ત્યાં સુધી લડીશું.'



ટ્રમ્પે ટ્રુથસોશિયલ પર ACA સબસિડી (ઓબામા કેર સબસિડી) ને 'આરોગ્ય વીમા કંપનીઓ માટે નફો અને અમેરિકન લોકો માટે આપત્તિ' તરીકે જણાવ્યું હતું.

ટ્રમ્પ કહે છે કે સબસિડીને બદલે, લોકોને સીધા પૈસા આપીને તેઓ પોતાની પસંદગીનો વીમો ખરીદવાની સુવિધા આપવી જોઈએ. તેમણે લખ્યું, 'હું આ સમસ્યાના ઉકેલ માટે બંને પક્ષો સાથે કામ કરવા તૈયાર છું.' ટ્રમ્પની દલીલ છે કે સરકારે નાગરિકોને સીધા પૈસા આપવા જોઈએ જેથી તેઓ કંપનીઓ દ્વારા નહીં, પણ પોતાની પસંદગીનો વીમો ખરીદી શકે. ડેમોક્રેટ્સ કહે છે કે જો આ સબસિડી નાબૂદ કરવામાં આવે અથવા ઘટાડવામાં આવે, તો લાખો અમેરિકનો માટે વીમા પ્રીમિયમ આસમાને પહોંચશે, અને ઘણા લોકો કવરેજ ગુમાવશે.

## તંત્રી લેખ

# ભરણપોષણ નહીં, મને ક્લબની મેમ્બરશિપ આપ...'

અમદાવાદનાં એક પતિ-પત્નીની વાત છે. બંને કમાતાં હતાં એટલે બંનેએ પોતાના નામે જોઈન્ટ લોન પર ઘર ખરીદ્યું. પત્નીનો પગાર પતિ કરતાં ત્રણથી ચાર ગણો વધારે હતો. બંનેના લવ મેરેજ હતાં. શરૂઆતમાં બધું વ્યવસ્થિત ચાલ્યું. જોકે, પછી ખ્યાલ આવ્યો કે ભાઈ તો રંગીન મિજાજના છે ને તેમનાં અફેર અલગ-અલગ યુવતીઓ સાથે છે. પતિ ઘરની કોઈ જવાબદારી લેવા તૈયાર નહોતા. ઘરની લોનનો હપ્તો ના ભરે, ઘરખર્ચના પૈસા ના આપે. અધૂરામાં પૂરું તેમને દારૂ પીવાની ટેવ હતી. પત્ની પૈસા ના આપે એટલે પતિ બેરહેમીથી ઝૂડી નાખે. પત્નીને એવું હતું કે લવ મેરેજ છે ને હવે પરિવારમાં કોઈને કંઈ કહેશે તો સામે સંભળાવશે કે શું જોઈને લગ્ન કર્યાં હતાં. પત્ની આ જ કારણે સહન કરતી ને પતિ આ નબળાઈનો ફાયદો ઉઠાવીને પત્ની પર અત્યાચારો કરતો. પતિનો માર એ હદે વધી ગયો કે પછી પત્નીની સહનશક્તિએ જવાબ આપી દીધો ને પછી તેણે ડોમેસ્ટિક વાયોલન્સ હેઠળ કેસ કર્યો. તો પતિએ પત્નીને પોતાના જ ઘરમાંથી કાઢી મૂકી ને તે પિયરમાં જઈને રહેવા લાગી. પિયરમાં રહેવા છતાંય તે ઘરની લોનનો હપ્તો તો રેગ્યુલર ભરતી જ હતી. પત્નીએ ભરણપોષણને બદલે ઘર માગ્યું તો પતિએ કોર્ટમાં એવો જવાબ આપ્યો કે તે મારા કરતાં વધારે કમાય છે તો કેવી રીતે આપું. પતિ જલસાથી બે વર્ષ ઘરમાં રહ્યો. જજે પતિ વિરુદ્ધના તમામ પુરાવા જોયા કે તેણે ક્યારેય ઘર ચલાવવા માટેની જવાબદારી લીધી નથી. જજે પત્નીને ઘરમાં રહેવાના અધિકાર આપ્યા, પરંતુ પતિ-પત્ની સાથે એક જ છત નીચે રહી શકે તેમ નહોતાં. એટલે ઘર પત્નીને આપ્યું ને પતિને ઘરની લોનના હપ્તામાં અડધો ભરવાનું સ્પષ્ટપણે જણાવ્યું. પતિએ નકલી સહીઓ કરીને માતાના અકાઉન્ટથી દસેક લાખ રૂપિયા બારોબાર સેરવી લીધા હતા. આ બધી વાતનો ખ્યાલ પછી આવ્યો. અંતે બે વર્ષ બાદ પતિએ ઘર ખાલી કર્યું. પતિ ડિવોર્સ આપવા તૈયાર નહોતો. તેની વિરુદ્ધ ડોમેસ્ટિકના કેસ કરવામાં આવ્યા અને તે પછી ડિવોર્સ માટે તૈયાર થયો. પતિનો માર એ હદે વધી ગયો કે પછી પત્નીની સહનશક્તિએ જવાબ આપી દીધો ને પછી તેણે ડોમેસ્ટિક વાયોલન્સ હેઠળ કેસ કર્યો. તો પતિએ પત્નીને પોતાના જ ઘરમાંથી કાઢી મૂકી ને તે પિયરમાં જઈને રહેવા લાગી. પિયરમાં રહેવા છતાંય તે ઘરની લોનનો હપ્તો તો રેગ્યુલર ભરતી જ હતી. પત્નીએ ભરણપોષણને બદલે ઘર માગ્યું તો પતિએ કોર્ટમાં એવો જવાબ આપ્યો કે તે મારા કરતાં વધારે કમાય છે તો કેવી રીતે આપું. પતિ જલસાથી બે વર્ષ ઘરમાં રહ્યો. જજે પતિ વિરુદ્ધના તમામ પુરાવા જોયા કે તેણે ક્યારેય ઘર ચલાવવા માટેની જવાબદારી લીધી નથી. જજે પત્નીને ઘરમાં રહેવાના અધિકાર આપ્યા, પરંતુ પતિ-પત્ની સાથે એક જ છત નીચે રહી શકે તેમ નહોતાં. એટલે ઘર પત્નીને આપ્યું ને પતિને ઘરની લોનના હપ્તામાં અડધો ભરવાનું સ્પષ્ટપણે જણાવ્યું. પતિએ નકલી સહીઓ કરીને માતાના અકાઉન્ટથી દસેક લાખ રૂપિયા બારોબાર સેરવી લીધા હતા. આ બધી વાતનો ખ્યાલ પછી આવ્યો. અંતે બે વર્ષ બાદ પતિએ ઘર ખાલી કર્યું. પતિ ડિવોર્સ આપવા તૈયાર નહોતો. તેની વિરુદ્ધ ડોમેસ્ટિકના કેસ કરવામાં આવ્યા અને તે પછી ડિવોર્સ માટે તૈયાર થયો.

# સ્વાદ એટલે કે આહાર રસનાં છ પ્રકાર છે, ગળ્યો, તીખો, ખાટો, ખારો, તૂરો, ને કડવો.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિયાળાની ઋતુ શરૂ થતાં જાતજાતનાં સ્વાસ્થ્ય વર્ધક ખાણીપીણીની બજાર શરું થઈ ગઈ! અને સોશિયલ મીડિયા પર લાઈક માટે કેટલાંય વિડિયોની વણજાર થઈ ગઈ! પણ સ્વાદએ તત્વતઃ રસ એટલે તરલ પદાર્થના સ્વાદથી જીવન તૃપ્તિનો અનુભવ કરે એ રસ! જળ એ તરલ પદાર્થ છે. વિજ્ઞાન મુજબ માનવીય શરીર બંધારણ પ્રમાણે 60 થી 65 % તેમાં પાણી રહેલું છે. બાહ્ય પ્રકૃતિમાં જોઈએ તો પૃથ્વીની સપાટીનો 71 % જેટલો ભાગ જળ તત્વથી ઘેરાયેલો છે. એટલે તત્વતઃ બાહ્ય અને આંતરિક પ્રકૃતિમાં જળ તત્વ એટલે રસ પોણા ભાગનો હિસ્સો ધરાવે છે એમ કહી શકાય.

સ્વાદ એ મુખ્ય રસ એ રીતે જોઈએ તો આપણે ત્યાં આહાર રસના છ પ્રકાર છે, ગળ્યો, તીખો, ખાટો, ખારો, તૂરો, ને કડવો. પરંતુ મોટાભાગનાની મમતા ગળ્યો કે તીખો આસપાસ ભમે છે. લગભગ કડવો રસ પસંદ નથી, પરંતુ આયુર્વેદના કહેવા પ્રમાણે છ એ રસ પ્રમાણસર પ્રમાણમાં શરીરને મળવા જોઈએ, તો જ એ નીરોગી રહે. જેમ કેરી ગળી છે, એમ લીમડાની લીંબોળી કડવી છે, ગળ્યો પણ રસ છે, અને કડવો પણ રસ છે. પણ સ્વાદના રસના તફાવતથી અતૃપ્તિ થાય છે, જે હકીકતમાં થવી જોઈએ નહીં,પણ ઈચ્છા નામની વૃત્તિ બળવાન સાબિત થાય છે. કડવા રસને દુઃખ સાથે જોડવામાં આવે છે, અને એટલે જ આ દુખ લગભગ કડવા રસ જેમ કોઈને ગમતા નથી. પણ જેમ શરીર સ્વાસ્થ્ય માટે કડવો રસ પણ જરૂરી છે, એ જ રીતે જીવનમાં દુઃખનું પણ એક મહત્વ છે, અને દુઃખ આવે પછી જ સુખની કિંમત થતી હોય છે. એટલે કે વસ્તુનાં અભાવ પછી જ્યારે તે વસ્તુ પ્રાપ્ત થાય, ત્યારે તેનો આનંદ અનેરો હોય છે. જેમ જીભ સ્વાદ પારખે છે, અને પોતાની ઈચ્છા પ્રમાણેનું ખાવા પીવા મળે તો એ આનંદ અનુભવે છે, પણ પછી એને ક્યારેય ખાવું પીવું નથી પડતું એવું બનતું નથી, એટલે કે કાયમની તૃપ્તિ થતી નથી. તેમ જીવનમાં પણ પોતાની ઈચ્છા પૂરી થાય, એટલે માનવી ક્ષણિક સુખ કે આનંદ મેળવે છે,પણ વળી પાછું બીજા વસ્તું પદાર્થની મોહ, માયામાં અટવાય છે, અને તેને મેળવવા તલપાપડ થાય છે.

આયુર્વેદની રીતે શરીર ત્રણ પ્રકારના દોષ ધરાવે છે, વાત, પિત્ત, અને કફ આ ત્રણેયનું પ્રમાણ જળવાઈ રહે, તો શરીર સ્વસ્થ છે, એમ કહેવાય એટલે કે ત્રણેયની તત્વતઃ હાજરી પણ એટલી જ જરૂરી છે, પણ તેમાં વધઘટને કારણે બીમારીનો નિર્દેશ બતાવાયો છે. માનવી દ્વારા આહારમાં ગ્રહણ કરતાં પદાર્થોને કારણે આ ત્રણ દોષમાં પ્રકોપ આવે છે. દેખીતી રીતે માનવીએ આ ત્રણ દોષનો પ્રકોપ વધે નહીં, એ રીતના આહારનું સેવન કરવું જોઈએ, અને તેને આપણે પૌષ્ટિક ખોરાક



એવું નામ પણ આપ્યું છે. પરંતુ આપણી મમતા તેની તરફ રહેતી નથી, અને જે આપણી માટે બાધ્ય છે, એટલે કે આ ખાવાથી આપણને નુકસાન થાય છે, એ વસ્તુ તરફ આપણી મમતા વધુ હોય છે, એ એક માનવીય સ્વાભાવિક ગુણ છે. કે જેનું તેને બંધન હોય, તે એને ખાસ કરવાની ઈચ્છા થાય, પછી તે બાળક હોય કે વૃદ્ધ હોય! બાકીના બધા જ પદાર્થો ભોગ્ય છે, પણ જેનો નિષેધ છે, તેમાં જ તેને રસ દેખાય છે. એટલે વ્યાવહારિકતા અને વાસ્તવિકતા એ બંને અહીં ભિન્ન થતાં આ પરિસ્થિતિ સર્જાય છે. વાસ્તવિકતા એ છે કે તેણે એ પદાર્થ છોડીને બાકીના અન્ય પદાર્થો માંથી રસ કેળવવાની શરૂઆત કરવી જોઈએ. જેમ કે ડાયાબિટીસનાં દર્દીઓને ગળ્યું ખાવાનું નિષેધ હોય છે, પણ દવાની ગોળી ખાઈને પણ બધા ગળ્યું ખાતા હોય છે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે રસ વસ્તુમાં છે, એની કરતા આપણી ઈચ્છાશક્તિનો રસ વધુ પ્રબળ બને, ત્યારે માનવીનું જીવન અસ્વસ્થ બને છે, અને એમાંથી જીવનનાં મુખ્ય નવ રસનું નિર્માણ થાય છે.

શૃંગાર રસ,હાસ્ય રસ, વીર રસ, રૌદ્ર રસ, કરુણ રસ, અદ્ભૂત રસ, ભયાનક રસ, બીભત્સ રસ, શાંત રસ. સ્વાદ માં સુખ સમાયું છે, કે સુખમાંથી સ્વાદ કે રસ લેવાની આપણી વૃત્તિ વધતી જાય છે, એ વ્યક્તિ એ વ્યક્તિ જુદું પણ જોવા મળે,પણ તત્વતઃ સુખ નામની ભ્રાંતિને કારણે આ બધા જીવનના મુખ્ય રસ બને છે, અને તેના દ્વારા આપણું જીવન પ્રભાવિત થતું રહે છે, અને એ પણ શારિરીક કે માનસિક સ્વસ્થતા કે અસ્વસ્થતાનું કારણ બની શકે છે. દાખલા તરીકે કોઈને મિષ્ટાન ખાવાનું મન થયું, અને મળ્યું નહીં, એટલે કે ગળ્યા રસની પરિતૃપ્તિ ન થઈ એટલે ક્રોધ આવ્યો કે રૌદ્ર રસ આવ્યો.એ જ રીતે કોઈ ને એણે ઈચ્છ્યું એ મળ્યું તો એને પરિતૃપ્તિ થઈ, અને એનો મૂળ રસની સાથે સાથે સુખનો અનુભવ થયો, તો એની મન નામની ઈન્દ્રિય શાંત થઈ, એટલે શાંત રસ પ્રાપ્ત થયો. પરંતુ અહીં આહાર ના ઘટક માંથી જ રસ પ્રાપ્ત થાય એવું નથી. અહીં કોઈવાર સજવા સંવારવાથી પણ રસ પ્રાપ્ત થાય છે, કે પછી કોઈ સુંદરતાના દર્શનથી પણ પરિતૃપ્તિ થાય, અને કોઈ એવું સૌંદર્ય મેળવવા ઝંખે કે સૌંદર્યના દર્શનને ઝંખે, અને ના મેળવી શકે ત્યારે હિંસા કરે, તો બાકીના રસમાંથી કોઈ ભયાનક રસ પણ ઉદ્ભવી શકે. સમાજમાં અમુક લોકોની માનસિકતામાં વિકૃતિ હોય છે, અને તેને સીધી સાદી રીતે કોઈ વસ્તુઓ ગ્રહણ કરવાની ટેવ હોતી નથી. તો એ હિંસાત્મક અભિગમ પણ અપનાવી શકે છે, અને ત્યારે બીભત્સ રસ દેખાય છે. ઘણીવાર કોઈ ઘટના હાસ્યનું કારણ પણ નીપજાવે છે, અને તેમાંથી હાસ્યરસ ઝરે છે. કોઈવાર કોઈ પ્રત્યે અત્યંત દયા, સહાનુભૂતિ, કે સંવેદનાના ભાવ થાય. કોઈ અભાવગ્રસ્તને પીડાતાં જોઈએ કે દર્દથી પીડાતા જોઈએ, ત્યારે આવો ભાવ જન્મે, એ કરુણરસ છે. દાખલા તરીકે અત્યારે શિયાળો છે, અને આપણે આપણા ઘરમાં સુરક્ષીત શાલ સ્વેટર પહેરેલા છીએ, અને ઠંડી ઓછી લાગે તેવું બધું કર્યું છે, ત્યારે આપણને રસ્તા પર ખુલ્લા શરીરે પડેલા લોકોની તરફ અનુકંપા થાય તે કરુણ રસ બતાવે છે. કુદરતી હોનારત નો ભોગ બનેલા કે પછી અત્યંત કપરી પરિસ્થિતિમાં કોઈ ગંભીર બીમાર બને ત્યારે પણ આપણને સહજ અનુકંપા થાય છે, અને એને માટે કંઈક કરવાની તીવ્ર ઈચ્છા પણ થાય છે. એટલે મન નામની ઈન્દ્રિય દરેક વખતે પોતાની માટે જ ઝંખે તેવું જરૂરી નથી,પણ એની માટે એને એવી આદત પાડવી પડે,જે આપણે પાડી શકતા નથી.અથવા તો આપણી મળ્યા ન મળ્યાની સમસ્યાઓ એટલી બધી હોય છે કે, અન્ય તરફ આપણું ધ્યાન જતું નથી, અને એટલે જ મનની ચંચળતા ઓછી થતી નથી, અને આપણે જીવનનો રસ નીજી અસંતોષને કારણે લઈ શકતા નથી, નહીં તો આપણી હેસિયત કરતા આપણને વધુ મળ્યું છે, એમાં કોઈ બેમત નથી. ભૂખની રીતે જોઈએ તો જીભનો સ્વાદ એ સ્થૂળ સુખ પ્રેરક છે, દેહની ભૂખનો ભોગ રસ અને મનની ભૂખ જે લગભગ કોઈની પૂર્ણ થતી નથી, એની માટે તો જીવનમાં સૌથી સ્વાદુ એવા સંતોષ નામના વ્યંજનનો એક વાર સ્વાદ લેવો પડે, કદાચ જિંદગી છે એની કરતા વધુ સરળ અને સ્વાદિષ્ટ કે રસાળ બની શકે. આપણા જીવનમાં જે કંઈ આપણને મળ્યું છે એટલે કે, પરિવાર રૂપે, પદાર્થ રૂપે, અને અંદરોઅંદરનાં પ્રેમ રૂપે એ બધું જ પર્યાપ્ત છે, એવો એકવાર અહેસાસ કરીને, જીવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# ઓગડ તાલુકાના મુખ્ય મથક થરા નગરના માર્ગો પર રખડતા પશુઓનો ત્રાસ દિવસેને દિવસે વધતા નગરવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા



યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 13

બનાસકાંઠા જિલ્લાના ઓગડ તાલુકાના મુખ્યમથક થરા નગરના માર્ગો પર રખડતા પશુઓનો ત્રાસ દિવસેને દિવસે વધુ જોવા મળી રહ્યો છે. ત્યારે રખડતા ઢોરને કારણે થરા નગરવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રખડતાં ઢોરો ગાયો આખલાઓ ના કારણે વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ પણ ઘણીવાર નગરમાં વાહન ચાલકો સહીત સ્થાનિક લોકની ફરિયાદ છતાં તંત્ર ઘોર નિંદ્રામાં જોવા મળી રહ્યું છે. થરા નગરના મુખ્ય માર્ગ અને નેશનલ હાઈવે થી લઈને માર્કેટ યાર્ડ,ટોટાણા,દિયોદર રોડ ગરનાળા તેમજ મહારાણા પ્રતાપ ચર રસ્તા ઉપર ગાય આખલાઓ નું સામ્રાજય જોવા મળે છે થરા નગરમાં જ્યાં જુઓ ત્યાં રખડતા ગાય આખલાઓ જાહેર રોડ રસ્તા વચ્ચે નજરે પડે છે અને અનેકવાર નગરમાં અકસ્માતના લોકો ભોગ બની ચૂક્યા છે છતાં તંત્ર ભેદી મૌન સેવી રહ્યું છે.ત્યારે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ બને તો જવાબદાર કોણ વગેરે સવાલો લોકો કરી રહ્યા છે.તંત્ર દ્વારા રખડતા ઢોરને પાંજરે પૂરવાની કવાયત ઝડપી હાથ ધરવામાં આવે તેવી લોકો ની માંગ ઉઠી છે. થરા નગરમાં જો તંત્ર દ્વારા વહેલી તકે કામગીરી હાથ ધરવામાં નહિ આવે તો થરા નગરમા રખડતા ઢોરને કારણે અનિચ્છનીય બનાવ બને તેવો માહોલ જોવા મળ્યો છે. ત્યારે ચોક્કસ થી કહી શકાય કે થરા નગર ખાતે આખલાઓનું સામ્રાજ્ય ઠેર ઠેર જોવા મળી રહ્યું છે. ગાય આખલાઓ મુખ્ય માર્ગ રસ્તા વચ્ચે ફરતા હોઈ અકસ્માત તથા ટ્રાફિકની સમસ્યા જોવા મળે છે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે રખડતા ઢોરને નંદી ગૌ શાળામાં મોકલવામાં આવે તેવી થરા નગરજનો વાહનચાલકો અને વેપારીઓની માંગ ઉઠવા પામી છે.બીજી તરફ થરા નગરમાં ઠેરઠેર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ રહી છે.ત્યારે માર્કેટ યાર્ડ ટોટાણા દિયોદર રોડ ગરનાળામાં પણ દિવસભર ભારે ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે અને વાહનોની લાઈન લાગી જવા પામે છે. થરા તાણા નગર રોડપ્ર શૈક્ષણિક સંસ્થાઓ આવેલ હોવાથી સવારે બપોરે સાંજે બહુચરાજી મંદિર નિલકંઠ મંદિર અને માર્કેટ યાર્ડ પાસે પણ વારંવાર ટ્રાફિકના દ્રશ્યો જોવા મળતા હોય છે.ત્યારે હાઈવે ઉપર આવેલા દિયોદર રોડ ત્રણ રસ્તા માર્કેટયાર્ડ નજીક પણ ભારે ટ્રાફિકના દ્રશ્યો સર્જાયાં છે. છેલ્લા કેટલાક સમયથી ઓગડ તાલુકામાં ખેતીના પાકોની સિઝન અને શૈક્ષણિક નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પરીક્ષાઓ ચાલતી હોવાના કારણે અવાર- નવાર ટ્રાફીક સર્જાતું હોય છે નેશનાલ હાઈવે હોવાથી ટ્રાફિક જામના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓગડ તાલુકામાં કૃષિપાકની સીઝન હોવાથી વાહનોની અવરજવર વધતા ટ્રાફિક સમસ્યા પેચીદી બની જવા પામી હતી હાઈવે ઉપર ઠેરઠેર રેત ભરેલા ટર્બા ટ્રેક્ટરોની લાઈનો જોવા મળી રહી છે.ત્યારે ટ્રાફિક નિયમોનું પાલન ન થતું હોવાના કારણે વારંવાર ટ્રાફિક જામ થઈ જાય છેપોલીસક્યાં?

# સત્કર્મ કરવું ને ગુપ્ત રાખવું એવી ઈચ્છા થાય તો તે દૈવી ઈચ્છા સમજવી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો ભગવાન કહે છેકે,હું માખણચોર છું.જેના મન ની હું ચોરી કરું છું,તે જ મને ઓળખી શકે છે. શ્રીકૃષ્ણને ગુપ્ત રહેવાની ઈચ્છા રહે છે. સત્કર્મ કરવુંને ગુપ્ત રાખવું એવી ઈચ્છા થાય તો તે દૈવી ઈચ્છા સમજવી. ઈશ્વરે ગુલાબનું ફૂલ,કળી વગેરે અસંખ્ય ચીજ બનાવી છે, પણ કોઈ ઉપર પોતાનું નામ લખ્યું નથી. પણ મનુષ્ય મકાન ઉપર, વીંટી ઉપર અને શરીર ઉપર પણ નામ લખે છે. શરીર ઉપર નામ લખવાની શું જરૂર છે? કોણ તારો કાકો તને લઈ જવાનો હતો?લઈ જઈને શું કરવાનો! મકાન ઉપર લખે સંતોષ ભવન.પણ જીવને ઘડી સંતોષ નહીં. એટલું યાદ રાખજો કે, બહુ જાહેરાત થાય તો પુણ્યનો ક્ષય થાય છે. શ્રીકૃષ્ણ પાંડવો સાથે રહ્યા, પણ કોઈ તેને ઓળખી ન શક્યા. શ્રીકૃષ્ણ કેમ ઓળખાય? યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં તે લોકોનાં એઠાંપતરાવળાં ઉપાડે છે એમને ઓળખવા એ સહેલું નથી. દિવ્યને ઓળખવામાં દિવ્ય દ્રષ્ટિ જોઈએ.નારદજી ધર્મરાજાને કહે છે, હે રાજા, પ્રહલાદ કરતાંયે તમે વધારે ભાગ્યશાળી છો!પ્રભુ તો તમારે બારણે છે!નારદજી ઈશારે આમ કહે છે,પણ ધર્મરાજાને કંઈ સમજમાં આવતું નથી.એકદિવસ શ્રીકૃષ્ણને રુક્ષ્મણીએ કહ્યું, દુર્વાસા તમારા ગુરુ છે. ભારે તપસ્વી છે.આવા પવિત્ર બ્રાહ્મણ ને આપણા ઘરે જમાડવા જોઈએ શ્રીકૃષ્ણકહે,એ દૂરથીજ સારા છે, પણ રુક્ષ્મણજીએ બહુ આગ્રહ કર્યો એટલે તેમણે હા પાડી.

દુર્વાસાને આમંત્રણ અપાયું. દુર્વાસા આવવા તૈયાર થયા. તેમને રથમાં બેસાડ્યા ત્યારે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું,હું બ્રાહ્મણ છું, તમે ક્ષત્રિય છો. તમારે તો મારો રથ ખેંચવો જોઈએ. ભગવાન કહે, ખરી વાત! અને તરત જ ભગવાન ને રુક્ષ્મણીજી રથ ખેંચવા લાગ્યા. રથ ખેંચતા ખૂબ તરસ લાગી. રુક્ષ્મણીજી જળ પીવા તૈયાર થયાં. તે જોઈ દુર્વાસાને ક્રોધ ચડ્યો. એકદમ બોલી ઊઠ્યા, હું બ્રાહ્મણ છું, તમે ક્ષત્રિય છો,પણ બ્રાહ્મણને જમાડયા પહેલાં તમે જળપાન કરો છો! મારો તમને શ્રાપ છે, તમારા બેઉનો વિયોગ થશે! દુર્વાસાએ શ્રાપ આપ્યો પણ શ્રી કૃષ્ણે કહ્યું,શ્રાપ માથે ચઢાવીશ, પણ તમે મારા ઘરે પધારો. હવે દુર્વાસાને ભાન થયું,મેં શ્રાપ આપી ને ભૂલ કરી છે.તેથી કહે,શ્રાપ અપાઈ ગયો, તેથી હમણાં નહીં આવું. બાર વર્ષ પછી હું આવીશ અને તમારો વિયોગ ટાળીઆપીશ

નારદજી ધર્મરાજાને કહે છે કે, એવા આ ઋષિઓ તારે ત્યાં ખાવા આવ્યા નથી કે તારી પાસે કાંઈ માગવા આવ્યા નથી. તેઓ તો પરબ્રહ્મ પરમાત્માના દર્શન કરવા માટે તારે ત્યાં યજ્ઞમાં આવ્યા છે. માટે રાજા,પ્રહલાદ કરતાં પણ તું વધારે ભાગ્યશાળી છે. પરમાત્મા તારા સંબંધી થઈને આવ્યા છે અને તારે ત્યાં રહે છે. તારા ઘરમાં ભગવાન વિરાજ્યાછે પરમાત્મા તારી સભામાં જ છે. તારી સાથે જ,તારી સામે જ છે. નારદ ની વાત ખરી છે. આપણા ઘરમાં પણ ભગવાન છે, પણ નારદજી જેવા સંત આંખ આપે તો આપણને ભગવાનનાં દર્શન થાય!તે સાંભળી ધર્મરાજા સભા માં ચારે તરફ જોવા લાગ્યા. પણ તેને ક્યાંય પરમાત્મા દેખાતા નથી.

શ્રીકૃષ્ણ વિચારે છે,આ નારદ હવે ચૂપ રહે તો સારું.નહીંતરએ આજે મને જાહેર કરી દેશે. તેઓ કહે છે,નારદ,તું મને જાહેર કરીશ નહીં.તું તારે જે કથા કરે છે તે જ કર્યા કર!પણ નારદ જેનું નામ?ભગવાને ઈશારે જાહેર કરવાની ના પાડી તો એમને બમણોજુસ્સો ચડ્યો.કહે,વિશ્વનાથ વિશ્વંભર પોતે અહીં આ સભામાં બિરાજ્યા છે.એ સાંભળી ધર્મ રાજા નારદજીને પૂછે છે, વિશ્વનાથ ક્યાં છે? વિશ્વંભર ક્યાં છે!મને તો ક્યાંયએ દેખાતા નથી. ક્યાં છે? મને કહો! હવે નારદજીથી રહેવાયું નહીં. ભગવાન નારાજ થાય તો ભલે થાય,હું એમને જાહેર કરીશ. એમનું કામ છૂપા રહેવાનું છે ને મારું કામ એમને પ્રગટ કરવાનું છે. એટલે નારદજી ભગવાન શ્રીકૃષ્ણ તરફ આંગળી ચીંધીને બોલ્યા, આ સામે બેઠાં એ જ. એ જ બ્રહ્મ.એ જ પરબ્રહ્મ. એમનાં જ દર્શન કરવા આ બધા ઋષિઓ આવ્યા છે.

પ્રભુએ માથું નીચું નમાવ્યું.કહે છે, હું બ્રહ્મ નથી.નારદ ખોટું બોલે છે. નારદજી કહે છે,એ જ. એને જૂઠું બોલવાની ટેવ પડી ગઈ છે. નાનપણમાં માટી ખાધેલી તોયે યશોદામાને કહે,મા,મેં માટી ખાધી નથી. આ બધા જૂઠું કહે છે! આ જ એમની લીલા છે!હવે ધર્મ રાજાને પરમાત્માનાં દર્શન થયાં ઈશ્વર તો સામે જ છે. હાજર જ છે, પણ નથી દેખાતો. એ કોણ દેખાડે! કોણ એ દ્રષ્ટિ આપે?તે માટે નારદની જરૂર.

પ્રહલાદ ચરિત્ર સાંભળ્યા પછી ધર્મરાજા નારદજીને મનુષ્યનો ધર્મ પૂછે છે. મનુષ્યનો સાચો મિત્ર ધર્મ છે.કોઈ પણ સાથ ન આપે ત્યારે ધર્મ સાથ આપે છે. કદાચ પૈસાનો નાશ થતો હોય તો થવા દેજો, પણ ધર્મ ન જાય તે જોજો. નહીં તો ધર્મ ને પૈસો બેય જશે. મનુષ્ય માને છે,સર્વ સુખનું સાધન ધન છે પણ આ અજ્ઞાન છે.સર્વ સુખનું સાધન ધન નથી પણ આ ધર્મ છે. માનવસૃષ્ટિનું સંચાલન કરવા ભગવાને જે કાયદા બનાવ્યા તે જ ધર્મ છે. આજના બનાવેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે, કારણ કે જેવા કાયદાના બનાવનારા તેવા જ કાયદા. એમાં એકે સ્થિતિ નહીં.હવે નારદજી ધર્મ સમજાવતાં સાધારણ ધર્મ અને વિશિષ્ટ ધર્મ ની વાત કહે છે. સાધારણ ધર્મ એટલે સર્વનો ધર્મ, સર્વેએ પાળવાનો ધર્મ,મનુષ્યમાત્ર નો ધર્મ નારદજી ધર્મનાં ત્રીસ લક્ષણો ગણાવે છે,તેમાં પહેલું લક્ષણ સત્ય અને છેલ્લું લક્ષણ આત્મ સમર્પણ. સત્ય એ ઈશ્વરનું સ્વરૂપ છે.સત્ય એ સાધન છે. સત્ય દ્વારા સત્યનારાયણમાં લીન થવાનું છે.સત્યમાં દઢ શ્રદ્ધા રાખો મહા ભારતમાં સત્યની વ્યાખ્યા એવી કરેલી છે કે, સર્વનું કલ્યાણ થાય એવું વિવેકથી બોલવુંએ સત્ય છે. શ્રીકૃષ્ણ અસત્ય બોલે તે સત્ય છે. દ્રોણાચાર્યના મૃત્યુ પ્રસંગે શ્રીકૃષ્ણ અસત્ય બોલ્યા છે. અશ્વત્થામા નામનો હાથી મર્યો તે વખતે યુક્તિથી કહે છે કે, અશ્વત્થામા માર્યો છે.દ્રોણાચાર્ય ધર્મરાજા ને પૂછે છે.શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે કે,અશ્વત્થામા હણાયો એમ કહો.સર્વના કલ્યાણની દ્દષ્ટિએ વિવેકથી બોલવું તે સત્ય.એ વ્યાખ્યા પ્રમાણે શ્રીકૃષ્ણ આ કહે છે. પાંડવો જીતે એટલે પાંડવોનું કલ્યાણ.દુર્યોધન મરે એટલે એનું યે કલ્યાણ,પણ એમાં દ્રોણનું કલ્યાણ કેવી રીતે!સર્વના કલ્યાણમાં દ્રોણનું પણ કલ્યાણ જોઈએને?દ્રોણાચાર્ય વેદસંપન્ન બ્રાહ્મણ છે.બ્રાહ્મણને યુદ્ધ કરવા અધિકાર નથી. કદાચ યુદ્ધ કરે તો ધર્મનું રક્ષણ કરવા માટે જ કરે, પણ દ્રોણાચાર્ય બ્રાહ્મણ હોવા છતાં અધર્મનું યુદ્ધ કરે છે.તેથી દ્રોણાચાર્યને પાપ કરતા અટકા વવા અને એ રીતે દ્રોણાચાર્યનું પણ કલ્યાણ કરવા શ્રીકૃષ્ણે આ પ્રમાણે આજ્ઞા કરી છે.

ધર્મરાજા દ્રોણાચાર્ય સાંભળે તેમ બોલે છે,અશ્વત્થમા હણાયો અને પછી ધીમેથી બોલે છે,નરો વા કુંજરો વા,એટલેકે કાં નર કાંકુંજર દયાએ ધર્મનું બીજું લક્ષણ છે. તુલસીદાસે કહ્યું છે કે,ઘટમાં પ્રાણ છેત્યાં લગી દયા કર્યા કરવી, પણ દયા વિવેકથી કરો.

ત્રીજું લક્ષણ પવિત્રતા. પવિત્રતા રાખવીએ સર્વનો ધર્મ છે.લોકો આજકાલ શરીરને બહુ શુદ્ધ રાખે છે પણ મનને કોઈ શુદ્ધ રાખતા નથી.મનશુદ્ધિ-ચિત્તશુદ્ધિ જરૂરની છે.શરીર કરતાં મનથી પાપ વધારે થાય છે. તન-મન શુદ્ધ રાખો.પછી આવે તપશ્ચર્યા.વાણી, વર્તન અને વિચારને શુદ્ધ રાખો. તપશ્ચર્યા છે પછી તિતિક્ષા. તિતિક્ષા રાખવી એ સર્વનો ધર્મ છે.ભગવદ્ કૃપાથી જે સુખદુઃખ આવે તે સહનકરજો શત્રુ પ્રત્યે પણ સદભાવ રાખજો. કોઈ પણ દુઃખમાં ધીરજ ખોઈ ન બેસવી. એક મહાત્મા પ્રભુના નામનો જપ કરતા જતા હતા.રસ્તામાં ધોબી એ કપડાં ધોઈને સૂકવેલાં. ભૂલથી તે કપડાં ઉપર એમનો પગ પડયો. ગુસ્સે થઈ ધોબી લાકડીથી મહાત્માને માર મારવા લાગ્યો. ભગવાને વિચાર્યું કે,સાધું મારું નામ લે છે અને હું તેનું રક્ષણ નહીં કરું તો મારી આબરુ જશે એટલે ભગવાન તેમની મદદે ધાયા. એટલામાં મહાત્માએ સહન શીલતા ગુમાવી.મહાત્માને થયું કે,હું પણ તગડો છું.ધોબીને પહોંચી વળીશ.ધોબીને મારવા મહાત્માએ લાકડી ઉગામી.એ જોઈ પ્રભુ ત્યાંથી પાછા ફરી ગયા ત્યારે લક્ષ્મીજી પૂછે છે તમે પાછા કેમ આવ્યા..? પ્રભુએ જવાબ આપ્યો બે ધોબીઓ લડે છે તો લડવા દો મારી હવે શું જરૂર છે.? આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે નાનકડી ચકલીની વાત જોઈએ એક સમયે,એક રાજા એકરાજ્ય પર રાજ કરતો હતો.તેનામહેલમાં એક સુંદર બગીચો હતો. બગીચાની સંભાળ રાખવાની જવાબદારી માળીની હતી.તે આખો દિવસ બગીચામાં વિતાવતો અને છોડની કાળજી પૂર્વક સંભાળ રાખતો. રાજા માળીના કામથી ખૂબ ખુશ હતો. બગીચામાં એક દ્રાક્ષનો વેલો હતો, જેમાં પુષ્કળ દ્રાક્ષ આવતી હતી.એક દિવસ,એક પક્ષી બગીચામાં આવ્યું અને દ્રાક્ષનો સ્વાદ ચાખ્યો. તે મીઠી હતી. તે દિવસથી, તે દરરોજ બગીચામાં આવવા લાગ્યો. પક્ષી દ્રાક્ષના વેલા પર બેસતું અને બધી મીઠી દ્રાક્ષ ખાઈ જતું,ખાટી અને પાકેલી દ્રાક્ષોને પાછળ છોડી દેતું.માળી પક્ષીના વર્તનથી ખૂબ ગુસ્સે થતો.તે તેને ભગાડવાનો પ્રયાસ કરતો, પરંતુ કોઈ ફાયદો થતો નહીં.જ્યારે માળી,ઘણા પ્રયત્નો છતાં,પક્ષીને ભગાડી શક્યો નહીં,ત્યારે તે રાજા પાસે ગયો. તેણે પક્ષીની તોફાન વિશે બધું કહ્યું અને કહ્યું, 'મહારાજ, પક્ષીએ મને પરેશાન કરી દીધો છે. તેને કાબુમાં રાખવું મારા માટે અશક્ય છે.હવે તમારે કંઈક કરવું પડશે.'

રાજાએ પક્ષીનો સામનો કરવાનું નક્કી કર્યું.બીજા દિવસે,તે બગીચામાં ગયો અને એક ગાઢ દ્રાક્ષની વેલા પાછળ સંતાઈ ગયો. હંમેશની જેમ, પક્ષી આવ્યું અને દ્રાક્ષના વેલા પર બેસીને દ્રાક્ષ ખાતો રહ્યો. તક ઝડપી લેતા, રાજાએ તેને પકડી લીધો. પક્ષીએ રાજાના હાથમાંથી પોતાને છોડાવવા માટે ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ વ્યર્થ. અંતે, તે રાજાને તેને છોડાવવા માટે વિનંતી કરવા લાગ્યો. રાજાએ ના પાડી. પછી પક્ષીએ કહ્યું, 'રાજા, જો તમે મને છોડી દો, તો હું તમને શાણપણની ચાર વાતો શીખવીશ 'રાજા પક્ષી પર ગુસ્સે થયો. પણ તેમ છતાં, તેણે સંમતિ આપી અને કહ્યું, 'ઠીક છે, પહેલા મને તે ચાર શાણપણના શબ્દો કહો. તે સાંભળ્યા પછી જ હું નક્કી કરીશ કે તમને જવા દેવા યોગ્ય છે કે નહીં.'

પક્ષીએ કહ્યું, 'ઠીક છે, રાજા. તો સાંભળો.પ્રથમ,જો તમને પકડવામાં આવે તો ક્યારેય દુશ્મનને ભાગવા ન દો.''ઠીક છે, અને બીજી વાત? 'રાજાએ પૂછ્યું.

'બીજી વાત,ક્યારેય અશક્ય કંઈ પણ માનશો નહીં.'પક્ષીએ પૂછ્યું.

'ત્રીજી વાત?''ભૂતકાળનો અફસોસ ન કરો.'

'અને ચોથી વાત.''રાજા! ચોથી વાત ખૂબ જ ગહન છે.હું તમને તે કહેવા માંગુ છું,પણ તમે મને ખૂબ જ કડક રીતે પકડી રાખ્યો છે. ''મારો ગૂંગળામણ થઈ રહી છે. કૃપા કરીને તમારી પકડ થોડી ઢીલી કરો, અને હું તમને ચોથી વાત કહીશ,' પક્ષીએ કહ્યું.

રાજાએ સંમતિ આપી અને તેની પકડ ઢીલી કરી.તેની પકડ ઢીલી થતાં,પક્ષીએ રાજાનો હાથ છોડી દીધો અને એક ઝાડની ઊંચી ડાળી પર ઉડી ગયું. રાજાએ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો.

ઝાડની ઊંચી ડાળી પર બેઠેલા પક્ષીએ કહ્યું, 'રાજા! ચોથી વાત એ છે કે ફક્ત શાણપણના શબ્દો સાંભળવાથી કોઈ ફાયદો થતો નથી.તેને અમલમાં મૂકવા પડે છે.

# ગુજરાતની ગૌરવવંતી સંસ્થા સ્પીપાની સિદ્ધિ

**અમદાવાદ, તા. 13**

ગુજરાત સરકારની સર્વોચ્ચ તાલીમી સંસ્થા, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), ગુજરાતના વધુમાં વધુ ઉમેદવારો યુપીએસસી (UPSC) સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં સફળ થાય તે હેતુથી વર્ષ ૧૯૯૨થી અમદાવાદ ખાતે 'યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીઝ સ્ટડી સેન્ટર' મારફત અખિલ ભારતીય સેવાઓ અને અન્ય કેન્દ્રીય સેવાઓ માટે વિના મૂલ્યે પ્રશિક્ષણ વર્ગોનું સંચાલન કરી રહી છે. સ્પીપા દ્વારા યુપીએસસી સિવિલ સર્વિસીઝ પરીક્ષાના ત્રણેય તબક્કાઓ પ્રિલિમ પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને સાક્ષાત્કાર કસોટી (પર્સનાલિટી ટેસ્ટ) માટે સઘન તાલીમ પૂરી પાડવામાં આવે છે. આ તાલીમના ભાગરૂપે, ઉમેદવારોને સ્પીપાની લાઈબ્રેરીમાં ૫૦,૦૦૦થી વધુ પુસ્તકો, મેગેઝીન અને ન્યૂઝ પેપર્સ સહિતનો જરૂરી અભ્યાસ સામગ્રીનો વિશાળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ સાથે, ઉમેદવારોની તૈયારી માટે આધુનિક વાંચનાલયની વ્યવસ્થા અને ઈન્ટરનેટના ઉપયોગ માટે વિના મૂલ્યે વાઈ-ફાઈ ફેસિલિટી પણ આપવામાં આવે છે. તાલીમાર્થીઓને ઉત્તેજન આપવા માટે સંસ્થા દ્વારા વિશેષ પ્રોત્સાહન સહાય યોજના અમલમાં છે. તાલીમવર્ગમાં પ્રવેશ મેળવ્યા બાદ વધુમાં વધુ સાત મહિના માટે પ્રતિમાસ રૂ. ૨,૦૦૦/-ની પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત, યુપીએસસીની પ્રિલિમ પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ. ૨૫,૦૦૦/- અને યુવતીને રૂ. ૩૦,૦૦૦/-ની, તેમજ મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકને રૂ. ૨૫,૦૦૦/- અને યુવતીને રૂ. ૩૦,૦૦૦/-ની પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. યુપીએસસીની પરીક્ષામાં ફાઈનલ પસંદગી પામનાર ગુજરાતના ડોમિસાઈલ યુવકને રૂ. ૫૧,૦૦૦/- અને યુવતીને રૂ. ૬૧,૦૦૦/- તેમજ ગુજરાતના નોન-ડોમિસાઈલ યુવકને રૂ. ૨૧,૦૦૦/- અને યુવતીને રૂ. ૩૧,૦૦૦/- પ્રોત્સાહન સહાય તરીકે આપવામાં આવે છે. યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૨૫ની મુખ્ય પરીક્ષા ઓગષ્ટ, ૨૦૨૫માં યોજવામાં આવી હતી. જેમાં સ્પીપાના કુલ ૨૭૨ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષા આપેલ. યુ.પી.એસ.સી. ધ્વારા તા.૧૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૫નું પરીણામ પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨,૭૩૬ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે ક્વોલિફાય કરવામાં આવ્યાં હતાં. છેલ્લા ત્રણ વર્ષમાં સ્પીપામાંથી પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થનાર તાલીમાર્થીઓની સંખ્યા કુલ ૧૬૦ હતી. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫ના મુખ્ય પરીક્ષાના તાલીમવર્ગમાં જોડાયેલા ૨૭૨ ઉમેદવારોમાંથી કુલ ૪૯ ઉમેદવારો પર્સનાલિટી ટેસ્ટ માટે ક્વોલિફાય થયેલ છે તેમજ સ્પીપાના એવા જુના તાલીમાર્થીઓ કે જેમણે યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ મુખ્ય પરીક્ષા ૨૦૨૫ પાસ કરેલ હોય તેવા ઉમેદવારો પણ સ્પીપાના પર્સનાલિટી ટેસ્ટમાં જોડાઈ શકે છે. આમ, ઉક્ત સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. યુપીએસસી દ્વારા લેવાયેલ સિવિલ સર્વીસીઝ પરીક્ષા ૨૦૨૫ના પર્સનાલિટી ટેસ્ટના તાલીમ વર્ગમાં વ્યાખ્યાન, ગ્રુપ ડિસ્કશન, વન ટુ વન ઈન્ટરવ્યું અને પાંચ કે છ નિષ્ણાંત અને અનુભવી અધિકારીશ્રીઓ (IAS, IFS, IPS વગેરે) તેમજ અનુભવી વ્યાખ્યાતાશ્રીઓની કમિટી બનાવી મોક ઈન્ટરવ્યુ ધ્વારા સઘન તાલીમ આપવામાં આવે છે.

# ઝાલોદ નગરપાલિકા સભાખંડમાં રાષ્ટ્રીય આપદા પ્રતિસાદ દળ (NDRF) ની ભૂમિકા અને જવાબદારીઓ અંગે માહિતી આપવામાં આવી



**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 13**

ઝાલોદ નગરપાલિકા સભાખંડમાં વડોદરાની રાષ્ટ્ર આપદા પ્રતિસાદ દળ (NDRF) દ્વારા અચાનક આવી પડેલ આપદામા ઘરેલુ નુસખા દ્વારા પ્રાથમિક કઈ કઈ સારવાર આપવી તે અંગે માહિતી આપવામાં આવી હતી. દેશમાં કટોકટીના સમયે કે અચાનક કોઈ કુદરતી આપદાઓમા કોઈપણ વ્યક્તિઓને પ્રાથમિક સારવાર કેવી રીતે આપી શકીએ અને કોઈપણ વ્યક્તિઓનો જીવ કેવી રીતે બચાવી શકીએ તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા રચાયેલ રાષ્ટ્રીય આપદા પ્રતિસાદ દળ (NDRF) દેશભરમાં આપદા અને કુદરતી આપત્તિની સ્થિતિમાં રાહત અને બચાવ કામગીરી માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. NDRFની સ્થાપના 2006માં આપદા વ્યવસ્થાપન અધિનિયમ-2005 અંતર્ગત કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ દરમિયાન લોકોના જીવ અને માલમત્તાનું રક્ષણ કરવો છે. NDRFની મુખ્ય જવાબદારીઓ: (1)પૂર, ભૂકંપ, ચક્રવાત, ભૂસ્ખલન, આગ જેવી આપત્તિઓમાં તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી કરવી ,(2) આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં બચાવ ટીમો, મેડિકલ સહાય અને આવશ્યક સામગ્રી પહોંચાડવી ,(3) સ્થાનિક પ્રશાસન અને રાજ્ય દળો સાથે મળીને તાલમેલ સાધવો ,(4) જાગૃતિ અભિયાન દ્વારા લોકોમાં આપત્તિ સમયે સુરક્ષા અને તૈયારીઓ અંગે માહિતી આપવી,(5) પ્રશિક્ષણ કાર્યક્રમો દ્વારા પોલીસ, હોમગાર્ડ અને સ્વયંસેવકોને આપદા વ્યવસ્થાપન માટે તાલીમ આપવી. હાલમાં NDRFના 06 બટાલિયન દેશના વિવિધ ભાગોમાં તહેનાત છે. દરેક બટાલિયનને વિવિધ પ્રકારની આપત્તિ માટે આધુનિક સાધનો અને તાલીમ આપવામાં આવી છે.

# વડોદરાની NDRF ટીમ દ્વારા માછણ નાળા ડેમ વિસ્તારની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા


**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 12**



વડોદરા : નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ટીમે માછણ નાળા ડેમ વિસ્તારની મુલાકાત લઈને વિસ્તારની પરિસ્થિતિનો વિગતવાર અભ્યાસ કર્યો અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી. ટીમે વરસાદી સિઝન દરમિયાન ડેમના પાણીના સ્તર, રિસાવાની સ્થિતિ તથા આસપાસના વિસ્તારોમાં સલામતીના પગલાંની તપાસ કરી. ટીમના અધિકારીએ જણાવ્યું હતું કે, જરૂર પડે ત્યારે સ્થાનિક પ્રશાસન અને એનડીઆરએફ મળીને તાત્કાલિક બચાવ કામગીરી કેવી રીતે હાથ ધરી શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં પૂર સમયે સાવચેતી રાખવા અને સરકારની સૂચનાઓનું પાલન થાય તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ મુલાકાતનો હેતુ પ્રાકૃતિક આફતો સમયે તાત્કાલિક પ્રતિસાદ ક્ષમતામાં વધારો કરવો અને સ્થળ પરની તૈયારીઓની સમીક્ષા કરવાનો હતો.

# લીમડી ગ્રામ પંચાયતની ઉઘરાણી સામે સંપત વિહાર સોસાયટીના રહેવાસીઓનો ઉગ્ર રોષ

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 13**




ગોવિંદ ગુરુ લીમડી બાયપાસ રોડ પર આવેલી સંપત વિહાર સોસાયટીના રહેવાસીઓએ લીમડી ગ્રામ પંચાયત વિરુદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. રહેવાસીઓનો આક્ષેપ છે કે પંચાયત દ્વારા સફાઈ વેરો, લાઈટ વેરો અને પાણી વેરા જેવી વિવિધ રકમો વસૂલવામાં આવે છે, છતાં સોસાયટીમાં મૂળભૂત સુવિધાઓ – સફાઈ, લાઈટ અને પાણી – ઉપલબ્ધ નથી. રહેવાસીઓએ જણાવ્યું કે સુવિધાઓ પૂરી પાડવામાં પંચાયત સંપૂર્ણ નિષ્ફળ રહી છે, છતાં હવે પંચાયત તરફથી ધમકીભરી નોટિસો મોકલી મકાન માલિકોને વેરા ચૂકવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. નોટિસમાં લખ્યું છે કે જો વેરો નહીં ભરાય તો મકાનો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. નાગરિકોએ આ પગલાને તાનાશાહી ગણાવી, નોટિસો રદ કરવાની તેમજ જરૂરી સુવિધાઓ તાત્કાલિક પુનઃસ્થાપિત કરવાની માંગણી કરી છે. રહેવાસીઓએ ચેતવણી આપી છે કે જો યોગ્ય ન્યાય નહીં મળે તો તેઓ જાહેર આંદોલનનો માર્ગ અપનાવશે.

# ઝાલોદ 130 વિધાનસભામાં SIR અભિયાન શરૂ: BLO દ્વારા ઘરે ઘરે જઈ મતદારોના દસ્તાવેજોની ચકાસણી

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 13**

ઝાલોદ 130 વિધાનસભા ક્ષેત્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાનનો પ્રારંભ થયો છે. આ અંતર્ગત મતદારોની માહિતીની પુનઃચકાસણીનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું છે. ઝાલોદ પ્રાંત અધિકારી એ.કે. ભાટિયાના માર્ગદર્શન હેઠળ, બૂથ લેવલ ઓફિસર (BLO) ટીમો ઘરે ઘરે જઈને દરેક મતદારના દસ્તાવેજોની તપાસ કરી રહી છે આ અભિયાનના ભાગરૂપે, BLO દ્વારા મતદારોના ઘરે જઈને વર્તમાન મતદાર યાદી મુજબની જરૂરી માહિતીની ચકાસણી કરવામાં આવી રહી છે. 27 ઓક્ટોબર સુધીમાં દરેક મતદાર માટે યુનિક એન્યુમરેશન ફોર્મ (EFS) પ્રિન્ટ કરવામાં આવશે, જેમાં મતદાર યાદીની વર્તમાન વિગતો સામેલ હશે. BLO દ્વારા દરેક મતદારના ઘરે ઓછામાં ઓછી ત્રણ વખત મુલાકાત લેવામાં આવશે. BLO ગણતરી ફોર્મનું વિતરણ કરશે અને 2002-2004ના અગાઉના SIR અભિયાન દરમિયાન તૈયાર કરાયેલા ડેટાના આધારે મતદારો અને તેમના સંબંધીઓના નામોને મેચ/લિંક કરવામાં મદદ કરશે. આ પ્રક્રિયા માટે BLO ને ECI ના ઓલ ઈન્ડિયા ડેટાબેઝ (voters.eci.gov.in) ની ઍક્સેસ પૂરી પાડવામાં આવી છે. અભિયાન દરમિયાન, નવા મતદારોના સમાવેશ માટે ફોર્મ-06 અને જરૂરી ઘોષણાપત્ર એકત્રિત કરવામાં આવશે. મતદારોને EF ફોર્મ ભરવામાં માર્ગદર્શન આપવાની અને તેને એકત્રિત કરીને ERO/AERO ને સબમિટ કરવાની જવાબદારી પણ BLO ની રહેશે. આ ઉપરાંત, મૃત્યુ પામેલા, કાયમી સ્થળાંતરિત થયેલા અને એકથી વધુ સ્થળે નામ ધરાવતા મતદારોની પણ ઓળખ કરવામાં આવશે. સમગ્ર કામગીરીને સુચારુ બનાવવા માટે પ્રાંત કચેરી ખાતે સેક્ટર ઓફિસરો, નોડલ ઓફિસરો અને સહાયકોની હાજરીમાં એક માર્ગદર્શન બેઠક યોજાઈ હતી. BLO દ્વારા દસ્તાવેજો એકત્રિત કરવા માટે કુલ 11 કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાં નોડલ ઓફિસરોની નિમણૂક સાથે ઓનલાઈન એન્ટ્રીની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025, ભારતીય સંસ્કૃતિને જીવંત કરતી કલાશ્રીની ફેબ્રિક ડોલ્સ પ્રદર્શનની ધૂમ

**અમદાવાદ, તા. 13**



સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે 13 નવેમ્બરથી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025નો ભવ્ય પ્રારંભ થયો છે. 23 નવેમ્બર સુધી ચાલનારા આ મહોત્સવનું આયોજન ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને એનબિટી ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આઈઆઈએમ અમદાવાદ નોલેજ પાર્ટનર અને ગુજરાત યુનિવર્સિટી કોમ્યુનિટી પાર્ટનર તરીકે જોડાયા છે. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025માં કલાશ્રી - કીપીંગ ટ્રેડિશન અલાઈવ દ્વારા રજૂ કરવામાં આવેલ ભારતમાંની વિવિધ સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ કરતી ફેબ્રિક ડોલ્સનું અનોખું પ્રદર્શન પણ મુલાકાતીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. કપડા, કપાસ અને માટીથી બનેલી આ પરંપરાગત ડોલ્સ ભારતીય વિવિધતાની જીવંત કહાની કહે છે. કલાકાર, પેન્ટર, કોલમિસ્ટ, કાર્ટૂનિસ્ટ અને ડોલ ડિઝાઈનર હરીણ ભટ્ટે જણાવ્યું કે, "ભારતના દરેક પ્રાંતની વેશભૂષા, જીવનશૈલી અને લોકપરંપરાઓને આવરી લેતી દરેક ડોલ એક કલાત્મક સંદેશ આપે છે. ખેડૂતો, ગામડાના લોકો અને દેવ-દેવીઓના સ્વરૂપમાં પણ અમે વિશેષ ડોલ્સ બનાવી છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, કલાશ્રીની આ કલાયાત્રાની શરૂઆત છ દાયકાઓ પહેલાં શ્રીમતી રંજનબેન કે. ભટ્ટે કરી હતી. બાળપણના શોખ તરીકે શરૂ થયેલું ડોલ મેકિંગ અને સ્ટીચિંગ આજે તેમની જીવનભરની પરંપરા બની ગયેલ છે. ૮૪ વર્ષની વયે પણ તેઓ સક્રિય છે અને છેલ્લા કેટલાય વર્ષોમાં સૌરાષ્ટ્ર અને ગાંધીનગરમાં 800થી વધુ મહિલાઓને ટેઈલરિંગ, ગારમેન્ટ કટિંગ અને હેન્ડ એમ્બ્રોઈડરીમાં તાલીમ આપી સશક્ત બનાવ્યા છે. માતાના આ વારસાને આગળ ધપાવતા હરીણ ભટ્ટે અત્યાર સુધી 18 બેઝિક પેટર્ન અને 390થી વધુ ડોલ ડિઝાઈન્સ વિકસાવ્યા છે. ભારતીય સંસ્કૃતિ, લોકનૃત્ય, ઉત્સવો, જીવનશૈલી અને પ્રખ્યાત વ્યક્તિત્વોની ઝાંખી કરાવતાં આ ડિઝાઈન્સ લોકમાત્રમાં ખૂબ સરાહના મેળવી રહ્યા છે. પર્યાવરણપ્રેમી દૃષ્ટિકોણ સાથે તૈયાર થયેલી તમામ ડોલ્સ સંપૂર્ણપણે નેચરલ મટિરિયલ – કપાસ, કપડા અને માટીથી બનેલી છે. તેમની કલાત્મકતા આજે ભારતની સીમાઓ પાર કરીને 20થી વધુ દેશોમાં પહોંચીને આંતરરાષ્ટ્રીય પ્રશંસા મેળવી ચુકી છે. હરીણ ભટ્ટે જણાવ્યું કે, "જેમ બાર્બી ડોલ્સને વિશ્વખ્યાતિ મળી છે, તેમ ભારતીય ડોલ્સમાં પણ આપણી સંસ્કૃતિની ગાથા છે. અમે વિશ્વને બતાવવા માંગીએ છીએ કે ભારતની સંસ્કૃતિ અને પરંપરા પોતે જ એક સુંદર વાર્તા છે." કલાશ્રીની અનોખી રચનાઓને અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે. ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ (2019) – Designer Dolls - Cotton Sculptures Kinetic Art, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ (2020), UNO Award (2003) – કોટન સ્કલ્પ્ચર આર્ટમાં વિશિષ્ટ સિદ્ધિ માટે પ્રાપ્ત થયો છે. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ 2025માં કલાશ્રીની આ ફેબ્રિક ડોલ્સ ભારતની પરંપરાને જીવંત બનાવતી એક સુંદર ઝાંખી સાબિત થઈ છે,જે સર્જનાત્મકતા, સંસ્કૃતિ અને સમર્પણનો જીવંત વારસો છે અને જે ભારતની આત્માને એક ડોલ દ્વારા દુનિયા સામે રજૂ કરે છે.

# નડિયાદ, એસ.જી.પટેલ પ્રાથમિક શાળા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતીનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

**ખેડા, તા. 13**

ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણની મુખ્ય ઉપસ્થિતિમાં ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે, નડિયાદ, એસ.જી.પટેલ પ્રાથમિક શાળા ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. નોંધનીય છે કે આ કાર્યક્રમનું સ્થળ બદલવામાં આવ્યું છે. અગાઉ આંબેડકર હોલ નડિયાદ ખાતે આયોજિત આ કાર્યક્રમને હવે સલુણ બજાર પોલીસ ચોકી પાસેની એસ.જી.પટેલ પ્રાથમિક શાળા, નડિયાદ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમના સફળ આયોજન માટે નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.બી.દેસાઈની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી, નડિયાદ ખાતે બેઠક યોજાઈ. જેમાં, કાર્યક્રમના સુચારું આયોજન અને વ્યવસ્થાપન માટે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા. મુખ્યત્વે કાર્યક્રમ સ્થળ, મંડપ વ્યવસ્થા, પાર્કિંગ, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સગવડ, નાસ્તાની વ્યવસ્થા, સાઉન્ડ સિસ્ટમ અને મહત્તમ જન ભાગીદારી સુનિશ્ચિત કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓમાં આરોગ્ય સેતુ અને સેવા સેતુની સેવાઓનો સમાવેશ કરવામાં આવશે. જેમાં વિશેષ કરીને આદિજાતિના લોકોને વિવિધ જન સુવિધાઓ, મતદાર યાદી સુધારણાની સુવિધાઓ અને આરોગ્ય વિષયક સુવિધાઓ આપવામાં આવશે. નિવાસી અધિક કલેક્ટરશ્રીએ વિભિન્ન પ્રકારની અને મહત્તમ આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. બેઠક અંતર્ગત ડીઆરડીએ ડાયરેક્ટર શ્રી લલિત પટેલ, લેન્ડ રિફોર્મ ડેપ્યુટી કલેક્ટરશ્રી એચ. કે. ગઢવી સહિત લાઈન ડિપાર્ટમેન્ટના તમામ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. નિવાસી અધિક કલેકટરશ્રીએ વિભિન્ન પ્રકારની અને મહત્તમ આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. બેઠક અંતર્ગત ડીઆરડીએ ડાયરેક્ટર શ્રી લલિત પટેલ, લેન્ડ રિફોર્મ ડેપ્યુટી કલેક્ટરશ્રી એચ. કે. ગઢવી સહિત લાઈન ડિપાર્ટમેન્ટના તમામ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## મંત્રીશ્રીના હસ્તે બેંકના ગ્રાહકો અને સહકારી મંડળીઓને ક્યુ-આર કોડ વિતરણ કરાયા

# સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જીએસસી બેંકની યુપીઆઈ મર્ચન્ટ ઓન-બોર્ડિંગ સેવા અને ભારત બિલ પે સર્વિસનો શુભારંભ કરાવ્યો

**ગાંધીનગર, તા. 13**

સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ અમદાવાદમાં જીએસસી બેંકના યુપીઆઈ મર્ચન્ટ ઓન-બોર્ડિંગ(ક્યુઆર કોડ) સેવા અને ભારત બિલ પે સર્વિસનો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ (જીએસસી) બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત સહકાર મંત્રીશ્રીના હસ્તે જીએસસી બેંક અને એડીસી બેંકના ગ્રાહકો અને સહકારી મંડળીઓને ક્યુ-આર કોડ વિતરણ કરવામાં આવ્યા હતા.

સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વમાં આજે દેશમાં દરેક ક્ષેત્રે અવિરત વિકાસ થઈ રહ્યો છે. ડિજિટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા જેવા અનેકવિધ અભિયાનો દેશના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે ત્યારે સહકાર ક્ષેત્રે પણ આજે ટેક્નોલોજી અને ડિજિટલ સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. ડિજિટલ પ્લેટફોર્મ થકી આજે સરકારી સેવાઓ, સહાયો અને સબસિડી સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય છે.

સહકાર મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે બચતના આપણા સ્વભાવને બેન્કિંગ અને અર્થતંત્ર સાથે સુપેરે જોડવાનું કામ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનમાં આજે સહકાર વિભાગ વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે. દેશના પ્રથમ સહકાર મંત્રી તરીકે તેમણે દેશના સહકાર ક્ષેત્રના માળખાને મજબૂત કરવા



અનેકવિધ નવીન ઉપક્રમો શરૂ કરાવ્યા છે. 'સહકારથી સમૃદ્ધિ'ના મંત્રને સાકાર કરતાં વ્યાપક પરિણામો દેશના સહકાર ક્ષેત્રે આપણે જોઈ રહ્યા છીએ, એમ તેમણે ઉમેર્યું હતું. સહકાર ક્ષેત્રે જીએસસી બેંકની સેવાઓને બિરદાવતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘ જ્યારે આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ઊજવી રહ્યું છે ત્યારે સહકાર ક્ષેત્રે ડિજિટલાઈઝેશન અને ટેક્નોલોજીનો વ્યાપ વધારીને ગ્રાહકોને વધુને વધુ સારી સેવાઓ આપતા જીએસસી બેંકના નવીન પ્રકલ્પો અને સેવાઓ ખરેખર આવકારદાયક છે. જીએસસી બેંકની અનેકવિધ સેવાઓમાં આજે એક નવી સર્વિસનો ઉમેરો થઈ રહ્યો છે. સેવા સહકારી મંડળીઓ સુધી આજે ડિજિટલ સેવાઓ જીએસસી બેંક પહોંચાડી રહી છે. સહકાર ક્ષેત્રે સતત સુવિધામાં વધારો, મેનપાવર માટે યોગ્ય તાલીમ, સાયબર સિક્યોરિટી અવેરનેસ અને ડિજિટલ સેવાઓના વ્યાપમાં વધારો કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી આ બેન્ક 'કો-ઓપરેશન અમોંગ કો-ઓપરેટિવ'ના મંત્રને સાકાર કરી રહી છે. સાથે જ, મંત્રીશ્રીએ જીએસસી બેંકની વિવિધ સિદ્ધિઓને બિરદાવી હતી. ત્રિભુવન સહકાર યુનિવર્સિટી, સહકારી સંસ્થાઓની ડેટા બેન્ક, સહકાર ક્ષેત્રની ભારત ટેક્સી, સહકાર ક્ષેત્રે નેશનલ ડિજિટલ અમ્બ્રેલા સહિતના સહકાર ક્ષેત્રના પ્રગતિમાન અને ભાવિ નવીન પ્રકલ્પોનો પણ સહકાર મંત્રીશ્રીએ આ તકે ઉલ્લેખ કર્યો હતો. સાથે જ, મંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિ તથા ઝીરો બજેટ ખેતીનો વ્યાપ વધારવા યોગદાન આપવા સહકારી ક્ષેત્રને અનુરોધ કર્યો હતો. સહકારી સંસ્થાઓને જરૂરી સહકાર પૂરો પાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ તાજેતરમાં કમોસમી વરસાદના લીધે ખેડૂતોને થયેલા નુકસાનમાં મદદરૂપ થવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલા ઐતિહાસિક રાહત પેકેજ અને ટેકાના ભાવની ખરીદીની જાહેરાતનો પણ ઉલ્લેખ કર્યો હતો. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર રાજ્યના ખેડૂતોની પડખે ઊભી છે. ગુજરાત સ્ટેટ કો ઓપરેટિવ બેંક(જીએસસી બેંક) ના ચેરમેન શ્રી અજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સૌ પ્રથમ અલાયદા સહકાર વિભાગની જવાબદારી શ્રી અમિતભાઈ શાહને સોંપી હતી. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સહકાર ક્ષેત્રે અનેકવિધ નવીન પ્રકલ્પો અને ઉપક્રમો થકી સહકાર ક્ષેત્રે ક્રાંતિ આણી છે. ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવામાં સહકાર ક્ષેત્ર મહત્ત્વનો ભાગ ભજવશે. આજે સહકાર ક્ષેત્રે ડિજિટલાઈઝેશનનો વ્યાપ વધારીને સહકાર ક્ષેત્રને મોડર્ન બનાવીને વધુને વધુ લોકોને સહકાર ક્ષેત્રે જોડવામાં આવી રહ્યા છે. શ્રી અજયભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના સહકાર મોડલની નોંધ આજે દેશભરમાં લેવાઈ રહી છે. માઈક્રો એટીએમ, ટચ પોઈન્ટનો વિસ્તાર, ડિજિટલ ટ્રાન્ઝેક્શન, સાયબર સિક્યોરિટી સહિતના મુદ્દે આજે જીએસસી બેંક સતત કામગીરી કરી રહી છે. એ જ દિશામાં આજે મર્ચન્ટ ઓન-બોર્ડિંગ સેવા(ક્યુઆર કોડ) અને ભારત બિલ પે સર્વિસનો શુભારંભ થઈ રહ્યો છે એમ તેમણે ઉમેર્યું હતું. જીએસસી બેંકના યુપીઆઈ મર્ચન્ટ ઓન-બોર્ડિંગ સેવા અને ભારત બિલ પે સર્વિસના શુભારંભ પ્રસંગે વિધાનસભા ઉપાધ્યક્ષ અને નાફેડના ચેરમેન શ્રી જેઠાભાઈ આહિર, સહકાર વિભાગના રજિસ્ટ્રાર શ્રી એમ.પી.પંડ્યા, જીએસસી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, નાબાર્ડ તથા એનપીસીઆઈ અને સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

# ભારતીય મહિલા બોક્સર્સની કહાનીઓ બહાર પાડશે 'ચેમ્પિયન સ્ટોરી'

## 8 ખેલાડીઓ પર શોર્ટ ફિલ્મ બનાવી, 14 નવેમ્બરે વર્લ્ડ ચેમ્પિયન રિલીઝ થશે



**મુબઈ, તા. 13**

હવે ભારતની મહિલા બોક્સિંગ ચેમ્પિયનને તેઓ જે સન્માનના હકદાર છે તે મળશે. ભારતીય રમતગમતમાં મહિલા ખેલાડીઓ માટે એક મજબૂત અવાજ બની ગયેલી અવંતિકા મિત્તલે 'ચેમ્પિયન સ્ટોરીઝ' નામની ડિજિટલ પહેલ શરૂ કરી છે. તેનો ઉદ્દેશ્ય એવા ભારતીય ખેલાડીઓની વાર્તાઓ બહાર લાવવાનો છે જેમણે વિશ્વ સ્તરે મેડલ જીત્યા છે, પરંતુ હજુ પણ દેશમાં માન્યતા અને સન્માનથી દૂર છે. ચેમ્પિયન સ્ટોરીઝ ભારતીય ટીમની ચેમ્પિયન દીકરીઓની સિરીઝથી શરૂ થશે. અવંતિકાએ આઠ ખેલાડીઓ પર 7 થી 8 મિનિટની શોર્ટ ફિલ્મો બનાવી છે, જે 14 નવેમ્બરના રોજ દિલ્હીમાં વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ સાથે રિલીઝ થશે. અવંતિકા મિત્તલ કોણ છે? અવંતિકા ઘણા વર્ષોથી બોક્સિંગની દુનિયામાં સંકળાયેલી છે. તેણે ભારતીય ટીમ સાથે અનેક પ્રવાસો કર્યા છે, ખેલાડીઓને મળ્યા છે અને કોઈપણ ફી વિના તેમની સાથે કામ કર્યું છે. રમતવીરોની હિંમત અને સંઘર્ષે તેને આ ફિલ્મો બનાવવા માટે પ્રેરણા આપી હતી. અવંતિકા ફિલ્મ જગતમાંથી આવે છે. તેણે દિગ્દર્શક સંતોષ સિવન સાથે ફિલ્મ અશોકામાં કામ કર્યું હતું. તે ઉમરાવ જાન, દોસ્તાના અને સલામ-એ-ઈશ્ક જેવી ફિલ્મો માટે સ્ટીલ ફોટોગ્રાફર રહી છે. પાછળથી તે ભારતમાં એક પ્રખ્યાત લગ્ન અને પોટ્રેટ ફોટોગ્રાફર બની. હવે, તે પોતાની કુશળતાનો ઉપયોગ એક વિશિષ્ટ હેતુ માટે કરી રહી છે. ચેમ્પિયનની વાર્તાઓ ફક્ત બોક્સિંગ સુધી મર્યાદિત રહેશે નહીં ચેમ્પિયન સ્ટોરીઝ નામની આ પહેલ હવે ફક્ત બોક્સિંગ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ અન્ય રમતોની મહિલા ખેલાડીઓની વાર્તાઓને પણ પ્રકાશિત કરશે, જેથી ભારતમાં મહિલા ખેલાડીઓ કોઈપણ મોટા પ્રભાવક જેટલી જ ઓળખાય. આ પહેલને બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BFI) દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે.

# એશિયન આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતીય કમ્પાઉન્ડ ટીમે 2 ગોલ્ડ મેડલ જીત્યા

**મુબઈ, તા. 13**



■ મેન્સ કેટેગરીમાં ટીમ એક પોઇન્ટથી ગોલ્ડ ચૂકી, સિલ્વરથી સંતોષ માનવો પડ્યો

ગુરુવારે ઢાકામાં ચાલી રહેલી એશિયન આર્ચરી ચેમ્પિયનશિપમાં ભારતે બે ગોલ્ડ સહિત ત્રણ મેડલ જીત્યા. ત્રણેય મેડલ કમ્પાઉન્ડ કેટેગરીમાં આવ્યા હતા.

અગાઉ, જ્યોતિ સુરેખા, દીપશિખા અને પ્રીતિકા પ્રદીપની ભારતીય ટીમે મહિલા ફાઈનલમાં કોરિયાને 236-234 થી હરાવ્યું હતું. આ ત્રણેય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને કોરિયાની પાર્ક યેરિન, ઓહ યુહ્યુન અને જંગ્યુન પાર્કને હરાવી હતી.

અભિષેક વર્મા અને દીપશિખાની બનેલી કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમે ફાઈનલમાં યજમાન બાંગ્લાદેશને 153-151થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. આનાથી ભારતના પાંચ મેડલ સુનિશ્ચિત થયા, જ્યારે વધુ સાત મેડલ માટે દાવ બાકી રહ્યો.

કમ્પાઉન્ડ મેન્સ ટીમ એક પોઈન્ટથી ગોલ્ડ મેડલ ચૂકી, સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો કમ્પાઉન્ડ મેન્સ ટીમ ફાઈનલમાં ભારત એક પોઈન્ટથી ગોલ્ડ મેડલ ચૂકી ગયું. કઝાકિસ્તાને ભારતને 230-229થી હરાવ્યું. ભારતીય ટીમમાં અભિષેક વર્મા, સાહિલ રાજેશ જાધવ અને પ્રથમેશ ફુગેનો સમાવેશ થતો હતો, જ્યારે કઝાકિસ્તાનની ટીમમાં દિલમુખમેત મુસા, બુન્યોદ મિર્ઝામેતોવ અને આન્દ્રે યુટ્યુનનો સમાવેશ થતો હતો.

બ્રોન્ઝ માટે પ્લેઓફમાં રિકર્વ તીરંદાજો રિકર્વ કેટેગરીમાં, યશદીપ ભોગે અને અંશિકા કુમારીની નવી મિક્સ્ડ જોડીએ બાંગ્લાદેશને 5-1થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો, પરંતુ ચાઈનીઝ તાઈપેઈ સામે 0-6થી હારી ગઈ. હવે તેઓ કાંસ્ય ચંદ્રક માટે મુશ્કેલ મેચમાં કોરિયાનો સામનો કરશે. રિકર્વ મહિલાઓમાં એક મેડલ પાક્કો વ્યક્તિગત ઈવેન્ટ્સમાં, ભારતની અંકિતા ભકત, દીપિકા કુમારી અને સંગીતા ત્રણેય મહિલા રિકર્વ સેમિફાઈનલમાં પહોંચી ગયા છે, જેનાથી ઓછામાં ઓછો એક મેડલ સુનિશ્ચિત થયો છે. પુરુષોની રિકર્વમાં, ધીરજ બોમ્મદેવરા અને રાહુલ સેમિફાઈનલમાં પહોંચ્યા છે. મહિલા કમ્પાઉન્ડમાં, પ્રીતિકા પ્રદીપ અને જ્યોતિ સુરેખા વેન્નમ પણ અંતિમ-4માં પહોંચી ગયા છે. બ્રોન્ઝ માટે પ્લેઓફમાં રિકર્વ તીરંદાજો રિકર્વ કેટેગરીમાં, યશદીપ ભોગે અને અંશિકા કુમારીની નવી મિક્સ્ડ જોડીએ બાંગ્લાદેશને 5-1થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો, પરંતુ ચાઈનીઝ તાઈપેઈ સામે 0-6થી હારી ગઈ. હવે તેઓ કાંસ્ય ચંદ્રક માટે મુશ્કેલ મેચમાં કોરિયાનો સામનો કરશે. રિકર્વ મહિલાઓમાં એક મેડલ પાક્કો વ્યક્તિગત ઈવેન્ટ્સમાં, ભારતની અંકિતા ભકત, દીપિકા કુમારી અને સંગીતા ત્રણેય મહિલા રિકર્વ સેમિફાઈનલમાં પહોંચી ગયા છે, જેનાથી ઓછામાં ઓછો એક મેડલ સુનિશ્ચિત થયો છે. પુરુષોની રિકર્વમાં, ધીરજ બોમ્મદેવરા અને રાહુલ સેમિફાઈનલમાં પહોંચ્યા છે. મહિલા કમ્પાઉન્ડમાં, પ્રીતિકા પ્રદીપ અને જ્યોતિ સુરેખા વેન્નમ પણ અંતિમ-4માં પહોંચી ગયા છે.

# હાર્દિક પંડ્યા સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમશે



**મુબઈ, તા. 13**

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા આ મહિનાના અંતમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડા માટે વાપસી કરશે. તે હાલમાં બેંગલુરુમાં BCCI સેન્ટર ઑફ એક્સેલન્સમાં ટ્રેનિંગ લઈ રહ્યો છે અને લગભગ સંપૂર્ણપણે ફિટ છે. જોકે તેને હજુ સુધી BCCI તરફથી ફિટનેસ સર્ટિફિકેટ મળ્યું નથી, પરંતુ 26 નવેમ્બર પહેલા તેને રમવા માટે મંજૂરી મળી જશે તેવી અપેક્ષા છે. T20 ટુર્નામેન્ટ 26 નવેમ્બરથી શરૂ થશે. બરોડા 28 નવેમ્બરના રોજ હૈદરાબાદમાં બંગાળ સામે પોતાની પહેલી મેચ રમશે. હાર્દિક ફિટનેસ ક્લિયરન્સ (RTP) મેળવ્યા પછી સીધો હૈદરાબાદ જશે. એશિયા કપ દરમિયાન તેને હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી હાર્દિકને એશિયા કપમાં શ્રીલંકા સામેની સુપર-4 મેચ દરમિયાન ઈજા થઈ હતી. તેને ડાબા પગમાં હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી, જેના કારણે તે પાકિસ્તાન સામેની ફાઈનલમાં રમી શક્યો ન હતો. તેણે 3 બોલમાં 2 રન બનાવ્યા અને 1 વિકેટ લીધી, પરંતુ મેચની વચ્ચે જ મેદાન છોડી દેવું પડ્યું. ત્યારબાદ તે ઓસ્ટ્રેલિયામાં ODI અને T20 સિરીઝ ચૂકી ગયો. BCCIના એક અધિકારીના જણાવ્યા અનુસાર, હાર્દિક ઓક્ટોબરમાં સેન્ટર ઑફ એક્સેલન્સમાં જોડાયો હતો અને ત્યારથી તે નિયમિતપણે રિકવરી અને જીમ સેશનમાં હાજરી આપી રહ્યો છે. સાઉથ આફ્રિકા સિરીઝથી વાપસી લગભગ નિશ્ચિત સાઉથ આફ્રિકા સામે ભારતની ત્રણ મેચની ODI સિરીઝ 30 નવેમ્બરથી શરૂ થઈ રહી છે. પસંદગીકારોએ હજુ સુધી ટીમની જાહેરાત કરી નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે હાર્દિક આ સિરીઝમાં ટીમ ઈન્ડિયામાં પરત ફરશે.



# શેન વોટસન KKRનો આસિસ્ટન્ટ કોચ બન્યો

**મુંબઈ, તા. 13**

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)એ ગુરુવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 માટે ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર શેન વોટસનને તેના આસિસ્ટન્ટ કોચ તરીકે નિયુક્ત કર્યો. વોટસને 59 ટેસ્ટ, 190 ODI અને 58 T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું, જેમાં 10,000 થી વધુ રન બનાવ્યા અને 280 થી વધુ વિકેટ લીધી. વોટસન 2007 અને 2015માં ઓસ્ટ્રેલિયાની વર્લ્ડ કપ વિજેતા ટીમનો મુખ્ય ભાગ હતો. તે 2008 થી 2020 સુધી IPLમાં પણ રમ્યો હતો. તેણે IPLમાં 145 મેચ રમી હતી. તે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સની ચેમ્પિયન ટીમનો પણ ભાગ હતો. KKRના CEO વેંકી મૈસૂરએ જણાવ્યું હતું કે, 'KKR પરિવારમાં શેન વોટસનનું સ્વાગત કરતાં અમને ખૂબ આનંદ થાય છે. ખેલાડી અને કોચ તરીકેનો તેમનો અનુભવ અમારી ટીમ સંસ્કૃતિ અને તૈયારીમાં મોટો ફાળો આપશે.' KKR ત્રણ વખત ચેમ્પિયન બન્યું કોલકાતા નાઈટ રાઈડર્સે તેમના ઈતિહાસમાં ત્રણ વખત IPLનો ખિતાબ જીત્યો છે. તેઓએ 2012, 2014 અને 2024માં IPLનો ખિતાબ જીત્યો હતો. 2021 સીઝનમાં KKR બીજા ક્રમે રહ્યું હતું. મુખ્ય કોચ અભિષેક નાયર અને સહાયક કોચ શેન વોટસન પાસે KKRને ચોથા ખિતાબ સુધી પહોંચાડવાની મહત્વપૂર્ણ જવાબદારી રહેશે.વોટસને કહ્યું, હું કોલકાતાને બીજા ખિતાબ તરફ દોરી જવા માટે કોચિંગ સ્ટાફ અને ખેલાડીઓ સાથે કામ કરવા આતુર છું.

# એસએસ રાજામૌલીની ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરાનો લુક રિલીઝ




**મુંબઈ, તા. 13**

એક્ટર મહેશ બાબુ અને દિગ્દર્શક એસ.એસ. રાજામૌલીની આગામી ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ થયું. આ પોસ્ટરમાં પ્રિયંકા ચોપરાનો ફર્સ્ટ લુક દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મનું ટાઈટલ 'ગ્લોબટ્રોટર્સ' અથવા 'SSMB 29' હોવાનું કહેવાય છે. SSMB 29 સુપરસ્ટાર મહેશ બાબુની 29મી ફિલ્મનો ઉલ્લેખ કરે છે. દિગ્દર્શકે પોતે આ પોસ્ટર પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યું છે. પોસ્ટર શેર કરતા રાજામૌલીએ લખ્યું, 'ભારતીય સિનેમાને દુનિયામાં એક નવી ઓળખ આપનાર મહિલા. દેશી ગર્લ પ્રિયંકા ચોપરા, ફરી આપનું સ્વાગત છે. દુનિયા તમારી 'મંદાકિની'ના અનેક રૂપ જોવા માટે રાહ જોઈ રહી છે.' ફિલ્મ વિશે હજુ સુધી વધુ માહિતી જાહેર કરવામાં આવી નથી. મહેશ બાબુ, પ્રિયંકા ચોપરા અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકાઓ ભજવી રહ્યા છે. જોકે, અહેવાલો અનુસાર, 15 નવેમ્બરના રોજ હૈદરાબાદના રામોજી ફિલ્મ સિટીમાં એક મોટો કાર્યક્રમ યોજાવાનો છે. આ કાર્યક્રમમાં ફિલ્મના શીર્ષકની પણ જાહેરાત થઈ શકે છે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ જિયો હોટસ્ટાર પર કરવામાં આવશે.

# શોલેના 'વીરુ'ની તબિયત પૂછવા 83 વર્ષીય 'જય' પોતે કાર ચલાવીને ગયા

**મુંબઈ, તા. 13**

એક્ટર ધર્મેન્દ્રને 10 અને 11 નવેમ્બરના રોજ સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની તબિયતમાં સુધારો થયા પછી, તેમને 12 નવેમ્બરના રોજ સવારે 7:30 વાગ્યે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. તેમના ડૉક્ટરે જાહેરાત કરી કે ધર્મેન્દ્રના પરિવારે તેમની સારવાર ઘરે ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, હેમા માલિનીએ પત્રકાર સુભાષ કે. ઝાને ધર્મેન્દ્રના સ્વાસ્થ્ય વિશે જણાવ્યું હતું કે, 'આ મારા માટે ખૂબ જ મુશ્કેલ સમય છે. ધરમજીનું સ્વાસ્થ્ય અમારા માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. તેમના બાળકો પણ આખી રાત જાગીને તેમની સેવા કરે છે.' એક્ટ્રેસ વધુમાં ઉમેર્યું, 'હું નબળી ન રહી શકું; મારી પાસે ઘણી જવાબદારીઓ છે, પરંતુ હા, હું ખુશ છું કે તે ઘરે પાછા ફર્યા છે. અમને બધાને રાહત થઈ છે કે તે હવે હોસ્પિટલમાંથી બહાર આવ્યા છે. તેઓ તેમના પ્રિયજનો સાથે હોવા જોઈએ. બાકીનું બધું ભગવાનના હાથમાં છે. કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરો.' ગુરુવારે સવારે સની દેઓલ ધર્મેન્દ્રના ઘરની બહાર જોવા મળ્યો હતો અને ઘટના દરમિયાન, તે મીડિયા પર ગુસ્સે થઈ ગયો હતો. સની દેઓલે હાથ જોડીને ફોટોગ્રાફરો અને મીડિયાને કહ્યું - 'તમારા ઘરે પણ માતા-પિતા છે, તમને શરમ નથી આવતી?'





# 'મસ્તી 4' ની એક્ટ્રેસ રૂહી સિંહ ભાવુક થઇ

## આંખમાં આંસુ સાથે બોલી- પપ્પામાં મારો જીવ વસે છે ; મારી માતા મારા માટે પ્રેરણાનો સ્રોત

**મુંબઈ, તા. 13**

એક્ટ્રેસ રૂહી સિંહની ફિલ્મ 'મસ્તી 4' ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. દિવ્ય ભાસ્કર સાથેના એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં, એક્ટ્રેસે ખુલાસો કર્યો કે 'મસ્તી 4' માં નિર્માતા ઈન્દ્ર કુમાર અને દિગ્દર્શક મિલાપ ઝવેરી જેવી ટીમ સાથે કામ કરવું તેના માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું હતું. યુકેમાં શૂટિંગના અનુભવથી લઈને કોમેડી ભૂમિકાની તૈયારી સુધી, દરેક પગલું શીખવાનો અનુભવ હતો. તે તેના માતાપિતા, ખાસ કરીને તેના પિતા સાથેના તેના ગાઢ સંબંધને તેની શક્તિ માને છે. રૂહી સિંહ સાથેની અમારી વાતચીતની કેટલીક હાઈલાઈટ્સ અહીં છે. પ્રશ્ન: 'મસ્તી 4' તમારા માટે એક મોટી તક હતી. તમને તે કેવી રીતે મળી અને અનુભવ કેવો રહ્યો? A: જ્યારે મને આ ફિલ્મ ઓફર કરવામાં આવી, ત્યારે હું ખૂબ જ રોમાંચિત હતી કારણ કે તેનું નિર્માણ ઈન્દુજી (ઈન્દ્ર કુમાર) દ્વારા કરવામાં આવી રહ્યું હતું અને તેનું દિગ્દર્શન મિલાપ ઝવેરી દ્વારા કરવામાં આવી રહ્યું હતું. સ્ટાર કાસ્ટ શાનદાર હતી. મને લાગ્યું કે મારી પ્રતિભા દર્શાવવાની આ એક શ્રેષ્ઠ તક છે. શૂટિંગ યુકેમાં થયું હતું, અને મેં મારા રોલ માટે વ્યાપક તૈયારી કરી હતી. આ અનુભવ મારા માટે ખૂબ જ ખાસ હતો.



# આલિયાના લગ્નમાં કાકા મુકેશ ભટ્ટને આમંત્રણ ન હતું

**મુંબઈ, તા. 13**

ફિલ્મ મેકર મહેશ ભટ્ટના ભાઈ અને આલિયા ભટ્ટના કાકા મુકેશ ભટ્ટે તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે તેમને તેમની ભત્રીજી આલિયાના લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. લેહરાન રેટ્રો સાથેના તાજેતરના ઈન્ટરવ્યૂમાં, નિર્માતા મુકેશ ભટ્ટે કહ્યું કે- તેમને આલિયાના લગ્નમાં આમંત્રણ ન મળવાથી દુઃખ થયું કારણ કે તેઓ તેને ખૂબ પ્રેમ કરે છે. તેમણે સમજાવ્યું કે તેને એવું લાગ્યું કે આ તેમની પુત્રીના લગ્ન છે, તેથી તેઓ ત્યાં હાજર રહેવા માગતા હતા. આલિયા વિશે મુકેશે એમ પણ કહ્યું કે લગ્નમાં આમંત્રણ ન મળ્યું હોવા છતાં, તેના માટેનો તેમનો પ્રેમ યથાવત રહ્યો. તેમણે ઉમેર્યું કે તેઓ હજુ પણ આલિયા અને શાહીન બંનેને ખૂબ માન આપે છે. મુકેશે ઈન્ટરવ્યુમાં એ પણ ખુલાસો કર્યો કે તે આલિયા ભટ્ટની પુત્રી રાહાને મળ્યો નથી. આલિયા અને રણબીરની પુત્રી રાહા તાજેતરમાં ત્રણ વર્ષની થઈ છે. ઈન્ટરવ્યૂમાં મુકેશે કહ્યું- જ્યારે મને ખબર પડી કે આલિયા પ્રેગ્નટ છે અને પછી તેણે એક પુત્રીને જન્મ આપ્યો છે, ત્યારે મારી આંખો આલિયાને જોવા માટે તડપી રહી હતી. મને બાળકો ખૂબ ગમે છે.' મુકેશે કહ્યું કે- તે આલિયાનો સંપર્ક કરતા નથી. તેમણે કહ્યું કે- તેમને ડર છે કે તેનાથી અસ્વસ્થતા થશે.મેં પ્રયાસ પણ નહોતો કર્યો કારણ કે હું નહોતો ઈચ્છતો કે તે એવું વિચારે કે જો હું તેને મળવા જાઉં તો તેના પિતા શું વિચારશે.

# રિટેલ મોંઘવારી 14-વર્ષમાં સૌથી ઓછી, ઓક્ટોબરમાં 0.25% રહી : ખાવા-પીવાનો સામાન સસ્તો થવાની અસર, સપ્ટેમ્બરમાં 1.44% હતી

**નવી દિલ્હી, તા.13**

ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત ઘટાડો અને GSTમાં ઘટાડાને કારણે ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ઘટીને 0.25%ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો. વર્તમાન CPI સીરીઝમાં (જે 2012થી ચાલી રહી છે) આ અત્યાર સુધીનો સૌથી નીચો વાર્ષિક ફુગાવાનો દર છે.

ભારતમાં હાલની CPI સીરીઝ 2012-આધારિત છે (2012 આધાર વર્ષ છે), એટલે કે સરખામણી માટે 2012ના ભાવ 100 તરીકે લેવામાં આવ્યા છે. અગાઉ, 2010 અથવા 1993-94 વાળી સીરીઝ હતી, પરંતુ સચોટ ડેટા સુનિશ્ચિત કરવા માટે સમય જતાં આ સીરીઝ અપડેટ કરવામાં આવે છે.

સરકારે આજે,13 ઓક્ટોબરના રોજ છૂટક ફુગાવાના સત્તાવાર આંકડા જાહેર કર્યા. અગાઉ, સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ઘટીને 1.44% ના આઠ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો હતો, જે ઓગસ્ટમાં 2.07% હતો.

ફુગાવાના બાસ્કેટમાં લગભગ 50% હિસ્સો ખાવા-પીવાની ચીજોનો હોય છે. માસિક ફુગાવો માઈનસ 2.28% થી ઘટીને માઈનસ 5.02% થયો છે.

સપ્ટેમ્બરમાં ગ્રામીણ ફુગાવો 1.07% થી ઘટીને માઈનસ 0.25% થયો, જ્યારે શહેરી ફુગાવો 1.83% થી ઘટીને 0.88% થયો છે.

આધાર વર્ષ એ વર્ષ છે જેના ભાવને આધાર વર્ષ ગણવામાં આવે છે. એટલે કે તે વર્ષ માટે માલની સરેરાશ કિંમત 100નું મૂલ્ય આપવામાં આવે છે.

પછી અન્ય વર્ષોના ભાવોની સરખામણી આ આધાર વર્ષ સાથે કરવામાં આવે છે. આ બતાવે છે કે ફુગાવો કેટલો વધ્યો છે કે ઘટ્યો છે.

ઉદાહરણ: ધારો કે તમારા ઘરનું બજેટ 2020 (આધાર વર્ષ)માં હતું. તે વર્ષે એક કિલોગ્રામ ટામેટાંની કિંમત 50 હતી. હવે, 2025 માં, તેની કિંમત 80 છે. તેથી, ફુગાવો = (80 - 50) / 50 + 100 = 60% વધારો. CPI માં



પણ આ જ સૂત્રનો ઉપયોગ થાય છે, પરંતુ તે સમગ્ર બજારને લાગુ પડે છે.

સરખામણી સરળ બનાવે છે: આધાર વર્ષ વિના કિંમતો વર્ષ-દર-વર્ષે બદલાતી રહેતી. પરંતુ બધું જ આધાર વર્ષથી ટકાવારી (%) તરીકે માપવામાં આવતું હોવાથી તે જૂના અને નવા વર્ષો વચ્ચે સ્પષ્ટ સરખામણી કરવાની મંજૂરી આપે છે.

સચોટ ફુગાવાનો અંદાજ: આ દર્શાવે છે કે ફુગાવો કેટલો ઝડપી કે ધીમો રહ્યો છે. ઉદાહરણ તરીકે જો ફુગાવો મૂળ વર્ષથી 5% વધ્યો હોય તો સરકાર અને બેંકો વ્યાજ દર નક્કી કરવા માટે આનો ઉપયોગ કરે છે.

જૂની આદતોને અપડેટ કરે છે: લોકોની ખરીદીની આદતો સમય જતાં બદલાય છે (દા.ત., તેઓ હવે વધુ વખત સાયકલનો ઉપયોગ કરતા હતા). તેથી, ડેટા જૂનો ન થઈ જાય તેની ખાતરી કરવા માટે દર 10-12 વર્ષે આધાર વર્ષ બદલવામાં આવે છે.

ભારતમાં ઉદાહરણ: ભારતમાં રિટેલ ફુગાવા (CPI) માટેનો આધાર વર્ષ હાલમાં 2012 છે. આનો અર્થ એ થયો કે 2012 ના ભાવને 100 તરીકે લેવામાં આવે છે અને તેની સરખામણી 2025 સાથે કરવામાં આવે છે. જો 2025 માં CPI 150 હોય, તો ફુગાવો 50% વધ્યો છે.

આધાર વર્ષ કેવી રીતે પસંદ કરવામાં આવે છે અને તે કેવી રીતે કાર્ય કરે છે?

સરકાર (ભારતમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય) સામાન્ય રીતે દર 5-10 વર્ષે એક નવું આધાર વર્ષ પસંદ કરે છે.

આ વર્ષ સામાન્ય છે, જેમાં કોઈ દુષ્કાળ નથી, કોઈ રોગચાળો નથી, કોઈ ઉચ્ચ ફુગાવો નથી, જેથી પાયો મજબૂત રહે.

ભારતમાં તે 1950-51 થી શરૂ થયું, પછી 1960-61, 1982, 1993-94, 2001, 2010 અને હવે 2012 થી.

ફુગાવાનો વધારો અને ઘટાડો ઉત્પાદનોની માંગ અને પુરવઠા પર આધાર રાખે છે. જો લોકો પાસે વધુ પૈસા હશે, તો તેઓ વધુ વસ્તુઓ ખરીદશે. વધુ માલ ખરીદવાથી માંગ વધશે, અને જો પુરવઠો માંગને પૂર્ણ નહીં કરે, તો આ માલના ભાવ વધશે.

આ રીતે, બજાર ફુગાવા માટે સંવેદનશીલ બને છે. સરળ શબ્દોમાં કહીએ તો, બજારમાં વધુ પડતો રોકડ પ્રવાહ અથવા ચીજવસ્તુઓની અછત ફુગાવાનું કારણ બને છે. જો કે, જો માંગ ઓછી હોય અને પુરવઠો વધારે હોય, તો ફુગાવો ઓછો રહેશે.

ફુગાવો CPI દ્વારા નક્કી થાય છે ગ્રાહક તરીકે, તમે અને હું છૂટક બજારમાંથી માલ ખરીદીએ છીએ. ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આ કિંમતોમાં થતા ફેરફારોને પ્રતિબિંબિત કરે છે. CPI માલ અને સેવાઓ માટે આપણે જે સરેરાશ કિંમત ચૂકવીએ છીએ તે માપે છે.

# FMCG કંપનીઓ પર ઈન્વર્ટેડ ડયુટીના કારણે મુશ્કેલીઓનો વધતો ભાર....

## જો આ વિસંગતતા ચાલુ રહેશે તો નફાકારકતામાં ઘટાડો થશે

**અમદાવાદ, તા.13**

તાજેતરના જીએસટી દરમાં તર્કસંગતતા, ઝડપી ગતિશીલ ગ્રાહક માલ (એફએમસીજી) કંપનીઓ માટે વૃદ્ધિના ચક્રને ઉત્તેજિત કરતી વખતે, ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રક્ચર (આઈડીએસ) ના રૂપમાં નવેસરથી માથાનો દુખાવો ઉભો કર્યો છે. આ મુદ્દો ત્યારે ઉદ્ભવે છે જ્યારે ઈનપુટ પર ટેક્સ આઉટપુટ અથવા ફિનિશ્ડ માલ કરતા વધારે હોય છે, જેના કારણે કાર્યકારી મૂડી સ્થગિત થઈ જાય છે અને નફો દબાણ હેઠળ રહે છે.

મોટાભાગના ખાદ્ય અને પીણા ઉત્પાદનો હવે ૫% જીએસટી સ્લેબ હેઠળ છે - જે પહેલા ૧૨% અથવા ૧૮% હતા. પરંતુ માર્કેટિંગ, જાહેરાત, લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને વિતરણ જેવી ઈનપુટ સેવાઓ પર કર ૧૮% રહે છે, જેમાં કોઈ ઓફસેટ ઉપલબ્ધ નથી. એફએમસીજી ક્ષેત્રના નિષ્ણાંતો ચેતવણી આપે છે કે જો આ વિસંગતતા ચાલુ રહેશે, તો તે આગામી મહિનાઓમાં નફાકારકતાને ઘટાડી શકે છે.

જીએસટી સુધારાઓ શરૂ થયા પછી કોઈ સેટ-ઓફ ઉપલબ્ધ ન



હોવાથી ઉલટાવેલા ડયુટી માળખા સમસ્યા ઊભી કરી રહ્યા છે. સુધારાઓ શરૂ થયા તે પહેલાં, ઈનપુટ અને આઉટપુટ ટેક્સની પ્રક્રિયા સરળ હતી. કંપનીઓને ઈનપુટ ટેક્સ ક્રેડિટ સામે રિફંડ મળતું હતું. હવે એવું નથી.

જીએસટી કાપ અને ઉત્પાદનો પર ઊંચા ગ્રામેજને કારણે એફએમસીજી કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં મહત્વાકાંક્ષી વૃદ્ધિ લક્ષ્યાંકો નક્કી કર્યા હોવાથી પરિસ્થિતિ ખાસ કરીને ગંભીર છે. કમોસમી વરસાદ અને જીએસટી સંક્રમણથી પ્રથમ ભાગમાં ઘટાડો થયા પછી, ઘણી કંપનીઓ સ્ટોર્સમાં વધુ ઈન્વેન્ટરી ધકેલવા, બ્રાન્ડ-બિલ્ડિંગ વધારવા અને Q૩ અને Q૪માં વેચાણ વધારવા માટે વિતરણને મજબૂત બનાવવાની યોજના ધરાવે છે.

## સેન્સેક્સ 300 પોઈન્ટ વધીને 84,800 પર ટ્રેડ થઈ રહ્યો છે

# નિફ્ટીમાં પણ 100 પોઈન્ટનો ઉછાળો, મેટલ અને રિયલ્ટી શેરોમાં તેજી, FMCG-IT ઘટ્યા

**મુંબઈ, તા.13**

અઠવાડિયાના ચોથા ટ્રેડિંગ દિવસે, 13 નવેમ્બરે, શરૂઆતના ઘટાડા પછી બજારમાં તેજી આવી. સેન્સેક્સ 300 પોઈન્ટ વધીને 84,800 પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 100 પોઈન્ટની તેજી છે. તે 25,980ની સપાટીએ છે. સેન્સેક્સના 30 માંથી 18 શેર ઘટ્યા હતા. ટાટા કોમર્શિયલ વ્હીકલ્સ (TMCV), ઝોમેટો અને ઈન્ફોસિસના શેર ઘટ્યા હતા. એશિયન પેઈન્ટ્સ, ટાટા સ્ટીલ અને બજાજ ફિનસર્વના શેર 3.3% સુધી વધ્યા હતા.

નિફ્ટીના 50 શેરોમાંથી 28 શેરોમાં ઘટાડો થયો હતો. NSEના મેટલ અને રિયલ્ટી સેક્ટરમાં 1%થી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. FMCG અને IT સેક્ટરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં, જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.059% વધીને 51,093 પર અને કોરિયાનો કોસ્પી 0.11% વધીને 4,154 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.66% ઘટીને 26,745 પર અને




ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.44% વધીને 4,017 પર કારોબાર કરી રહ્યો છે. 12 નવેમ્બરના રોજ, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.68% વધીને 48,255 પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ 0.26% ઘટ્યો. S&P 500 0.063% વધીને બંધ થયો.

DIIએ 12 નવેમ્બરના રોજ રૂ. 5,127 કરોડના શેર ખરીદ્યા

12 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ રોકડ સેગમેન્ટમાં 1,750.03 કરોડના શેર વેચ્યા હતા. આ દરમિયાન, સ્થાનિક રોકાણકારો (DIIs) એ 5,127.12 કરોડની નેટ ખરીદી કરી હતી. નવેમ્બરમાં અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારોએ 8,300.76 કરોડના શેર વેચ્યા છે, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન 29,798.79 કરોડની ચોનેટ ખરીદી કરી છે.

ઓક્ટોબરમાં વિદેશી રોકાણકારોએ 2,346.89 કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક રોકાણકારોએ આ દરમિયાન 52,794.02 કરોડની નેટખરીદી કરી હતી.

# ઓક્ટોબરમાં F&O ટર્નઓવર કેશ સેગમેન્ટની તુલનાએ 476 ગણું, બે વર્ષની ટોચે પહોંચી ગયું

## ઓક્ટોબર મહિનામાં કેશ સેગમેન્ટમાં ટર્નઓવર રૂ. 22.34 લાખ કરોડ જ્યારે એફએન્ડઓનું ટર્નઓવર 10,632 લાખ કરોડે આંબ્યુ

**અમદાવાદ, તા.13**

ભારતીય શેરબજારમાં સટ્ટાકીય પ્રવૃતિઓ અટકાવવા માટે માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા અનેક પગલાં લેવામાં આવી રહ્યાં છે. માર્જિનમાં વધારા બાદ લોટમાં વધારો, અમુક કોન્ટ્રાકટ દૂર કરવા, ટૂંકી એક્સપાયરીને તાળા, લાંબાગાળાની એક્સપાયરીના જ વાયદાને મંજૂરી સહિતના અનેક અંકુશાત્મક પગલાં છતા ભારતીય માર્કેટમાં વાયદા બજાર ગતિ દિવસે ને દિવસે વધતી જ જઈ રહી છે. તાજેતરના આંકડાઓ ફરી સેબીની ચિંતા વધારી શકે છે.

ઓક્ટોબરમાં કેશ સેગમેન્ટમાં ટર્નઓવર માસિક દ્રષ્ટિએ ૪ ટકા ઘટયું છે પરંતુ ફ્યુચર્સ અને ઓપ્શન્સ (એફએન્ડઓ) માર્કેટમાં એક્ટિવિટી વધી અને કેશ સેગમેન્ટની સાપેક્ષે ૪૭૬ ગણી થઈ છે. કેશ ટૂ એફ એન્ડ ઓ રેશિયો ૪૭૬ પર બે વર્ષમાં સૌથી વધુ છે. આ અગાઉ આ માસિક સરેરાશ ઓક્ટોબર, ૨૦૨૩માં હતી, ત્યારે




રેશિયો ૪૮૭.૩ ગણો હતો. એવરેજ મન્થલી પોઝીશન રોકાણકારો દ્વારા ઉભી કરવામાં આવેલી કુલ એફ એન્ડ ઓ પોઝીશનના કુલ મૂલ્યને પ્રતિબિંબિત કરે છે.

બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ડેરિવેટિવ્ઝ માર્કેટમાં સટ્ટાબાજીને રોકવા માટે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે છતા શેરબજારોમાં સટ્ટાબાજી સતત નવી ઊંચાઈએ પહોંચી રહી છે.

બંને એક્સચેન્જોના કુલ ડેટા અનુસાર, ઓક્ટોબર મહિનામાં કેશ સેગમેન્ટમાં ટર્નઓવર ૨૨.૩૪ લાખ કરોડ રૂપિયા હતું અને કામચલાઉ એફએન્ડઓ ટર્નઓવર ૧૦,૬૩૨ લાખ કરોડ રૂપિયા હતું. ઓક્ટોબરમાં વાયદા બજારની એક્ટિવિટી એક વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી, જ્યારે કેશ માર્કેટ ટર્નઓવર અગાઉના જુલાઈ, ૨૦૨૪ના રેકોર્ડ રૂ. ૩૨.૯૬ લાખ કરોડના સ્તરેથી ૩૨ ટકા ઓછું છે.

આ દરમિયાન, પ્રીમિયમની દ્રષ્ટિએ પણ ઓક્ટોબરમાં સરેરાશ દૈનિક ટર્નઓવર પાંચ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યું છે. આ રોકડ સેગમેન્ટના વોલ્યુમના ૨.૨ ગણું હતું.

ઓપ્શન ખરીદનાર પાસેથી ઓપ્શન પ્રીમિયમનું અગાઉથી કલેક્શન, એક્સપાયરી ડે પર કેલેન્ડર સ્પ્રેડ ટ્રીટમેન્ટ દૂર કરવા, પોઝિશન લિમિટનું ઈન્ટ્રા-ડે મોનિટરિંગ, ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ માટે કોન્ટ્રાક્ટ સાઈઝ, વીકલી ઈન્ડેક્સ ડેરિવેટિવ્ઝ પ્રોડક્ટ્સનું તર્કસંગતિકરણ અને ઓપ્શન્સ એક્સપાયરી ડે પર ટેલ રિસ્ક કવરેજમાં વધારો સહિતના અનેક પગલાંનો સમાવેશ થાય છે.

આ પગલાં કારગર નીવડયા હતા. ઈન્ડેક્સ ઓપ્શન્સ ટર્નઓવર વર્ષ-દર-વર્ષ ૯ ટકા (પ્રીમિયમની દ્રષ્ટિએ) અને ૨૯ ટકા (નોશનલ દ્રષ્ટિએ) ઘટયું હતું. જોકે બે વર્ષ પહેલાની સરખામણીમાં, ઈન્ડેક્સ ઓપ્શન્સ વોલ્યુમમાં ૧૪ ટકા (પ્રીમિયમ દ્રષ્ટિએ) અને ૪૨ ટકા (નોશનલ દ્રષ્ટિએ) વધારો થયો હતો.

ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં પ્રીમિયમ દ્રષ્ટિએ વ્યક્તિઓનું ટર્નઓવર વાર્ષિક ધોરણે ૧૧ ટકા અને બે વર્ષ પહેલાના સમાન સમયગાળામાં ૩૬ ટકા ઘટયું હતું અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ટ્રેડિંગ કરતા યુનિક વ્યક્તિગત રોકાણકારોની સંખ્યામાં ગત વર્ષની સરખામણીમાં ૨૦ ટકાનો ઘટાડો થયો હતો અને બે વર્ષ પહેલાની સરખામણીમાં ૨૪ ટકાનો વધારો થયો હતો.

સેબીએ અગાઉ એક રિપોર્ટમાં ઈક્વિટી ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં વ્યક્તિગત ટ્રેડરોના નફા અને નુકસાનના વિશ્લેષણમાં ઘટસ્ફોટ કર્યો હતો કે નાણાંકીય વર્ષ ૨૦૨૫માં લગભગ ૯૧ ટકા ઈન્ડિવિડ્યુઅલ ટ્રેડરોએ નેટ ખોટ સહન કરી હતી અને નાણાંકીય વર્ષ ૨૦૨૪માં પણ સમાન વલણ જોવા મળ્યું હતું.

# સોનું ₹2,211 વધીને ₹1.26 લાખને પાર થયું : ચાંદી ₹7,103 મોંઘી થઈને ₹1,63 લાખ પ્રતિ કિલો પહોંચી, આ વર્ષે સોનું ₹50,000 અને ચાંદી ₹78,000 મોંઘી થઈ

**નવી દિલ્હી, તા.13**

13 નવેમ્બરના રોજ સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, આજે સોનાનો ભાવ 2,211 વધીને 1,26,124 પ્રતિ 10 ગ્રામ થયો છે. ગઈકાલે, તેનો ભાવ 1,23,913 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,27,850 છે.

આ દરમિયાન, ચાંદીનો ભાવ 7,103 વધીને 1,63,808 પ્રતિ કિલોગ્રામ થયો. ગઈકાલે, તે 1,56,705 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનાનો ભાવ 1,30,874 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો હતો અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100 ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી. આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 49,962નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે



વધીને 1,26,124 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 77,791નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે વધીને 1,63,808 પ્રતિ કિલોગ્રામ થયો છે.

ટ્રાન્સપોર્ટેશન ખર્ચ: સોનું એક ફિઝિકલ વસ્તુ છે, તેથી એના પરિવહનમાં ખર્ચ થાય છે. મોટા ભાગની આયાત હવાઈ માર્ગે થાય છે. ત્યાર બાદ સોનાને આંતરિક ભાગમાં પહોંચાડવું પડે છે. પરિવહનખર્ચમાં ફ્યૂઅલ, સુરક્ષા, વાહનો અને સ્ટાફ ફીનો સમાવેશ થાય છે.

સોનાની ખરીદીનું પ્રમાણ: શહેર અને રાજ્ય પ્રમાણે સોનાની માગ બદલાય છે. ભારતના કુલ સોનાના વપરાશમાં દક્ષિણ ભારતનો હિસ્સો આશરે 40% છે. અહીં, વેચાણકર્તાઓ જથ્થાબંધ સોનું ખરીદે છે, જેના કારણે કિંમતો ઓછી થાય છે, જોકે ટાયર-2 શહેરોમાં કિંમતો વધુ હોય છે.

સ્થાનિક જ્વેલરી એસોસિયેશન: ઉદાહરણ તરીકે, તામિલનાડુમાં સોનાનો દર જ્વેલર્સ અને ડાયમંડ ટ્રેડર્સ એસોસિયેશન દ્વારા નક્કી કરવામાં આવે છે. એવી જ રીતે દેશભરમાં અન્ય ઘણાં સંગઠનો છે, જે ભાવ નક્કી કરે છે. સોનાની ખરીદી કિંમત: વિવિધ શહેરોમાં સોનાના ભાવને અસર કરતું આ સૌથી મોટું પરિબળ છે. જે ઝવેરીઓએ પોતાનો સ્ટોક ઓછી કિંમતે ખરીદ્યો છે તેઓ ઓછા દર વસૂલ કરી શકે છે.

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતાં નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

# રોકાણકારો ઓકટોબરમાં પુન: બજારમાં પ્રવેશ્યા : 30 લાખ ડીમેટ એકાઉન્ટ ખૂલ્યા

## સ્થિતિ સાનુકૂળ બનતા પ્રાઈમરી તથા સેકન્ડરી માર્કેટમાં આકર્ષણ

**મુંબઈ, તા.13**

દેશમાં ઈક્વિટીસના જાહેર ભરણાં સાથે પ્રાઈમરી માર્કેટમાં પ્રવૃત્તિમાં વધારો અને સેકન્ડરી બજાર ફરી ઊંચકાતા ડીમેટ ખાતા ખોલવામાં રોકાણકારોનો ધસારો શરૂ થયાનું જોવા મળી રહ્યું છે. ઓકટોબરમાં ૩૦ લાખ નવા ડીમેટ ખાતા ખોલાયાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે. વર્તમાન ૨૦૨૫ના વર્ષમાં ઓકટોબર બીજો એવો મહિનો છે જેમાં ડીમેટ ખાતાનો ઉમેરો ૩૦ લાખથી વધુનો થયો છે.

ઓકટોબરના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૨૧ કરોડ રહી હતી, જે ગયા વર્ષના ઓકટોબરના અંતની સરખામણીએ ૧૭.૪૦ ટકા વધુ છે. અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલ થવાની શકયતા અને ટેરિફ ઘટી જવાની ધારણાંએ ઓકટોબરમાં સેકન્ડરી બજાર ફરી ધમધમવા લાગ્યું છે. ગયા મહિને સેન્સેકસ તથા નિફટી




બન્ને ચાર ટકાથી વધુ વધ્યા હતા. નવા ભરણામાં વળતર મળી રહેવાની અપેક્ષાએ રિટેલ રોકાણકારો તેમાં નાણાં ઠાલવવા પ્રોત્સાહિત થઈ રહ્યા છે, જેને પરિણામે પણ ડીમેટ ખાતાની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં એકંદરે ૨.૧૮ કરોડ નવા ડીમેટ ખાતા ખોલવામાં આવ્યા છે જે ૨૦૨૪ના જાન્યુઆરી થી સપ્ટેમ્બરના નવ મહિનામાં ખોલાયેલા ૩.૬૧ કરોડની સરખામણીએ ૪૦ ટકા ઓછા છે.

વર્તમાન વર્ષમાં ભારતીય શેરબજારમાં ભારે વોલેટિલિટી જોવા મળી છે અને મિડકેપ તથા સ્મોલ કેપમાં મોટા કરેકશન જોવા મળ્યા હતા જેને પરિણામે રિટેલ રોકાણકારોનો શેરબજાર તરફનો રસ ઓસરી ગયાનું જોવા મળ્યું હતું. જો કે હવે સ્થિતિ ફરી બદલાઈ છે અને રોકાણકારો શેરબજાર તરફ વળવા લાગ્યા હોવાનું ઓકટોબરના ડીમેટ ખાતા પરથી કહી શકાય છે.

સપ્ટેમ્બરમાં ૨૪.૬૦ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા હતા જે મે બાદ સૌથી નીચા હતા. ઓગસ્ટમાં ૨૪.૯૦ લાખ અને જુલાઈમાં ૨૯.૮૦ લાખ નવા ખાતા ખોલાયા હતા. પ્રથમ નવ મહિનામાં માસિક સરેરાશ ૨૪.૨૦ લાખ નવા ખાતા ઉમેરાયા છે જે ગયા વર્ષે ૪૦ લાખ રહ્યા હતા એમ ડીપોઝિટરીના આંકડા પરથી કહી શકાય એમ છે. વર્તમાન વર્ષના પાછલા ત્રણ મહિનામાં જાહેર ભરણાંના સૂચિત ધસારાને ધ્યાનમાં રાખતા ડિસેમ્બર ત્રિમાસિકમાં ડીમેટ ખાતા ખોલાવવાની સંખ્યામાં વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# ફિઝિક્સ વાલા કિંગ ખાન કરતાં પણ અમીર : એક સમયે પિતાની નોકરી ગઈ, ઘર-સ્કૂટર બધું વેચવું પડ્યું

**મુંબઈ, તા.13**

આ કહાની એક એવા છોકરાની છે જે બાળપણમાં 'એવરેજ' વિદ્યાર્થી હતો. તેને ગણિતનો ડર હતો, તેના પરિવારની આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે તેના પિતાની નોકરી ગઈ, ઘર અને સ્કૂટર બધું વેચાઈ ગયું. તે છોકરાનું નામ અલખ પાંડે હતું. પણ આજે એ જ અલખ 'ફિઝિક્સ વાલા' તરીકે ઓળખાય છે. તે એક એડટેક યુનિકોર્નના સ્થાપક છે જેની સફર નવ વર્ષ પહેલાં યુટ્યૂબ ચેનલથી શરૂ થઈ હતી.

આજે, અલખની કંપનીનું મૂલ્ય લગભગ 30,000 કરોડ છે. તેમની પોતાની કુલ સંપત્તિ 14,510 કરોડ છે, જે શાહરૂખ ખાનની કુલ સંપત્તિ 12,490 કરોડ કરતા વધુ છે.

અલખની કંપનીએ હવે IPO લોન્ચ કર્યો છે. 11 નવેમ્બરના રોજ ખુલેલા IPOમાં બે દિવસમાં 13% સબસ્ક્રાઈબ થયા છે. આજે સબસ્ક્રાઈબ કરવાનો છેલ્લો દિવસ છે. ઈનક્રેડ: IPOને 'સબ્સ્ક્રાઈબ' કરવાની ભલામણ આપી છે.



ઈનક્રેડ નોંધે છે કે કંપની પાસે એક મજબૂત બ્રાન્ડ અને ડિજિટલ ઈકોસિસ્ટમમાંથી કમાણીની મજબૂત સંભાવના છે. જોકે, અલખ પાંડેની લોકપ્રિય છબી પર વધુ પડતી નિર્ભરતા અને શિક્ષકોની ઉચ્ચ નિવૃત્તિ જેવા કેટલાક જોખમો છે. SBI સિક્યોરિટીઝ: સાવચેતીભર્યું વલણ અપનાવ્યું અને IPOને 'ન્યૂટ્રલ' રેટિંગ આપ્યું. બ્રોકરેજ કંપનીએ જણાવ્યું હતું કે, 109ના ઉપલા પ્રાઈસ બેન્ડ પર ઈશ્યૂ પછીની મૂડીના આધારે EV/સેલ્સ મલ્ટિપલ 9.7x છે, જે વાજબી મૂલ્ય દેખાય છે. કંપનીએ આવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે, પરંતુ નફાકારકતા દબાણ હેઠળ રહે છે. રોકાણકારોએ લિસ્ટિંગ પછી કામગીરીનું નિરીક્ષણ કરવું જોઈએ અને પછી રોકાણનો નિર્ણય લેવો જોઈએ.

આનંદ રાઠી: ખરીદી કરવાની ભલામણ કરે છે. બ્રોકરેજ કંપનીએ ફિઝિક્સવાલાના હાઈબ્રિડ મોડેલની પ્રશંસા કરી, જે ડિજિટલ શિક્ષણની સ્કેલેબિલિટીને ભૌતિક કેન્દ્રોની પહોંચ સાથે જોડે છે. કંપનીનું મૂલ્ય FY25ના ભાવ-થી-વેચાણના 10.8x આંકવામાં આવ્યું છે. આ IPOની કિંમત સારી લાગે છે, પરંતુ લાંબા ગાળે તેમાં સારી વૃદ્ધિની સંભાવના છે કારણ કે તે બહુવિધ શિક્ષણ કેટેગરીઓ અને પ્રાદેશિક ભાષાઓમાં વિસ્તરણ કરી શકે છે.

**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

નં. ડબલ્યુ/૧૧૮/એન.આઈ.ટી./ઈ-ટેન્ડર/૨૦૨૫-૨૬/ડબલ્યુએ/૩૭ તારીખ : ૧૨.૧૧.૨૦૨૫

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૦૯-૨૦૨૫-૨૬ | ભાવનગર પરા ખાતે ૨૪ મહિના માટે DRM ઓફિસ રેલવે હોસ્પિટલ, ORH, મ્યુઝીયમ, SORH, ડિવિઝનલ ઓફિસર્સ બંગલો વગેરે માં ગાર્ડન લૉનનો વિકાસ અને જાળવણી. | ૭૪,૪૧,૪૨૫.૨૧ | ૧,૪૮,૮૦૦.૦૦ |
| ૦૨ | ૨૧૦-૨૦૨૫-૨૬ | ADEN-પોરબંદર સબ-ડિવિઝન :- સ્ટેશન, ગેંગ હટ્સ, ગેટ લોજીસ, લેવલ ક્રોસિંગ્સ, રેલવે કોલોનીઓ જેવા વિવિધ સ્થળો ખાતે બે વર્ષના સમયગાળા માટે કોન્ટ્રાક્ટરની પોતાની વ્યવસ્થા સહિત પીવાલાયક પાણીની જોગવાઈ. | ૨,૧૧,૯૫,૦૬૯.૯૨ | ૨,૫૬,૦૦૦.૦૦ |

ઉપરોક્ત બંને ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૨૦-૧૧-૨૦૨૫ અને બિડિંગ બંધ થવાની તારીખ: ૦૪-૧૨-૨૦૨૫ વેબસાઈટ વિગત: www.ireps.gov.in

BVP-190

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# રીવાબા અને CMએ પુરી જગન્નાથ મંદિરનો પ્રસાદ લીધો

## લક્ઝુરિયસ પેવેલિયનમાં દેશ-વિદેશ-ફાઈવ સ્ટાર હોટલની વાનગીઓ માણી શકાશે, અમદાવાદમાં ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ શરુ

**અમદાવાદ, તા.13**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે આજથી (13 નવેમ્બર) ભવ્ય ઈન્ટરનેશનલ ફૂડ ફેસ્ટિવલ 'ફૂડ ફોર થોટ ફેસ્ટ 2025'ની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સંયૂક્ત રીતે ઉદ્ઘાટન કર્યું. મુખ્યમંત્રી સહિતના નેતાઓ અને હાજર લોકોએ સ્વદેશી ચીજ-વસ્તુઓના ઉપયોગને લઈને સંકલ્પ લીધો હતો. બાદમાં રાજ્યના મુખ્યમંત્રીએ બુક ફેરના અલગ-અલગ સ્ટોલની મુલાકાત લીધી હતી. અમદાવાદ અને ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ 2030 માટે તૈયાર છે, જે ગૌરવપૂર્ણ બાબત હોવા અંગે મુખ્યમંત્રીએ બોર્ડમાં સહી પણ કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ફૂડ ફેસ્ટિવલ 2025નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જેમાં સ્પિરિચ્યુઅલ પેવેલિયનનો પણ પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પુરી જગન્નાથ મંદિરનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સાથે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્રપ્રધાન અને સિનિયર સહિતના મહાનુભાવો દ્વારા પણ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.





લક્ઝુરિયસ પેવેલિયન આખું એસી ડોમમાં ઊભું કરવામાં આવેલું છે. એસી ડોમમાં બેસીને લોકો ભોજનની મજા માણી શકશે. જેમાં લંચ અને ડિનરનો ભાવ 2500 રાખવામાં આવ્યો છે. જ્યારે મદ્રાસ કાફે ગ્વાલિયા સહિતના પણ અલગ અલગ સ્ટોલ લગાવવામાં આવેલા છે.

સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં મુખ્યમંત્રી સહિત જેટલા પણ લોકો અહીંયા ભોજન લેવા માટે આવ્યા હતા તેમને બહાર ચપ્પલ કાઢી ભોજન ગ્રહણ કરવા માટે કહેવામાં આવ્યું હતું. જેથી તમામ લોકોને આ જગ્યા પર ભોજન લેવા આવવું હોય તો ચપ્પલ બહાર કાઢીને જ ભોજન લેવા સૂચના આપવામાં આવી છે. આમ સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં જે કોઈને ભગવાન જગન્નાથનો મહાપ્રસાદ લેવો હોય તેણે ચપ્પલ બહાર કાઢવા ફરજિયાત છે.

સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત ફૂડ ફેસ્ટિવલમાં જગન્નાથપુરીના મહાપ્રસાદ રાજ્યકક્ષાના રીવાબા જાડેજા, રાજ્યના શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલા તેમજ ધારાસભ્યો અને મેયર સહિતના લોકો દ્વારા મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના કોર્પોરેટરો એ ભગવાન જગન્નાથના મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. ભાજપની તમામ મહિલા કોર્પોરેટરો દ્વારા ભોજનનો આનંદ માણ્યો હતો. સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન હિતેશ બારોટ, ભાજપના મહામંત્રી પરેશ લાખાણી, કમિટીના ચેરમેન જયેશ ત્રિવેદી, હાઉસિંગ કમિટીના ચેરમેન મુકેશ પટેલ સહિતના ચેરમેનો દ્વારા પણ ભોજન ગ્રહણ કરવામાં આવ્યું હતું


13થી 16 નવેમ્બર સુધી ચાલનારા આ ચાર દિવસીય મહાજલસામાં Taj Soulinaireની 2500ની લક્ઝરી લંચ, પુરી જગન્નાથ મંદિરના 2100ના મહાપ્રસાદ, મિશેલિન સ્ટાર શેફની શાકાહારી વાનગીઓ, નેપાળ-સ્પેન-નેધરલેન્ડના શેફના લાઈવ ડેમો, રણવીર બ્રાર-વિક્કી રત્નાની જેવા સેલિબ્રિટી શેફ્સની હાજરી અને પ્રથમવાર લાઈવ કોફી રોસ્ટિંગ પેવેલિયન સાથે અમદાવાદીઓને વૈશ્વિક સ્વાદનો અનોખો અનુભવ મળશે. BookMyShow પર ટિકિટ બુક કરાવીને તમે અહીં જઈ શકશો. સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનાર ફૂડ ફેસ્ટિવલમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી ફી રાખવામાં આવી નથી. ફૂડ ફેસ્ટિવલમાં જે ફૂડ પેવેલિયન અને સ્ટોલ રાખવામાં આવ્યા છે તેમાં મળતી ખાવા-પીવાની વસ્તુઓનો ચાર્જ ચૂકવીને ભોજનનો આનંદ લોકો માણી શકશે. ઓનલાઈન વેબસાઈટ બુક માય શો ઉપર ટિકિટ બુકિંગ કરાવી શકાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ ફેસ્ટિવલના મેનુ અને પ્રોગ્રામની માહિતી માટે QR કોર્ડ જાહેર કર્યો છે જે સ્કેન કરવાથી ફૂડનું મેનું અને ભાવ મળી રહશે.

ફૂડ ફેસ્ટિવલમાં સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં પુરીના જગન્નાથ મંદિરમાં આપવામાં આવતો 'ભોગ પ્રસાદ' પીરસવામાં આવે છે. જે મૂળ મંદિરના બ્રાહ્મણ રસોઈયાઓ દ્વારા જ બનાવવામાં આવે છે. અમદાવાદીઓને પુરી મંદિર જેવી જ પવિત્રતા, પરંપરા અને સ્વાદ માણવા મળી રહ્યો છે. આ ફેસ્ટિવલમાં ભગવાન શ્રી કૃષ્ણનાં જીવનપ્રસંગો પર આધારિત 'લીલા' નામનું વિશેષ નૃત્ય પ્રદર્શન પણ રજૂ થશે. જેમાં પુરીના દૈતાપતિ કુટુંબના વરિષ્ઠ પુત્રની ઉપસ્થિતિમાં આ પૌરાણ કરે પરંપરાગત કાર્યક્રમ યોજાશે. સ્પિરિચ્યુઅલ પેવેલિયનમાં 2,100 રૂપિયાનું ડિનર રહેશે, જ્યારે 13 નવેમ્બરના રોજ લંચ 1,600 રૂપિયાનું રહેશે.

ફેસ્ટિવલમાં આ વર્ષે પ્રથમ વખત રજૂ થતો 'કોફી પેવિલિયન' વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. અહીં કોફીના છોડથી લઈને કાચા બીન્સ, તેમની કાપણી, રોસ્ટિંગ અને બ્રૂઈંગ સુધીની સમગ્ર પ્રોસેસ લાઈવ રજૂ કરાશે. અરાબિકા અને રોબસ્ટા વચ્ચેના તફાવતો, તેમની સુગંધ અને સ્વાદ કેવી રીતે બદલાય છે તેની સમજ આપશે. મુલાકાતીઓને ફ્રેશ તૈયાર કોફીનો સ્વાદ માણવાની તક સાથે રોસ્ટિંગ અને બ્રૂઈંગ ટેક્નિક્સ અંગે જાણકારી મળશે. આ વર્ષે બે પ્રતિષ્ઠિત એવોર્ડ ફંક્શન યોજાશે. જેમાં 'હોસ્પિટાલિટી હોપ એવોર્ડ' જે સ્થાનિક રેસ્ટોરાંને તેમની ગુણવત્તા અને પરંપરાના સંવર્ધન માટે આપવામાં આવશે. તે 14 નવેમ્બરે શેફ રણવીર બ્રાર દ્વારા આપવામાં આવશે. જ્યારે 'SAAG-AMC Award' 16 નવેમ્બરે લેજેન્ડરી શેફ મંજિત ગિલ દ્વારા આપવામાં આવશે. જે લક્ઝરી ફૂડ કોર્ટમાં ભાગ લેનારી હોટેલ્સને ઈનોવેશન અને ગુણવત્તા માટે પ્રોત્સાહિત કરશે.

## અમદાવાદમાં ભરબપોરે રૂ.18 લાખની સનસનીખેજ લૂંટ, પૂર્વ-આયોજિત કાવતરું હોવાનું અનુમાન

**અમદાવાદ, તા.13**




અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા વંદે માતરમ પાર્ટી પ્લોટ પાસે બુધવારે બપોરે એક સનસનાટીભરી લૂંટનો બનાવ બન્યો છે. સ્ટીલ-લોખંડના બ્રોકર પાસેથી અજાણ્યા શખ્સો રૂ.18 લાખ રોકડા લૂંટીને ફરાર થઈ ગયા હતા. ધોળે-દહાડે બનેલી આ ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ ઘટના પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર પાસે બની હતી. ફરિયાદી સ્ટીલ-લોખંડની દલાલીનો ધંધો કરે છે, તેઓ સીજી રોડ પરથી પોતાના ધંધાના નાણાંની ઉઘરાણી કરીને પરત ફરી રહ્યા હતા. તેમણે આ રોકડ રકમ પોતાની કારની ડિકીમાં મૂકી હતી. જ્યારે તેઓ વંદે માતરમ વિસ્તારમાં પહોંચ્યા, ત્યારે એક બાઈકસવારે તેમની કારને આંતરી હતી અને તેમની સાથે તકરાર શરૂ કરી હતી. આ ઝઘડા દરમિયાન, બાઈકસવારે કથિત રીતે કારની ચાવી ઝૂંટવી લીધી અને તેને રસ્તા પર આગળ ફેંકી દીધી. ફરિયાદી ચાવી લેવા માટે જેવા કારમાંથી બહાર નીકળ્યા, તે જ સમયે બીજી મોટરસાયકલ પર બે વધુ સાગરીતો ત્યાં પહોંચી ગયા હતા. આ શખ્સોએ કારની ડિકીની અંદર રાખેલી રોકડ ભરેલી બેગ લઈને પળભરમાં ફરાર થઈ ગયા. વેપારીએ તાત્કાલિક શાહેરકોટડા પોલીસ સ્ટેશને દોડી જઈ સમગ્ર ઘટનાની ફરિયાદ નોંધાવી હતી. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, લૂંટારુઓ વેપારીની હિલચાલ પર નજર રાખી રહ્યા હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ લાગે છે, આ લૂંટ પૂર્વ-આયોજિત હતી. ઘટનાની ગંભીરતા જોતાં ઝોન-3ના ડીસીપી, એસીપી અને શાહેરકોટડા પીઆઈ સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું છે. શહેરમાં નાકાબંધી કરવામાં આવી છે અને આરોપીઓને પકડવા માટે આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સ વધારી દેવામાં આવ્યું છે. આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે અને ટેકનિકલ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે આરોપીઓને ઓળખવા માટે અનેક ટીમો કામ કરી રહી છે. પોલીસ સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, આ મોડસ ઓપરેન્ડી જોતાં આમાં કોઈ ગેંગનો હાથ હોઈ શકે છે, જેની પાસે રોકડ વ્યવહારની અગાઉથી બાતમી હતી.

## 'તાંત્રિક વિધિ કરાવવા પતિ અને સાસરિયાંએ કપડાં ઉતારી માર માર્યો..', પરીણિતાએ કરી પોલીસ ફરિયાદ

**અમદાવાદ, તા.13**

અમદાવાદમાં પરીણિતાએ તેના પતિ અને સાસરિયાં પક્ષના સભ્યો દ્વારા લાંબા સમયથી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હોવાની ગંભીર ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. પોલીસે આ મામલે FIR નોંધી તપાસ શરૂ કરી છે. સત્તાવાર રેકોર્ડ મુજબ 12 નવેમ્બરના રોજ આ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વેજલપુરમાં રહેતી મહેક સોનીએ તેના પતિ અધિયત કંડારિયાભાઈ સોની અને તેના પરિવાર પર લગ્નની શરૂઆતથી જ વારંવાર અપમાન, મારઝૂડ અને ધમકીઓ આપવાનો આરોપ મૂક્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ મહેકનું કહેવું છે કે તેની સાથે આ ખરાબ વર્તન 18 ફેબ્રુઆરી 2024 પછી શરૂ થયું હતું અને ત્યારબાદ ધીમે ધીમે ચાલુ રહ્યું હતું.



ફરિયાદમાં જણાવ્યા મુજબ જ્યારે મહેક તેના સાસરે રહેવા ગઈ, ત્યારે તેની નણંદ (અદિતિ) દ્વારા તેને વારંવાર અપમાનિત કરવામાં આવતી અને ઘરના કામકાજ કરવા દેવામાં આવતા ન હતા. જ્યારે મહેકે તેનો વિરોધ કર્યો, ત્યારે તેના પતિએ પરિવારનો પક્ષ લીધો અને તેની સાથે કથિત રીતે મારઝૂડ કરી. તેણીએ વધુમાં આરોપ લગાવ્યો કે સંબંધીઓએ તે પરિવારની સભ્ય નથી એવા મેણાં-ટોણાં માર્યા અને બાદમાં છૂટાછેડા લેવા માટે દબાણ કર્યું. એફઆઈઆરમાં ઉદયપુરના પ્રવાસ બાદ અમદાવાદ પરત ફર્યા પછી બનેલી વધુ ગંભીર ઘટનાઓનો પણ ઉલ્લેખ છે. મહેકે આરોપ લગાવ્યો કે ઘણી વખત તેની સંમતિ વિના તેને તાંત્રિક વિધિમાં બેસવા માટે મજબૂર કરવામાં આવી હતી. તેને તેના માતા-પિતા સાથે ફોન પર વાત કરવા દેવામાં આવતી ન હતી. પરિવારના સભ્યોએ તેને ધમકી આપી, માર માર્યો અને કપડાં ઉતારીને તેને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તે મુંબઈ તીર્થયાત્રા પર ગઈ હતી, ત્યારે પણ તેના ફોન દ્વારા તેની જાસૂસી કરવામાં આવી રહી હતી.

પરિણીતાએ પોલીસને જણાવ્યું કે, 'આજ સુધી અમારું સમાધાન થયું નથી.' તેણે પોતાની સુરક્ષા માટે ભય વ્યક્ત કર્યો છે અને તેના પતિ અધિયત, સાસુ ચેતનાબેન અને નણંદ અદિતિ વિરુદ્ધ કાયદેસરની તપાસની માંગ કરી છે. મહિલા પોલીસ સ્ટેશનના અધિકારીએ પુષ્ટિ કરી છે કે આ કેસની તપાસ ચાલી રહી છે, પરંતુ મામલો સંવેદનશીલ હોવાથી વધુ વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો.

## ઈન્સ્ટાગ્રામ પર કાચબાની તસ્કરી!: અમદાવાદમાં ઝડપાયું આંતરરાજ્ય રેકેટ, કુરિયરથી ડિલિવરી અને UPIથી પેમેન્ટ

**અમદાવાદ, તા.13**

અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) અને વન વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને 'ઈન્ડિયન સ્ટાર ટૉર્ટોઈઝ'ના ગેરકાયદે વેપાર કરતા એક આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં ગુજરાત અને રાજસ્થાનના ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને 10 જીવતા કાચબાને બચાવી લેવાયા છે. ઈન્ડિયન સ્ટાર ટૉર્ટોઈઝ એ વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, 1972ની અનુસૂચિ I હેઠળ અત્યંત સુરક્ષિત પ્રજાતિ છે, જેનો વેપાર કરવો ગંભીર ગુનો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, SOGને ચોક્કસ બાતમી મળી હતી કે ઈન્સ્ટાગ્રામ પર Ahmedabad dog lovers નામના એકાઉન્ટ દ્વારા આ પ્રતિબંધિત કાચબાનું ગેરકાયદેસર રીતે વેચાણ કરવામાં આવી રહ્યું છે.



આ માહિતીના આધારે, અમદાવાદ ગ્રામ્ય એસ.પી અને ડેપ્યુટી કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટની દેખરેખ હેઠળ એક સંકલિત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસ અને વન વિભાગની ટીમે ટેકનિકલ સર્વેલન્સના આધારે દરોડા પાડ્યા હતા અને ચારેય આરોપીઓને પકડી પાડ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ સોશિયલ મીડિયાનો ઉપયોગ ખરીદદારો સુધી પહોંચવા માટે કરતી હતી. અને UPI આધારિત ડિજિટલ વ્યવહારો દ્વારા નાણા સ્વીકારતા હતા. આ ગેંગે અત્યાર સુધીમાં રાજસ્થાન અને ગુજરાતમાં 50થી વધુ કાચબાઓનો વેપાર કર્યો હોવાનો અંદાજ છે.

આરોપી મુકેશ દિલીપભાઈ સોની રાજસ્થાનના જયપુરનો રહેવાસી છે. જે મુખ્ય સંચાલક છે અને તે જ ઈન્સ્ટાગ્રામ પેજ ચલાવતો અને ઑનલાઈન ઑર્ડર લેતો હતો. જ્યારે રાજસ્થાનના અજમેરનો શુભમ સુનિલ નોટવાણી વચેટિયા તરીકે કામ કરતો હતો અને ઑર્ડર ફોરવર્ડ કરતો હતો. રાજસ્થાનના પાલીનો યશવંતસિંહ રાજેન્દ્રસિંહ ચૌહાણ નામનો આરોપી અમદાવાદમાં સપ્લાયર્સ સાથે સંકલન કરતો હતો. અને અમદાવાદના બહેરામપુરાનો સંકેત મહેશભાઈ સોનવાણે સ્થાનિક પોર્ટર્સ/એપ આધારિત કુરિયર દ્વારા ડિલિવરી સંભાળતો

ડેપ્યુટી કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ, ડૉ. મીનલ જાનીએ જણાવ્યું કે, વન વિભાગે નકલી ગ્રાહક મોકલી છટકું ગોઠવ્યું હતું, જે દરમિયાન આરોપીઓએ અન્ડરકવર ટીમને 10 જીવંત કાચબા પહોંચાડ્યા હતા. ડૉ. જાનીએ સ્પષ્ટતા કરી કે, ઈન્ડિયન સ્ટાર ટૉર્ટોઈઝનો વેપાર, જાળવણી કે પરિવહન એક સજાપાત્ર ગુનો છે, જેમાં સાત વર્ષ સુધીની કેદ અને રૂ. 25,000નો દંડ થઈ શકે છે. એસ.પી. ઓમ પ્રકાશ જાટે જણાવ્યું કે આરોપીઓ ખરીદદારો સુધી પહોંચવા માટે સોશિયલ મીડિયાનો અને વન્યજીવની હેરફેર છુપાવવા માટે એપ-આધારિત કુરિયર સેવાઓનો ઉપયોગ કરતા હતા.

અધિકારીઓના અંદાજ મુજબ, ગેરકાયદેસર વન્યજીવ બજારમાં ઈન્ડિયન સ્ટાર ટૉર્ટોઈઝની કિંમત રૂ. 50,000 થી રૂ. 1 લાખ સુધીની હોય છે. આ પ્રજાતિનો વેપાર મુખ્યત્વે પાલતુ પ્રાણી તરીકે, ધાર્મિક વિધિઓમાં ઉપયોગ માટે, અને દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં નિકાસ કરવા માટે થાય છે, જ્યાં તેને શુભ માનવામાં આવે છે. તંત્ર દ્વારા જપ્ત કરાયેલા કાચબાઓના મૂળ સ્ત્રોત અને નેટવર્કના અન્ય સભ્યોને ઓળખવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

## ઝાડ કાપવાના બહાને નવરંગપુરાના બંગલામાં ચોરી કરનાર ગેંગનો પર્દાફાશ, સગીર સહિત ત્રણ ઝડપાયા

**અમદાવાદ, તા.13**

અમદાવાદમાં દિવસેને દિવસે વધી રહેલા ચોરીના બનાવો વચ્ચે અમદાવાદ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. ઝોન-1 લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને નવરંગપુરા પોલીસની સર્વેલન્સ ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ઝાડ કાપવાના બહાને ઘરોની રેકી કરી ચોરી કરતી ગેંગના ત્રણ સભ્યોને દબોચી લીધા છે. પકડાયેલા આરોપીઓમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. આ ગેંગે નવરંગપુરાના એક બંગલામાંથી રૂ.11 લાખથી વધુની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના 24 ઓક્ટોબરના રોજ નવરંગપુરા વિસ્તારમાં આવેલી કમલા સોસાયટી ખાતે બની હતી. ફરિયાદીના બંગલામાં સવારે 10 થી સાંજના 4.30 વાગ્યાની વચ્ચે જ્યારે પરિવાર બહાર હતો, ત્યારે આરોપીઓએ છતનો લાકડાનો દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને તિજોરીમાંથી દાગીના અને રોકડ રકમ લઈ ફરાર થઈ ગયા હતા. આ મામલે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા LCB અને નવરંગપુરા પોલીસે



અલગ-અલગ ટીમો તપાસ બનાવી તપાસ શરૂ કરવામાં આવી હતી.

પોલીસ ટીમોએ ઘટનાસ્થળની આસપાસના લગભગ 200 જેટલા CCTV કેમેરાના ફૂટેજ ઝીણવટપૂર્વક તપાસ્યા હતા. આ ફૂટેજમાં ઘટનાના સમય દરમિયાન બંગલાની નજીક કેટલાક શંકાસ્પદ ચહેરાઓ કેમેરામાં કેદ થયા હતા. ટેકનિકલ લીડ્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી, પોલીસે આરોપીઓને પીરાણા ક્રોસરોડ પાસેના ગણેશનગર વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા.

પકડાયેલા આરોપીઓની ઓળખ પરેશ ઉર્ફે ગગુ સુરેશભાઈ દંતાણી (21 વર્ષ) અને શૈલેષ ઉર્ફે કિશન કનુભાઈ રાવત (28 વર્ષ), બંને ગણેશનગરના રહેવાસી, તરીકે થઈ છે, જ્યારે ત્રીજો સભ્ય કાયદાના સંઘર્ષમાં આવેલો સગીર છે.

પોલીસે તેમની પાસેથી રૂ.9.57 લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના, રૂ.1.18 લાખ રોકડા અને રૂ.25,000 ની કિંમતની ઓટોરિક્ષા સહિત કુલ રૂ.11.01 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે પરેશ અને શૈલેષ બંને રીઢા ગુનેગાર છે. પરેશ સામે અગાઉ વટવા પોલીસ સ્ટેશનમાં, જ્યારે શૈલેષ સામે 2018 માં નારોલ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, 'આ ગેંગ ઝાડ કાપનાર તરીકે ઓળખ આપીને સોસાયટીઓમાં ફરતી હતી. તેઓ બંધ મકાનોની રેકી કરતા અને ખાતરી કરતા કે ઘરમાં કોઈ હાજર નથી. ત્યારબાદ દિવસના સમયે જ તેઓ ઓજારો વડે છત કે દરવાજા તોડી ઘરમાં પ્રવેશતા અને ચોરીને અંજામ આપતા.' પોલીસ હાલ આ ગેંગ શહેરની અન્ય વણઉકેલાયેલી ચોરીઓમાં સંડોવાયેલી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ કરી રહી છે.







ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599